વર્ષ : 4 અંક : 03

1-15 ઓગસ્ટ, 2023 (નિ:શુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



# મંથનથી નીકળ્યું અમૃત...

આઝાદીનો અમૃત મહોત્સવ 140 કરોડ લોકોની જન-ભાગીદારી દ્વારા બન્યો નવા ભારતના પાયાનો અવિસ્મરણીય કાળખંડ. જ્યાં બે વર્ષ કરતાં વધુ સમયના મંથન પછી વિકાસનું અમૃત નીકળ્યું છે પરંતુ દેશનો મુકામ આ નથી, આ તો માત્ર માર્ગ છે, એક નવા ભારતની શરૂઆત છે...

**વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ - 14 ઓગસ્ટ 2023**

# દેશવાસીઓના સંઘર્ષ અને બલિદાનને વંદન

ભારતના ભાગલા એ અભૂતપૂર્વ માનવ વિસ્થાપન અને મજબૂરીમાં સ્થળાંતરની પીડાદાયક ગાથા છે. એક જીવનશૈલી અને વર્ષો જૂના સહઅસ્તિત્વના યુગનો કેવી રીતે અચાનક અને નાટકીય રીતે અંત આવ્યો. 1947માં નોંધાયેલા ભારતીય ઈતિહાસના આ અમાનવીય ઘટનાક્રમમાં લગભગ 2 કરોડ લોકો અસરગ્રસ્ત બન્યા હતા. વિસ્થાપિત થઈ રહેલા લોકોનો કાફલો 10 થી 27 માઈલ સુધી લાંબો હતો. વરસાદ, ભૂખ અને રમખાણો વચ્ચે વિસ્થાપિત લોકોએ પણ જીવ ગુમાવ્યા પડ્યા હતા. જીવન માટે સંઘર્ષ અને અનિશ્ચિતતાઓના બોજના દશ્યો જોઈને આંસુ પણ લોહીના થઈ ગયા, જેને ક્યારેય ભૂલી શકાય તેમ નથી. આ દર્દ અને વેદના વર્તમાન અને ભાવિ પેઢીને યાદ રહે તે માટે, 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' જાહેર કરવામાં આવ્યો છે...


- 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' આપણને ભેદભાવ, વૈમનસ્ય અને ખરાબ લાગણીના ઝેરને દૂર કરવાની પ્રેરણા આપે છે. સાથે જ, તે એકતા, સામાજિક સમરસતા અને માનવીય સંવેદનાઓને પણ મજબૂત બનાવે છે.
- 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' દેશની યુવા પેઢીને ભાગલા દરમિયાન લોકોએ સહન કરેલી યાતનાઓ અને પીડાની યાદ અપાવે છે. તે દેશવાસીઓને દેશમાં હંમેશા શાંતિ અને સૌહાર્દ જાળવી રાખવા માટે પણ પ્રેરિત કરે છે.



"

દેશના ભાગલાનું દર્દ ક્યારેય ભૂલી શકાય તેમ નથી. નફરત અને હિંસાને કારણે આપણા લાખો ભાઈ-બહેનોએ સ્થળાંતરણ કરવું પડ્યું હતું અને પોતાના જીવ પણ ગુમાવવા પડ્યા હતા. એ લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં, 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે મનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ 4, અંકઃ 03 | 1-15 ઓગસ્ટ, 2023



**મુખ્ય સંપાદક**
**રાજેશ મલ્હોત્રા**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષ કુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**પવન કુમાર**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમિત કુમાર (અંગ્રેજી)**
**જય પ્રકાશ ગુપ્તા (અંગ્રેજી)**
**નદીમ અહેમદ (ઉર્દૂ)**
**પૌલમી રક્ષિત (બંગાળી)**

સિનિયર ડિઝાઈનર
**ફુલચંદ તિવારી**
**રાજીવ ભાર્ગવ**

ડિઝાઈનર
**અભય ગુપ્તા**
**ફિરોઝ અહેમદ**





13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરોઃ

https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ- @NISPIBIndia**

## અંદરના પાને...

## અમૃત મહોત્સવથી અમૃતકાળ તરફ સ્વર્ણિમ પથ પર નવું ભારત



**કવર સ્ટોરી**

આઝાદીની 75મી વર્ષગાંઠને ઉત્સવનું રૂપ આપીને નવા ભારતના સંકલ્પને સાકાર કરવા માટે બે વર્ષથી વધુ સમય સુધી ચાલેલો અમૃત મહોત્સવ નવા ભારતના પાયાનો અવિસ્મરણીય કાળખંડ છે, જે વિકસિત અને નવા ભારતનો આધારસ્તંભ બન્યો છે... | 16-33

### અમૃત મહોત્સવઃ સંકલ્પથી સિદ્ધિનો સમય



સમાપન અંકમાં જણાવી રહ્યાં છીએ ત્રૈલોક્યનાથ ચક્રવર્તી, પ્રેમકૃષ્ણ ખન્ના અને સૈયદ અહમદુલ્લા કાદરીની ગાથા | 34-37

### જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ નવી સવારનાં 4 વર્ષ



ચાર વર્ષ પહેલાં 5 ઓગસ્ટના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાંથી કલમ 370નો અમલ દૂર કર્યો હતો. | 8-15


સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ - વરાહગિરી વેંકટ ગિરી
શ્રમ અધિકારોના સમર્થનમાં અવાજ ઉઠાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું | 6

ગીતા પ્રેસઃ ભારતનો ગૌરવપૂર્ણ સાંસ્કૃતિક વારસો
વિશ્વનું એકમાત્ર એવું પ્રિન્ટિંગ પ્રેસ જે સંસ્થા નહીં પરંતુ એક જીવંત આસ્થા છે | 7

બહેતર માર્ગ કનેક્ટિવિટીથી રાજસ્થાનને ગતિ મળી રહી છે
રાજસ્થાન : 11 રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ | 38-39

વિકાસના પંથે સતત આગળ વધી રહ્યું છે નવું ભારત
પ્રધાનમંત્રી મોદીએ બે દિવસમાં ચાર રાજ્યોની મુલાકાત લીધી અને ભેટો આપી | 40-43

અમૃતકાળનું મુખ્ય મિશન, રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી
કેન્દ્ર સરકારે વર્ષ 2047 સુધીમાં દેશમાંથી આ બીમારી નાબૂદ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું | 44-45

આતંકવાદ મામલે બેવડાં ધોરણો નહીં ચાલે
શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)માં પ્રધાનમંત્રી મોદીનું સંબોધન | 46-47

દેશના આર્થિક પ્રવાહને સશક્ત બનાવતી સહકારિતા
સહકારિતામાં દરેક પરિવારની સમૃદ્ધિથી દેશ સમૃદ્ધ બની રહ્યો છે | 48-49

ભારતની અંતરિક્ષ યાત્રાનો નવો અધ્યાય ચંદ્રયાન-3
ચંદ્રયાન-3 દુનિયાના પહેલા મિશનનો ઈતિહાસ રચવા માટે તૈયાર | 50-51

અનેક મંત્રીસ્તરીય ભલામણો ફાઈનલ, સંયુક્ત ઘોષણાઓનું મહામંથન
G-20 નેતાઓના શિખર સંમેલનની ઘોષણાઓ અને તેની ભાષા પર ચર્ચા | 52-57

ફ્રાન્સમાં ભારતની આન, બાન અને શાન જોવા મળ્યા
પીએમ મોદીના ફ્રાન્સ અને UAEના ત્રણ દિવસીય પ્રવાસમાં અનેક સમજૂતી થઈ | 58-60



પ્રકાશક અને મુદ્રક - મનીષ દેસાઈ, મુખ્ય મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો મુદ્રણઃ ઈન્ફિનિટી એડવર્ટાઈઝિંગ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, FBD વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, NH-1, ફરીદાબાદ- 121003 | પત્રવ્યવહાર અને ઈમેઈલ એડ્રેસઃ રૂમ નં - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 | ઈ-મેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે

## અમૃત મહોત્સવઃ રાષ્ટ્રની વિકાસ યાત્રાનો અવિસ્મરણીય કાળખંડ

સાદર નમસ્કાર,

આ સ્વતંત્રતા દિવસના અવસર પર જ્યારે લાલ કિલ્લા પરથી આન-બાન-શાન સાથે તિરંગો ફરકાવવામાં આવશે, ત્યારે તે માત્ર વાર્ષિક ઉત્સવ નહીં હોય, પરંતુ તે ઈતિહાસમાંથી શીખીને વર્તમાનને પોતાનામાં સમાવીને એક નવી યાત્રા તરફ પ્રસ્થાન હશે. તે ઐતિહાસિક પણ હશે કારણ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 10મી વખત ધ્વજ ફરકાવશે.

આઝાદીનું આ પર્વ વિશેષ રહેવાનું એક કારણ એ પણ છે કે, આઝાદીની 75મી વર્ષગાંઠને ઉત્સવનું રૂપ આપીને નવા ભારતના સંકલ્પને સાકાર કરવા માટે શરૂ થયેલો બે વર્ષનો અમૃત મહોત્સવ નવા ભારતના પાયાનો અવિસ્મરણીય સમયગાળો બની ગયો છે. વિકસિત ભારતના વિરાટ લક્ષ્ય સાથે આગળ વધીને નવા ભારતના આધારસ્તંભ તૈયાર કરનારા અમૃત મહોત્સવે વિકાસનો માર્ગ બનાવ્યો છે અને 2047ના લક્ષ્ય તરફ એક પગલું ભર્યું છે.

આઝાદીનો અમૃત મહોત્સવ જનભાગીદારી એટલે કે 'સબકા પ્રયાસ' આ ઉત્સવની મૂળ ભાવના રહી છે. હવે પ્રધાનમંત્રીએ અમૃતકાળને કર્તવ્યકાળ નામ આપ્યું છે, તેથી તેમાં ભવિષ્યના સંકલ્પો પણ છે તેમજ વિકાસ અને વારસો પણ છે.

જન-ઉત્સવ અને વિકસિત ભારતની આધારશિલા બની ગયેલા અમૃત મહોત્સવના આખા કાળખંડની યાત્રાએ કેવી રીતે વિકાસને નવી દિશા આપી છે અને રાષ્ટ્રની દરેક વ્યક્તિ સંકલ્પબદ્ધ બની છે, એ જ આ વખતની કવર સ્ટોરી છે. આ મહામંથનથી રાષ્ટ્રને વિકાસનું એવું અમૃત મળ્યું છે, જે નવા સંકલ્પો સાથે નવી ઉર્જાથી ભરેલું છે અને સિદ્ધિનો માર્ગ મોકળો કરી રહ્યું છે.

આ ઉપરાંત, એક ભારત-શ્રેષ્ઠ ભારતની દિશામાં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370નો અમલ નાબૂદ કર્યા પછીના ચાર વર્ષમાં વિકાસની સફર, વિભાજન વિભીષિકા દિવસ વિશેષ સામગ્રી, વ્યક્તિત્વની શ્રેણીમાં ભારત રત્નથી સન્માનિત ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ વીવી ગિરીની વાત સમાવવામાં આવી છે. G-20 સંબંધિત કાર્યક્રમો, પ્રધાનમંત્રીની ફ્રાન્સ અને સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત, ચાર રાજ્યોને મળેલી વિકાસની ભેટો, આઝાદીના અમૃત મહોત્સવ શ્રેણીમાં મહાન નાયકોની પ્રેરણાદાયી ગાથા આ અંકમાં સામેલ છે.

તા.ક.: આઝાદીના પાયા પર ઉભી થયેલી આ ભવ્ય ઈમારત, રાષ્ટ્રનું મુકામ નથી, આ તો માત્ર માર્ગ છે, એક નવા ભારતની શરૂઆત છે. આવો સ્વતંત્રતા, એકતા, વિકાસ અને લોકશાહીના અમૃત ઉત્સવમાં લેવામાં આવેલા સંકલ્પો સાથે આગળ વધીએ.

આપના સૂચનો અમને મોકલતા રહો.

(રાજેશ મલ્હોત્રા)

હિંદી, અંગ્રેજી તેમજ અન્ય 11 ભાષામાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ ડાઉનલોડ કરો.
https://newindiasamachar.pib.gov.in/news.aspx

# આપની વાત...




### ન્યૂ ઈન્ડિયા સમાચારનું કવર પેજ ખૂબ જ આકર્ષક લાગ્યું

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 1 થી 15 જુલાઈ 2023નો અંક વાંચવા મળ્યો. આ વખતે કવર પેજની રંગબેરંગી ડિઝાઈન ખૂબ જ આકર્ષક હતી. સાથે જ, આ અંકમાં પ્રકાશિત થયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન ચરિત્ર અને રોજગાર મેળાના આયોજન અંગે સારી માહિતી મળી હતી. શ્રીલંકા સુધીની ક્રૂઝ યાત્રા અને ભૂતપૂર્વ સૈનિકોને ગૌરવપૂર્ણ રોજગારી આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે પણ માહિતી પ્રાપ્ત થઈ હતી. તંત્રી લેખ ખૂબ જ પ્રશંસનીય અને સંગ્રહ કરવા યોગ્ય લાગ્યો. આપના અથાક પ્રયાસોને કારણે ન્યૂ ઈન્ડિયા સમાચાર ખૂબ જ શ્રેષ્ઠ બની રહ્યું છે.

shrigopal6@gmail.com

### મેગેઝીનમાં ખૂબ જ ઉપયોગી માહિતી મળી

મને 1 થી 15 જૂન 2023નો ન્યૂ ઈન્ડિયા સમાચારનો અંક વાંચવા મળ્યો. આમાં મને મૂળ માહિતીમાં કોઈપણ જાતના ચેડાં કે ફેરફાર કર્યા વગર ખૂબ જ ઉપયોગી માહિતી વાંચવા મળી. હું એક વરિષ્ઠ નાગરિક છું અને આ અંક કેન્દ્ર સરકાર દ્વારા વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી સુવિધાઓ પર આધારિત છે, જે ખૂબ જ માહિતીપ્રદ અને ઉપયોગી છે.

નારાયણ દાસ ટી.

narayanadast1952@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર વિકાસ વિશે માહિતી આપતું અદ્ભુત મેગેઝીન છે

હું ચેન્નાઈની એક કોલેજમાં પ્રિન્સિપાલ છું. હું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીનને તમિલ, અંગ્રેજી અને હિન્દી આ ત્રણ ભાષાઓમાં નિયમિત વાચું છું. આ મેગેઝીન હું મારા તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે નિયમિતપણે શેર કરું છું. આપણા દેશના વિકાસ અને પ્રગતિને જાણવા માટે આ એક અદ્ભુત મેગેઝીન છે. તમને અને તમારી ટીમને મારી નમ્ર વિનંતી છે કે, તેને સંસ્કૃતમાં પ્રકાશિત કરો અને દેવોની ભાષાનો પ્રસાર પણ કરો.

તનુકૃષ્ણન જે | jgvvsvn@gmail.com

### હું અન્ય લોકોને પણ મેગેઝીન વાંચવા પ્રોત્સાહિત કરું છું

મને જ્યારે પણ તક મળે છે ત્યારે હું ન્યૂ ઈન્ડિયા મેગેઝીનની અંગ્રેજી આવૃત્તિ વાંચું છું. મને આ મેગેઝીન સમાજના તમામ વર્ગો માટે ખૂબ જ ઉપયોગી અને હૃદયસ્પર્શી લાગે છે. હું મારી ઓફિસના અન્ય લોકોને પણ આ મેગેઝીન વાંચવા માટે પ્રોત્સાહિત કરું છું કારણ કે સરકારી અધિકારીઓ માટે પણ તે ઉપયોગી છે.

ટી. સુરી કુમાર

t.surik22@gmail.com

### ન્યૂ ઈન્ડિયા મેગેઝીન સંગ્રહ કરવા લાયક અને પ્રભાવશાળી છે

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 16 થી 30 જૂન 2023નો અંક સંગ્રહ કરવા લાયક અને અત્યંત પ્રભાવશાળી છે. ખાસ કરીને જન ગણ મનનું પ્રતીક નવું સંસદ ભવન, રોજગાર મેળા, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અને વંદે ભારત એક્સપ્રેસ વિશે વાંચીને ખરેખર લાગ્યું કે આપણે નવા ભારતમાં જીવી રહ્યા છીએ. આપણે એક નવા ભારતનું નિર્માણ કરી રહ્યા છીએ. ચોક્કસપણે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અભિનંદનને પાત્ર છે.

દિનેશ સોલંકી | priyapathak1957@gmail.com

**અમને ફોલો કરો @NISPIBIndia**

**પત્રવ્યવહાર અને ઈમેઈલનું સરનામું: રૂમ નંબર - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 ઈમેઈલ - response-nis@pib.gov.in**

# AC ચેર કાર અને એક્ઝિક્યુટિવ ક્લાસમાં 25 ટકાની છૂટ



રેલવેના મુસાફરો માટે એક સારા સમાચાર છે. રેલવે મંત્રાલયે અનુભૂતિ અને વિસ્ટાડોમ કોચ સહિત એર કન્ડિશનિંગ સુવિધાઓવાળી તમામ ટ્રેનોના AC ચેર કાર અને એક્ઝિક્યુટિવ ક્લાસમાં છૂટ આપવા માટેની યોજના શરૂ કરી છે. આ છૂટ મૂળભૂત ભાડા પર 25 ટકાની રહેશે. જો કે, રિઝર્વેશન ફી, સુપર ફાસ્ટ સરચાર્જ, GST જેવા અન્ય ચાર્જ અગાઉની જેમ જ લાગુ પડશે. આ છૂટ તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવી છે પરંતુ જે મુસાફરોએ પહેલાંથી જ સીટોનું રિઝર્વેશન કરાવેલું છે તેમને ભાડાની કોઈ રકમનું રિફંડ કરવામાં આવશે નહીં. છૂટની આ યોજના રજા કે તહેવારની વિશેષ ટ્રેનમાં લાગુ નહીં પડે. નિયમિત ધોરણે તેની સમીક્ષા કરવામાં આવશે. સીટ ભરવાના આધારે આ છૂટ સુધારી શકાય, લંબાવી શકાય અથવા પાછી ખેંચી શકાય છે. જો આ છૂટને પાછી ખેંચી લેવાનો નિર્ણય લેવામાં આવે તો તેને તાત્કાલિક અસરથી લાગુ કરી શકાય છે. આ યોજના એવી ટ્રેનોમાં પણ લાગુ થશે જેમાં ફ્લેક્સી ભાડાની યોજના અમલમાં છે અને સીટો ઓછી ભરાય છે. આવી સ્થિતિમાં ફ્લેક્સી ભાડાની યોજના પાછી ખેંચવામાં આવી શકે છે.

# કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોની અગ્નિશમન સેવાનું આધુનિકીકરણ કરવામાં આવશે




કોઈપણ પ્રકારની આપદામાં લોકોના જીવ અને સંપત્તિનું ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે, કેન્દ્ર સરકાર સંસાધનોને મજબૂત કરવા માટે રાજ્યોને રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ ભંડોળ (NDRF)માંથી નાણાં પ્રદાન કરે છે. આ ક્રમમાં, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાજ્યોમાં અગ્નિશમન સેવાઓના મજબૂતીકરણ, વિસ્તરણ અને આધુનિકીકરણ પર રૂ. 5,000 કરોડ ખર્ચવાની યોજના બનાવી છે. આમાંથી 500 કરોડ રૂપિયા રાજ્યોને તેમના કાયદાકીય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત સુધારાઓને પ્રોત્સાહિત કરવા માટે રાખવામાં આવ્યા છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીના માર્ગદર્શનને અનુસરીને આપદા જોખમ મિનિમાઈઝેશન સિસ્ટમને મજબૂત કરવા માટે પહેલ કરવામાં આવી રહી છે. યોજનામાં જે પણ કામ કરવામાં આવશે, તેમાં સંબંધિત રાજ્યોએ કુલ ખર્ચમાંથી 25% ખર્ચ કરવાનો રહેશે જ્યારે પૂર્વોત્તર અને હિમાલય પ્રદેશના રાજ્યોએ 10% રકમ ખર્ચવાની રહેશે. આ યોજનાની વિગતવાર માહિતી ગૃહ મંત્રાલયની વેબસાઈટ https://ndmindia.mha.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

# રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર 'બહુ બલ્લી' વાડ લગાવવાની યોજના તૈયાર

માર્ગો પર ઝડપથી પસાર થતા વાહનો વચ્ચે ઢોર આવી જવાની દુર્ઘટનાઓના કારણે મુસાફરો તેમજ પશુઓના જીવ પર જોખમ રહે છે. આ વાતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે અકસ્માતો રોકવા માટે એક યોજના તૈયાર કરી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ધોરીમાર્ગો પર ઢોરને આવતા રોકવા માટે 'બહુ બલ્લી' વાડ તૈયાર કરવાની યોજના વિશે માહિતી આપી છે. બહુ બલ્લી વાડ 'મલ્ટી-બાર કેટલ ફેન્સ'ના અમલથી ઢોરોને માર્ગ ઓળંગતા અને જોખમી અકસ્માતોનું કારણ બનતા રોકી શકાશે. ગડકરીએ જણાવ્યું હતું કે, વાડ 1.20 મીટર ઉંચી હશે અને વ્યાપક ઉકેલ તરીકે રાષ્ટ્રીય ધોરીમાર્ગ 30ના સેક્શન 23 પર લગાવવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની છત્તીસગઢની મુલાકાત પહેલાં આ યોજનાને પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવી છે. આના માટે વાંસનો ઉપયોગ કરીને ઢોરની વાડને સંપૂર્ણપણે અસરકારક અને પર્યાવરણને અનુકૂળ બનાવવામાં આવી છે. વાડનું ફાયર રેટિંગ ક્લાસ વન છે.

## IICA દ્વારા ત્રણ મહિનાનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરાયો

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA) દ્વારા 'સંશોધન પદ્ધતિ, આવિષ્કાર, જટિલ વિચારશક્તિ અને પૂરાવા આધારિત નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રોત્સાહન' વિષય પર ત્રણ મહિનાનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્સનો ઉદ્દેશ્ય પૂરાવા આધારિત નિર્ણય લેવાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓને સુદૃઢ સંશોધન પદ્ધતિથી સજ્જ કરવાનો છે. આ અભ્યાસક્રમ સહયોગી શિક્ષણ, આંતરશાખાકીય અભિગમો અને વિવિધ પરિપ્રેક્ષ્યોનું આદાનપ્રદાન કરવા પર ભાર મૂકે છે. આ અભ્યાસક્રમનું ઑનલાઈન ફોર્મેટ વિવિધ કાર્યક્રમો અને જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતી સુવિધા આપે છે. આ કાર્યક્રમ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા હાથ ધરવામાં આવતો હોવા છતાં પણ, તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે ક્રિયાપ્રતિક્રિયા, જોડાણ અને શીખવાના અનુભવો પરંપરાગત વ્યવસ્થાની જેમ જ વાસ્તવિક હોય.

## યુનિફાઈડ લોજિસ્ટિક ઈન્ટરફેસ પ્લેટફોર્મ વ્યાપારની કરોડરજ્જુ બની રહ્યું છે

વર્ષ 2022માં બનાવવામાં આવેલું યુનિફાઈડ લોજિસ્ટિક્સ ઈન્ટરફેસ પ્લેટફોર્મ, એટલે કે યુલિપ વ્યાપારની કરોડરજ્જુ બની રહ્યું છે. તે લોજિસ્ટિક્સની પ્રક્રિયાને સરળ બનાવે છે અને એક જ જગ્યાએ તમામ સુવિધાઓ પૂરી પાડે છે. સિંગલ વિન્ડો લોજિસ્ટિક્સ પ્લેટફોર્મ યુલિપની પ્રશંસા કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "લોજિસ્ટિક્સના સિંગલ વિન્ડો પ્લેટફોર્મે માલસામાનની હેરફેરમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવી દીધું છે. આનાથી સમય અને ખર્ચ બંનેની બચત થવાની સાથે સાથે, તે દેશની આત્મનિર્ભરતામાં પણ ખૂબ મદદરૂપ થશે."યુલિપ પ્લેટફોર્મ પુરવઠા શૃંખલામાં વિલંબની સમસ્યાનો ઉકેલ લાવે છે. સાથે જ, માલસામાનની સમયસર ડિલિવરી સુનિશ્ચિત થાય છે અને પરિવહન ખર્ચ પણ ઘટાડે છે. તેનાથી એક્ઝિમ કન્ટેનરનું વાસ્તવિક સમયમાં ટ્રેકિંગ પણ થઈ શકે છે. યુલિપ પ્લેટફોર્મને કારણે, ભારતનો સરેરાશ પોર્ટ ડ્વેલ ટાઈમ (પોર્ટ પર સામાન રહેવાનો સમય) આજે સિંગાપોર, ચીન, અમેરિકા અને બ્રિટન કરતાં ઓછો છે.


## રાષ્ટ્રીય બાળ પુરસ્કાર માટે અરજી કરવાની છેલ્લી તારીખ 31 ઓગસ્ટ



મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર (PMRBP) માટે અરજી કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈથી વધારીને 31 ઓગસ્ટ 2023 કરી છે. PMRBP 2024 માટે અરજી પ્રક્રિયા રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in પર શરૂ કરવામાં આવી છે. આ પુરસ્કારો બહાદુરી, રમતગમત, સમાજ સેવા, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ, કળા અને સંસ્કૃતિ તેમજ આવિષ્કારના ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરની સિદ્ધિ બદલ આપવામાં આવે છે. કોઈપણ બાળક કે, જે ભારતીય નાગરિક છે, ભારતમાં વસે છે અને તેની ઉંમર 18 વર્ષથી વધુ નથી તે આ પુરસ્કાર માટે અરજી કરી શકે છે.

## માટીની ફળદ્રુપતા વધારવી પડશે અને રાસાયણિક ખાતરોની વિપરિત અસરો ઘટાડવી પડશે

ખેતીમાં અસંતુલિત રાસાયણિક પોષક તત્વોના ઉપયોગથી માટીની ફળદ્રુપતા અને ગુણવત્તા પર વિપરિત અસર પડી રહી છે. તેથી, માટીની ઉત્પાદકતા વધારવા અને રાસાયણિક ખાતરોની વિપરિત અસરોને દૂર કરવા માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે. આ સંદર્ભે યોજાયેલા એક વર્કશોપમાં કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ માટીના સ્વાસ્થ્ય અને જમીનની લાંબાગાળાની ફળદ્રુપતા માટે રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઓછી કરવાની વ્યૂહરચના પર કામ કરવા વિશે વાત કરી હતી. તેમણે રાસાયણિક ખાતરોના ઉપયોગથી માણસો અને પ્રાણીઓ બંનેના સ્વાસ્થ્ય પર જોવા મળતા નકારાત્મક અને ચિંતાજનક પરિણામો અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. કૃષિ ઉત્પાદકતા વધારવા માટે, એવા ઉકેલો ઘડવાની જરૂર છે જેનાથી ખેડૂતોનું કલ્યાણ સુનિશ્ચિત થાય, પર્યાવરણ અને આરોગ્યનું રક્ષણ થાય, તેમજ કૃષિ ક્ષેત્રને સશક્ત બનાવી શકાય.●



# વરાહગિરી વેંકટ ગિરી
# શ્રમિકો અધિકારોના સમર્થક

જન્મઃ 10 ઓગસ્ટ 1894, અવસાનઃ 24 જૂન 1980

**નીડર સ્વાતંત્ર્ય સેનાની, પ્રતિષ્ઠિત વક્તા, લેખક અને કુશળ રાજનીતિજ્ઞ વરાહગિરી વેંકટ ગિરીને લોકો વી.વી. ગિરી તરીકે વધુ ઓળખે છે. તેઓ વકીલ બનવા માંગતા હતા પરંતુ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન પોતાને રોકી શક્યા નહીં અને દેશની આઝાદીની લડાઈમાં તેમણે ઝંપલાવ્યું. ભારતના ચોથા રાષ્ટ્રપતિ વી.વી. ગિરીએ કાર્યકારી રાષ્ટ્રપતિ અને પૂર્ણકાલિન રાષ્ટ્રપતિ એમ બંને પ્રકારે સેવા આપી હતી. દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન, ભારત રત્નથી સન્માનિત વી.વી. ગિરીને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમણે આપેલા યોગદાન, શ્રમિકોના અધિકારો અને સામાજિક સમાનતાનો અવાજ ઉઠાવવા બદલ યાદ કરવામાં આવે છે...**

વરાહગિરી વેંકટ ગિરીનો જન્મ 10 ઓગસ્ટ 1894ના રોજ ઓડિશાના બેરહામપુર જિલ્લામાં એક તેલુગુ ભાષી પરિવારમાં થયો હતો. તેમના પિતા વકીલ હતા અને માતા સામાજિક કાર્યકર હતાં. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ બેરહામપુરમાં જ પૂર્ણ કર્યું હતું. આ પછી, 1913માં, તેઓ કાયદાનો અભ્યાસ કરવા માટે યુનિવર્સિટી કોલેજ ડબલિન ગયા હતા. તે જ વર્ષે, મહાત્મા ગાંધીથી પ્રભાવિત થઈને, તેઓ સમજી ગયા કે કાયદાના અભ્યાસ કરતાં સ્વતંત્રતાની લડત વધુ મહત્વપૂર્ણ છે. આ જાણ્યા પછી, તેમણે કાયદાના અભ્યાસ કરતાં સ્વતંત્રતાના સંગ્રામને વધુ મહત્વ આપ્યું અને ભારતની આઝાદીની લડાઈમાં સંપૂર્ણપણે ઝંપલાવ્યું. જ્યારે તેઓ ભારત પાછા આવ્યા, ત્યારે તેઓ મજૂર આંદોલનમાં સક્રિયપણે ભાગ લેવા લાગ્યા.

મજૂર આંદોલનમાં સક્રિય ભૂમિકાને કારણે, વી.વી. ગિરી ઓલ ઈન્ડિયા રેલવે મેન્સ ફેડરેશનના અધ્યક્ષ બન્યા. આ પછી, તેઓ 1926 અને 1942માં બે વાર ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસના અધ્યક્ષ બન્યા. વી.વી. ગિરીએ 1937 અને 1946માં બે વખત મદ્રાસ પ્રેસિડેન્સીનું શ્રમ અને ઉદ્યોગ મંત્રાલય સંભાળ્યું હતું. 1942માં ભારત છોડો ચળવળ દરમિયાન તેમની સક્રિયતાના કારણે તેમને જેલમાં પણ જવું પડ્યું હતું. આમ છતાં પણ તેઓ સક્રિય રહ્યા હતા. દેશને આઝાદી મળ્યા પછી, વી.વી. ગિરીને શ્રીલંકામાં હાઈ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ 1952માં પ્રથમ લોકસભા માટે ચૂંટાયા હતા. 1952 થી 1954 સુધી, તેમણે શ્રમ મંત્રાલય સંભાળ્યું હતું. 1957 થી 1967 સુધી, વી.વી. ગિરી ઉત્તરપ્રદેશ, કેરળ અને કર્ણાટકના રાજ્યપાલ હતા. 1967માં તેમને દેશના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. 3 મે 1969ના રોજ, તત્કાલિન રાષ્ટ્રપતિ ઝાકિર હુસૈનના નિધન પછી, તેમને કાર્યકારી રાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા. 1969માં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તીવ્ર સ્પર્ધા જોવા મળી હતી. તત્કાલિન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ તેમના પક્ષના સભ્યોને તેમના અંતરાત્માનો અવાજ કહે તે મુજબ મતદાન કરવાની અપીલ કરી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ નીલમ સંજીવા રેડ્ડીને અધિકૃત ઉમેદવાર બનાવ્યા હતા. જો કે, રેડ્ડી ચૂંટણી હારી ગયા હતા અને વી.વી. ગિરી 50.2 ટકા મતો મેળવીને દેશના ચોથા અને પ્રથમ અપક્ષ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તેઓ 1974 સુધી આ પદ પર રહ્યા હતા. વી.વી. ગિરીને લેખનમાં પણ ઊંડો રસ હતો. તેમના દ્વારા લખાયેલા પુસ્તકો ખૂબ જ લોકપ્રિય છે.

1974માં, ભારતીય પોસ્ટ અને તાર વિભાગે તેમના સન્માનમાં એક સ્મૃતિ ટિકિટ બહાર પાડી હતી. 1975માં, તેમને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને જાહેર બાબતોમાં તેમણે આપેલા યોગદાન બદલ, દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. 24 જૂન 1980ના રોજ ચેન્નાઈમાં હૃદયરોગના હુમલાને કારણે તેમનું અવસાન થયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગયા વર્ષે 10 ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ વી.વી. ગિરીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ●




# ભારતનો ગૌરવપૂર્ણ સાંસ્કૃતિક વારસો

*ગીતા પ્રેસ વિશ્વનું એકમાત્ર એવું પ્રિન્ટિંગ પ્રેસ છે, જે માત્ર એક સંસ્થા જ નથી પરંતુ જીવંત આસ્થા છે. 1923માં સ્થાપિત ગીતા પ્રેસનું કાર્યાલય કરોડો લોકો માટે મંદિરથી કમ નથી અને વિશ્વના સૌથી મોટા પ્રકાશકોમાંનું એક છે. આ પ્રેસે 14 ભાષાઓમાં 41.7 કરોડ પુસ્તકોનું પ્રકાશન કર્યું છે, જેમાં 16.21 કરોડ શ્રીમદ્ ભગવદ ગીતાનો સમાવેશ થાય છે. ભારતની સભ્યતા અને સંસ્કૃતિને મહત્વની ઊંચાઈ આપનારા ઐતિહાસિક ગીતા પ્રેસના શતાબ્દી સમાપન સમારંભમાં 7 જુલાઈના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી અને સચિત્ર શિવપુરાણ ગ્રંથનું વિમોચન કર્યું હતું...*

ગીતા પ્રેસના નામમાં પણ ગીતા છે અને તેના કામમાં પણ ગીતા છે. અને જ્યાં ગીતા છે - ત્યાં સાક્ષાત કૃષ્ણ છે અને જ્યાં કૃષ્ણ છે - ત્યાં કરુણા છે, કર્મ પણ છે. ત્યાં જ્ઞાનનો બોધ પણ છે અને વિજ્ઞાનની શોધ પણ છે. ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં ગીતા પ્રેસના શતાબ્દી સમાપન સમારંભને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "1923માં ગીતા પ્રેસના રૂપમાં અહીં જે આધ્યાત્મિક જ્યોત પ્રજ્વલિત કરવામાં આવી હતી, તેનો પ્રકાશ આજે સમગ્ર માનવજાતને માર્ગદર્શન આપી રહ્યો છે. આ આપણું સૌભાગ્ય છે કે, આપણે બધા આ માનવતાવાદી મિશનની શતાબ્દીના સાક્ષી બની રહ્યા છીએ. આ ઐતિહાસિક અવસરે જ અમારી સરકારે ગીતા પ્રેસને ગાંધી શાંતિ પુરસ્કાર પણ આપ્યો છે." ગીતા પ્રેસ સાથે મહાત્મા ગાંધીનું ભાવનાત્મક જોડાણ હતું. એક સમયે, મહાત્મા ગાંધી કલ્યાણ પત્રિકાના માધ્યમથી ગીતા પ્રેસ માટે લખતા હતા.

મહાત્મા ગાંધીએ સૂચન કર્યું હતું કે, કલ્યાણ પત્રિકામાં જાહેરાતો છાપવી જોઈએ નહીં. આ સંસ્થાએ ક્યારેય આવક માટે જાહેરાતની મદદ લીધી નથી. ગીતા પ્રેસ તેની સંલગ્ન સંસ્થાઓ દ્વારા લોકોના જીવનના પ્રગતિશીલ વિકાસ અને સૌના કલ્યાણ માટે પ્રયાસો કરી રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ આ કાર્યક્રમમાં કહ્યું હતું કે, "ગીતાપ્રેસ જેવી સંસ્થા માત્ર ધર્મ અને કર્મ સાથે જ જોડાયેલી નથી, પરંતુ તેનું રાષ્ટ્રીય ચરિત્ર પણ છે. દેશભરમાં તેની 20 શાખાઓ છે. અમને દેશના દરેક ખૂણે રેલવે સ્ટેશનો પર ગીતા પ્રેસના સ્ટોલ મળી આવે છે." ગીતા પ્રેસમાંથી 15 અલગ-અલગ ભાષાઓમાં લગભગ 1600 પ્રકાશનો છે અને તે ભારતના મૂળભૂત ચિંતનને લોકો સુધી પહોંચાડે છે. પ્રધાનમંત્રી મોદીએ ગીતા પ્રેસ સંકુલમાં લીલા ચિત્ર મંદિરની પણ મુલાકાત લીધી હતી અને ભગવાન શ્રી રામના ચિત્રને પુષ્પ અર્પણ કર્યાં હતાં. ગીતા પ્રેસ, એક રીતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. ગીતા પ્રેસ એ વાતનો પણ પુરાવો છે કે, જ્યારે તમારો ઉદ્દેશ્ય પવિત્ર હોય, તમારા મૂલ્યો પવિત્ર હોય, તો સફળતા તમારો પર્યાય બની જાય છે. ●

## ગીતા પ્રેસને ગાંધી શાંતિ પુરસ્કાર

વર્ષ 2021 માટેનો ગાંધી શાંતિ પુરસ્કાર ગીતા પ્રેસ, ગોરખપુરને આપવામાં આવ્યો છે. ગાંધી શાંતિ પુરસ્કાર એ ભારત સરકાર દ્વારા સ્થાપિત એક વાર્ષિક પુરસ્કાર છે. આ પુરસ્કારની સ્થાપના વર્ષ 1995માં ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 125મી જન્મજયંતિના અવસર પર તેમના આદર્શોને શ્રદ્ધાંજલિ તરીકે કરવામાં આવી હતી.



જમ્મુ-કાશ્મીર અને લદ્દાખઃ નવી સવારનાં 4 વર્ષ

# પરિવર્તનશીલ સુધારાની ગાથા

જમ્મુ અને કાશ્મીરમાં વિકાસના નવા યુગનો પ્રારંભ થયો છે અને તે વિકાસ અને શાંતિના માર્ગે આગળ વધી રહ્યો છે. ચાર વર્ષ પહેલાં, 5 ઓગસ્ટના રોજ, 'એક ભારત - શ્રેષ્ઠ ભારત'ની વિભાવના ત્યારે વધુ મજબૂત બની જ્યારે, છ દાયકાનો અંતરાય દૂર કરીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાંથી કલમ 370નો અમલ નાબૂદ કર્યો. છેલ્લા ચાર વર્ષમાં આ ક્ષેત્ર દેશના અન્ય ભાગોની સાથે વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યો છે અને હવે તેના 1.39 કરોડ નાગરિકો મજબૂત ઈરાદા સાથે પરિવર્તનકારી સુધારાની નવી ગાથા લખી રહ્યા છે...

**નવા** ભારતની વિચારસરણી, દરેક નીતિ અને વ્યૂહરચના જનકલ્યાણ દ્વારા રાષ્ટ્ર કલ્યાણની છે, જાહેર અભિયાન દ્વારા રાષ્ટ્ર નિર્માણની છે. આવી સ્થિતિમાં એક ભારત - શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાથે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના લોકોનો વિકાસ એ કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા બની ગયો છે. ચાર વર્ષ પહેલાં 5 ઓગસ્ટના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે એક ઐતિહાસિક નિર્ણય લીધો હતો. દૂરોગામી વિચાર સાથે ભૂતકાળની ભૂલોને સુધારીને પરિવર્તનકારી સુધારાની નવી ગાથા લખવામાં આવી રહી છે, જેના કારણે જમ્મુ-કાશ્મીર વિકાસના માર્ગે આગેકૂચ કરી રહ્યું છે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં પહેલાં જે શાસન માત્ર જૂજ લોકો સુધી સીમિત હતું તે હવે લોકલક્ષી શાસનના રૂપમાં પાયાના સ્તર પર સાકાર થઈ રહ્યું છે.

પહેલાં જે યુવાનોના હાથમાં પત્થર હતા, હવે તેમના હાથમાં લેપટોપ જોવા મળે છે, હાથમાં પથ્થરના બદલે પુસ્તક લઈને શિક્ષિત થઈ રહેલા યુવાનો માત્ર જમ્મુ-કાશ્મીર જ નહીં પરંતુ દેશનું ભવિષ્ય ઘડી રહ્યા છે. અગાઉની સરકારના શાસનકાળ દરમિયાન 10 વર્ષમાં 7327 આતંકવાદી ઘટનાઓ બની હતી અને 2056 નાગરિકોના મોત નીપજ્યાં હતાં, જ્યારે છેલ્લા 9 વર્ષમાં તેમાં લગભગ 70%નો ઘટાડો થયો છે, 2350 આતંકવાદી ઘટનાઓ બની હતી અને દુર્ભાગ્યવશ 377 નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા. અગાઉ અહીં કલમ 370ને કારણે વિકાસ થઈ શક્યો ન હતો, 42 હજાર લોકો આતંકવાદનો ભોગ બન્યા હતા. કલમ 370નો અમલ નાબૂદ કર્યા પછી છેલ્લા 47 મહિનામાં, હડતાળ અને બંધના એલાન માત્ર 32 વખત જાહેર કરવામાં આવ્યા, જ્યારે પથ્થરબાજીની ઘટનાઓમાં 90% ઘટાડો થયો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તેમની તાજેતરની જમ્મુ-કાશ્મીરની મુલાકાત દરમિયાન, ત્યાંના યુવાનોને પરિવર્તન સાથે જોડાવાની અપીલ કરતા કહ્યું હતું કે, હાથમાં હથિયાર નહીં પરંતુ લેપટોપ લઈને જમ્મુ-કાશ્મીર અને દેશના વિકાસ સાથે જોડાવામાં જ ભવિષ્ય છે. તેમણે કહ્યું હતું કે, આખી દુનિયા અને આખો દેશ અહીંના યુવાનોની રાહ જોઈ રહ્યો છે. જમ્મુ-કાશ્મીર, જેમાં ખાસ કરીને ખીણ પ્રદેશના યુવાનોએ આગળ આવવું જોઈએ અને પરિવર્તનની પ્રક્રિયાનું નેતૃત્વ કરવું જોઈએ. જમ્મુ અને કાશ્મીરને નવા આયામો અને લક્ષ્યો પર લઈ જવા માટે કામ કરો. જમ્મુ-કાશ્મીર દેશના વીરોના અદમ્ય સાહસ અને શૌર્યની કર્મભૂમિ છે અને આવા જ વીરોની બહાદુરીને ચિરકાળ સુધી જીવંત રાખવા માટે એક 'બલિદાન સ્તંભ' બનાવવામાં આવી રહ્યો છે. આ સ્તંભ શહીદોની સ્મૃતિને અમર કરીને યુવાનોમાં દેશભક્તિની પ્રેરણા આપશે. જમ્મુ અને કાશ્મીર પોલીસના અસંખ્ય જવાનો, કે જેમણે નિર્દોષ નાગરિકોની સુરક્ષા માટે આતંકવાદીઓ સામે લડતી વખતે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે, તે એ વાતનો પુરાવો છે કે કાશ્મીર અને તેના લોકો હંમેશા શાંતિ માટે કેટલા પ્રતિબદ્ધ છે.

### પર્યટનનો વૈશ્વિક સંદેશ

તાજેતરમાં શ્રીનગરમાં G-20 સંમેલનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. અહીંથી ઘણા દેશોના નેતાઓ કાશ્મીરના સારા પર્યટનનો સંદેશ લઈને ગયા, જેના કારણે કાશ્મીરની સુધરેલી સ્થિતિનો સંદેશ આખી દુનિયામાં પહોંચ્યો છે. પ્રધાનમંત્રી મોદીની સરકારે આર્થિક વિકાસ માટે વિવિધ ઔદ્યોગિક નીતિઓ બનાવી, ફિલ્મો માટે નવી નીતિ, પર્યટન માટે હોમ સ્ટે અને હાઉસબોટ નીતિ વગેરે બનાવી, જેના પરિણામે જમ્મુ-કાશ્મીરમાં રોકાણ અને પ્રવાસીઓની સંખ્યામાં



## ઉર્જા ક્ષમતાનું વિસ્તરણ

**20,000**

મેગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા આ રાજ્ય ધરાવે છે, પરંતુ 70 વર્ષમાં માત્ર 3,500 મેગાવોટ સુધી જ પહોંચ્યા.

**3050**

મેગાવોટ 2025-26 સુધીમાં તેમાં વધુ ઉમેરવામાં આવશે.

**12.45**

લાખ કરતાં વધારે કનેક્શન ઉજ્જવલા અંતર્ગત આપવામાં આવ્યા.

- ત્રણ વર્ષમાં વીજ ઉત્પાદન ક્ષમતા બમણી થઈ.
- ઉજાલા અને સૌભાગ્ય યોજના અંતર્ગત 100 ટકા કવરેજ

## હર ઘર નલ સે જલ

**23,160**

ગ્રામીણ શાળાઓ, 24,164 આંગણવાડી કેન્દ્રો, 3324 આરોગ્યો કેન્દ્રો સુધી નળથી પાણી પહોંચ્યું.

**18.67**

લાખ ગ્રામીણ પરિવારોમાં 100 ટકા નળથી પાણીના જોડાણ ચાલુ કરાયા.

- જલ-જીવન મિશન અંતર્ગત 2 જિલ્લામાં 100 ટકા પહોંચ અને બાકીના જિલ્લામાં ડિસેમ્બર 2023-24 સુધીમાં પૂરું કરવાનું લક્ષ્ય.
- પૂર વ્યવસ્થાપનની વ્યવસ્થા વધુ સારી થઈ.

ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન, હિંમત અને સંકલ્પને કારણે જ જમ્મુ અને કાશ્મીર ભારત સાથે એક જોડાઈ ગયું છે અને કલમ 370 રદ કરવામાં આવી છે. કલમ 370નો સમાવેશ કરવાના પ્રસ્તાવના વિરોધમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ 1953માં દેશના ઉદ્યોગ મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને કહ્યું હતું કે, આ દેશમાં બે કાયદા, બે પ્રતીક, બે પ્રધાન નહીં ચાલે. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના સપનાને સાકાર કરતા, 5 ઑગસ્ટ 2019ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે કલમ 370નો અમલ રદ કર્યો છે.


સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ 2022માં 1 કરોડ 88 લાખ જેટલી વિક્રમી સંખ્યામાં પ્રવાસીઓએ જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી હતી. જમ્મુ-કાશ્મીરમાં આટલી મોટી સંખ્યામાં પર્યટકોના આગમનને કારણે આગામી 5 વર્ષમાં અહીંની હોટલોમાં રૂમની સંખ્યા વર્તમાન કરતાં ત્રણ ગણી વધારે થઈ જશે. દાલ સરોવરને દેશનું સૌથી આકર્ષક પર્યટન કેન્દ્ર બનાવવાના હેતુથી લગભગ પ્રાથમિક રૂપે 85 કરોડ રૂપિયાની યોજના બનાવવામાં આવી છે. આવનારા દિવસોમાં દેશના દરેક બાળકને અહીં દાલ લેક અને ટૈટો ગ્રાઉન્ડ જોવા આવવાની ઈચ્છા થશે. શ્રીનગર સ્માર્ટ સિટી લિમિટેડમાં 345 કરોડ રૂપિયાના ખર્ચે મલ્ટી-લેવલ પાર્કિંગ, સ્માર્ટ લાઈટિંગ, ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને પાર્કના વિકાસ જેવી ઘણી ચીજો શરૂ થઈ છે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં એવા સ્થળોની ઓળખ કરવામાં આવી છે, જે ટોચના પર્યટન સ્થળ બની શકે છે. હિમાલયના 137 પર્વત શિખરો વિદેશી પ્રવાસીઓ માટે ખોલવામાં આવ્યા છે, જેમાં 15 શિખરો જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના છે. લદ્દાખમાં બૌદ્ધ અધ્યયન કેન્દ્ર સાથે પ્રથમ કેન્દ્રીય યુનિવર્સિટીની યોજનાને આકાર આપવામાં આવી રહ્યો છે. લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવાની લાંબા સમયથી પડતર માંગણી પણ પૂરી થઈ ગઈ છે અને લદ્દાખ પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે.

### 'સબકા વિકાસ'નો ધ્યેય મંત્ર

નવા દાયકામાં એક નવા યુગનો આ થયો છે, તેથી નવા જમ્મુ-કાશ્મીરનું વાતાવરણ પણ બદલાઈ રહ્યું છે. દાયકાઓથી વંચિત લોકોને તેમના હક્ક મળવા લાગ્યા છે. કલમ 370 હટાવીને કેન્દ્ર સરકારે પહાડી સમુદાયો, અનુસૂચિત જાતિ, જનજાતિ, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને અનામતનો અધિકાર

## વિકાસની ઝડપ, ક્ષમતા અને ગુણવત્તા પ્રતીક બની ગઈ

**એક વર્ષમાં પૂરા થયેલા પ્રોજેક્ટ્સની સંખ્યા બમણી થઈ. વિક્રમી સંખ્યામાં વિકાસલક્ષી પ્રોજેક્ટો પૂરા થયા.**




### ઔદ્યોગિક વિકાસની નિરંતરતા

**2,153** કરોડ રૂપિયાના રોકાણની દરખાસ્ત નાણાકીય વર્ષ 2022-23માં અમલમાં મૂકવામાં આવી.

**73,376** કરોડ રૂપિયાના રોકાણની દરખાસ્ત મળી, 3.5 લાખ નાગરિકો માટે રોજગારની તક.

500 કરોડ રૂપિયાનું FDI, MSME ક્ષેત્રની નિકાસમાં 54 ટકાનો વધારો.

### નાણાકીય વ્યવસ્થાપનમાં અભૂતપૂર્વ પારદર્શિતા

- તમામ કામો માટે ઈ-ટેન્ડરિંગ ફરજિયાત.
- જીઓ ટૅગિંગ અને 100 ટકા પ્રમાણીકરણ.
- જનતાની યોજના, જનતાની ભાગીદારી માટે સશક્તિકરણ પોર્ટલ, જેમાં કોઈપણ નાગરિક કોઈપણ ચાલી રહેલા પ્રોજેક્ટ વિશે સંપૂર્ણ માહિતી મેળવી શકે છે.

- પ્રધાનમંત્રી વિકાસ પેકેજ (PMDP) હેઠળ, જૂન 2018 સુધીમાં માત્ર 7 પ્રોજેક્ટ પૂરા થયા હતા પરંતુ હવે મે 2023 સુધીમાં 32 પ્રોજેક્ટ પૂરા થઈ ગયા છે. 13 પ્રોજેક્ટ્સ 2023-24 સુધીમાં અને 8 પ્રોજેક્ટ્સ 2024 પછી પૂરા થશે. આ 53 પ્રોજેક્ટનો ખર્ચ રૂ. 58,477 કરોડ છે.
- ઉધમપુર-શ્રીનગર-બારામુલા રેલ લિંક પ્રોજેક્ટ પર વિશ્વનો સૌથી મોટો રેલવે પુલ - ચિનાબ બ્રીજ.
- 8.45 કિમી ટ્વીન ટ્યુબ કાઝીકુંડ-બનિહાલ ટનલનું કામ પૂરું. આ સહિત 3,117 કરોડ રૂપિયાના ખર્ચે બનેલી અનેક ટનલનું કામ ચાલી રહ્યું છે.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ, લગભગ 18,000 કિલોમીટર લાંબા રસ્તાઓના 2,967 પ્રોજેક્ટ પૂરા થયા છે, દરેક ગામ સુધી રસ્તા પહોંચી ગયા છે.
- જમ્મુ શહેરને ટ્રાફિક જામથી મુક્ત કરવા માટે 58 કિમી સેમી રિંગ રોડનું કામ પૂર્ણ થવાની તૈયારી છે.
- બહેતર માર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે જમ્મુ-કિશ્તવાડ મુસાફરીનો સમય 7.5 કલાકથી ઘટીને 5 કલાક, જમ્મુ-ડોડા 5.5 કલાકથી 3.5 કલાક, શ્રીનગર-જમ્મુ 7-12 કલાકથી ઘટીને 5.5 કલાક અને શ્રીનગર-ગુલમર્ગ 3 કલાકથી ઘટીને 1.5 કલાક થઈ ગયો.
- લાઈટ મેટ્રો રેલ પ્રોજેક્ટ તૈયાર. 7,942 કરોડ રૂપિયાના ખર્ચ વાળા પ્રોજેક્ટ માટે DPR તૈયાર અને સંબંધિત મંત્રાલયને સુપરત કરવામાં આવ્યો છે.



**244**

પુલ ત્રણ વર્ષમાં બાંધવામાં આવ્યા.



**1,125**

કરોડ રૂપિયાની ફાળવણી 6 માર્ગીય દિલ્હી-અમૃતસર- કટરા એક્સપ્રેસ-વેના જમ્મુ-કાશ્મીરના હિસ્સાના 130 કિમી માટે કરી. દિલ્હીથી કટરા માત્ર પાંચ કલાકમાં પહોંચાશે.

## સુશાસનનો નવો અધ્યાય

**400**

કરતાં વધારે સેવાઓ ઑનલાઈન થઈ, ફીડબેક તંત્ર સાથે પણ જોડવામાં આવી.

**2,428**

અમૃત સરોવરનું નિર્માણ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત થયું.

- સુશાસન ઈન્ડેક્સ-2021માં, જમ્મુ-કાશ્મીર દેશ માટે માનક બન્યું.
- જમીન મહેસુલ દસ્તાવેજો ઑનલાઈન કરવામાં આવ્યા.
- સક્ષમ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ 100% લાભાર્થી સુધીની પહોંચ.
- 10 લાખ બોગસ લાભાર્થીઓને બહાર કાઢીને, 1.6 લાખ મેટ્રિક ટન અનાજ અને 230 કરોડ રૂપિયાની બચત કરીને સાચા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો.
- જમ્મુ-કાશ્મીર વિઝન દસ્તાવેજ 2047 તૈયાર કરીને કેન્દ્રીય ગૃહ મંત્રાલયને સોંપવામાં આવ્યો.
- દોઢ લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમ અને સમગ્ર દેશમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો.

## આરોગ્ય ક્ષેત્રમાં સમૃદ્ધિની દિશામાં

**881**

કરોડ રૂપિયાના ખર્ચે જિલ્લા સ્તરે સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે, કુલ 140 પરિયોજનાઓમાંથી 120નું કામ પૂરું થઈ ગયું અને બાકીનું કામ 2023-24માં પૂરું થઈ જશે.

- PMJAYનો અમલ 100 ટકા લોકો માટે કરનાર પ્રથમ રાજ્ય બન્યું. તમામ પરિવારોને 5 લાખ રૂપિયા સુધીના આરોગ્ય વીમાનો લાભ.
- સ્વાસ્થ્ય ઈન્ફ્રા માટે 2 નવી એઈમ્સ, 5 નવી નર્સિંગ કોલેજો, 2 રાજ્ય કેન્સર સંસ્થાઓ, 7 નવી મેડિકલ કોલેજો, 10 નર્સિંગ કોલેજોને 7,200 કરોડના ખર્ચે અપગ્રેડ કરવામાં આવી રહી છે અને 2 હોસ્પિટલો હાડકા અને સાંધાના રોગો માટે વિશેષ રૂપે તૈયાર કરવામાં આવશે.
- તબીબી શિક્ષણમાં વધુ 2000 બેઠકો ઉમેરવામાં આવી.
- આરોગ્ય, આયુષમાં રોકાણની નીતિને મંજૂરી આપવામાં આવી છે. વ્યસનમુક્તિ માટે પણ નીતિ મંજૂર કરવામાં આવી.
- ઓક્સિજન પ્લાન્ટ્સની સંખ્યા 2020માં 24 હતી, જે હવે વધીને 177 થઈ ગઈ છે. ક્ષમતા પણ 14,916 LPMથી વધીને 1,26,391 LPM થઈ ગઈ છે.



## શિક્ષણ ક્ષેત્રમાં નવા આયામ

**12,00,000** કરતાં વધારે વિદ્યાર્થીઓને પહેલી વખત સ્વાસ્થ્ય કાર્ડ ઈશ્યુ કરાયું.

**38,000** શિક્ષકોને કાયમી કરવામાં આવ્યા.

- IIT-IIM ની સ્થાપના વિક્રમી સમયમાં કરવામાં આવી.
- પ્રથમ વખત 50 નવી કોલેજો શરૂ કરવામાં આવી, જેમાં એક વર્ષમાં 25 હજાર વધારાની બેઠકો ઉમેરવામાં આવી.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાગુ કરવામાં આવી.
- 2 આર્કિટેક્ચર કોલેજો અને 1 એન્જિનિયરિંગ કોલેજની સ્થાપના.
- ટ્રાન્સફર- એપોઈન્ટમેન્ટની સમગ્ર પ્રક્રિયા ઑનલાઈન અને પારદર્શક બની.
- 803 વોકેશનલ લેબની સ્થાપના કરવામાં આવી.
- 127 અટલ ટિંકરિંગ લેબની સ્થાપના. વર્ષ 2023-24 સુધીમાં 500 શાળાઓમાં અટલ ટિંકરિંગ લેબની સ્થાપના કરવામાં આવશે.



## કૃષિ અને ખેડૂતની ખુશીઓ વધી

**1.61** કરોડ છોડ વર્ષ 2022-23માં રોપવામાં આવ્યા, જ્યારે લક્ષ્ય 1.35 કરોડનું હતું.

**5,013** કરોડ રૂપિયાની જોગવાઈથી સમગ્ર કૃષિ વિકાસ કાર્યક્રમની શરૂઆત.

- કૃષિમાંથી માસિક આવકની દૃષ્ટિએ ત્રીજું સ્થાન તેમજ કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોની દૃષ્ટિએ દેશમાં 5મું સૌથી બહેતર પ્રદર્શન કરનાર રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યું.
- કાશ્મીરના કેસરને GI ટૅગ મળ્યું અને ઉત્પાદનમાં વધારો થવાથી કેસરના ઉત્પાદકોની આવક બમણી થઈ.
- કિસાન ક્રેડિટ કાર્ડ, પીએમ કિસાન યોજનાના લાભોનો વ્યાપ ઝડપથી વધ્યો.
- રાજ્યને દૂધ, મટન, પોલ્ટ્રીમાં આત્મનિર્ભર બનાવવાની પહેલ.
- હર ગાંવ હરિયાળી યોજના. 75 નવા ટ્રેકિંગ રૂટ ખોલવામાં આવ્યા છે.

## મિશન યુવા- મારું જમ્મુ-કાશ્મીર

**50** હજાર કરતાં વધારે યુવાનો અને જરૂરિયાતમંદ લોકોને કૌશલ્યની તાલીમ આપવામાં આવી.

**60** લાખ કરતાં વધારે યુવાનોએ 2022-23માં રમતની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો.

- મુમકીન, તેજસ્વિની, રાઈઝ ટુગેધર, વોલિઅન્ટર પ્રોગ્રામ વગેરે દ્વારા યુવાનોને આગળ વધવાની તકો મળી રહી છે.
- 5130 યુથ ક્લબનું નિર્માણ, તેજસ્વિની યોજના હેઠળ 6.5 હજાર મહિલાઓને લાભ મળ્યો, મુમકીનમાં 9 હજારથી વધુ યુવાનોને ફાયદો થયો.
- પરવાજ યોજનામાં 2,000 પ્રશાસનિક સેવા ઈચ્છુકોને સુવિધા.
- ગ્રામ્ય સ્તરે વિવિધ યોજનાઓ દ્વારા રોજગારીની નવી તકો આપીને તેઓને સશક્ત બનાવવામાં આવી રહ્યાં છે.
- દરેક જિલ્લામાં ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, દરેક પંચાયતમાં રમતનું મેદાન અને રાજ્યમાં સ્ટેડિયમ તેમજ રમતગમત માટે આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ.

## રાજ્ય રોકાણનું કેન્દ્ર બની રહ્યું છે

**14,500** કરોડ રૂપિયાના પ્રોજેક્ટ કાશ્મીર પ્રદેશ માટે, તે સહિત સમગ્ર જમ્મુ-કાશ્મીર માટે, 52,000 કરોડ રૂપિયાના રોકાણના પ્રસ્તાવ મળ્યા.

## મહિલાઓને સમાન અધિકાર અને તકો

- 6.43 લાખથી વધુ મહિલાઓને 80.5 હજાર સ્વ-સહાય જૂથો માટેના લાભ મળ્યા.
- 'હૌસલા' નામની પહેલ કરવામાં આવી જેથી રાજ્યની મહિલા ઉદ્યોગસાહસિકોના સપનાઓને ઉંચી ઉડાનની તક મળે.
- ડિજી-પે સખી, કૃષિ સખી, પશુ સખી, ઉમ્મીદ મહિલા હાટ જેવી વિવિધ પહેલથી મહિલાઓને જુદાં જુદાં ક્ષેત્રોમાં નવી તકો અને નવી ઓળખ મળી છે.

## સૌના સુધી સમાનતા અને ન્યાય

- અનામતની જોગવાઈઓમાં ફેરફાર કરીને વ્યાપ વધારવામાં આવ્યો.
- પહાડી ભાષા બોલનારાઓને 4 ટકા, આર્થિક રીતે નબળા વર્ગને 10 ટકા.
- અન્ય સામાજિક વર્ગોનો વ્યાપ 2% થી વધારીને 4% કરવામાં આવ્યો.
- સરહદ પર અંકુશ રેખા નજીક રહેતા લોકોનો વ્યાપ 3 ટકા થી 4 ટકા સુધી વધારી દેવામાં આવ્યો છે.
- વિધાનસભાની બેઠકો પર વસ્તી અનુસાર જનજાતીય અનામત.
- અત્યાર સુધીમાં 61,47,482 કાયમી નિવાસી પ્રમાણપત્રો ઈશ્યુ કરવામાં આવ્યા છે. જેમાં પાકિસ્તાનના શરણાર્થીઓ, વાલ્મિકી, ગોરખા, વિસ્થાપિત, સફાઈ કામદારો, રાજ્યની બહાર લગ્ન કરનાર મહિલાઓના બાળકો વગેરેનો સમાવેશ થાય છે.
- કાયમી નિવાસી પ્રમાણપત્ર પ્રક્રિયા સરળ અને ઑનલાઈન, 15 દિવસની સમય મર્યાદા, અપીલની સુવિધા અને વિલંબના કિસ્સામાં અધિકારીઓ પર દંડની જોગવાઈ.
- વિસ્થાપિતોને PMDP 2015માં 5.5 લાખ રૂપિયાની નાણાકીય સહાય.
- ભરતીમાં સરહદ પર રહેતા લોકો માટે અનામતની યોજનામાં લાભને 31 માર્ચ 2024 સુધી લંબાવવામાં આવ્યો.
- આદિવાસી સમૂહ માટે નવા યુગની શરૂઆત, અત્યાર સુધીમાં 3032 વન અધિકાર પ્રમાણપત્રો ઈશ્યુ કરવામાં આવ્યા છે.
- પૂંચ અને જમ્મુમાં બે આદિવાસી સંગ્રહાલય બનાવવામાં આવશે. 221 સ્માર્ટ સ્કૂલ પણ બનાવવામાં આવશે.

## મહત્વાકાંક્ષી તાલુકા વિકાસ કાર્યક્રમ

- 44 મહત્વાકાંક્ષી તાલુકા પસંદ કરીને વિકાસ યોજના પર કામ.
- માર્ચ 2023 સુધીમાં 90 ટકા કામ પૂર્ણ થયું.
- દરેક તાલુકા માટે 1 કરોડ રૂપિયાનું ભંડોળ આ નાણાકીય વર્ષ માટે મંજૂર.

## મહત્વાકાંક્ષી પંચાયત વિકાસ કાર્યક્રમ

- મહત્વાકાંક્ષી તાલુકા વિકાસ કાર્યક્રમની જેમ જ પંચાયતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- 285 મહત્વાકાંક્ષી પંચાયતોને ચિહ્નિત કરીને ધોરણો નક્કી કરવામાં આવ્યા છે.
- દરેક પંચાયત માટે 10 લાખ રૂપિયાની આર્થિક સહાય મંજૂર. બેક ટુ વિલેજ કાર્યક્રમના અધિકારીઓને પ્રભારી તરીકે નિયુક્ત કરાયા છે.

> 5 ઓગસ્ટનો નિર્ણય અમારા માટે અટલ છે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને નવા માર્ગ પર લઈ જવાનો નિશ્ચય પણ અટલ છે. 5 ઓગસ્ટના રોજ, જમ્મુ અને કાશ્મીરમાં ભારતના સંપૂર્ણ બંધારણ અને કાયદાનો અમલ કરવામાં આવ્યો, 70 વર્ષથી જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના વિકાસમાં જે સૌથી મોટો અવરોધ હતો તેને અમે 5 ઓગસ્ટના દિવસે હટાવી દીધો.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

અપાવ્યો છે. વર્ષ 1947 થી 2014 સુધી અહીં નોકરીઓની ભારે અછત હતી. પરંતુ હવે ભારત સરકારે પારદર્શિતા સાથે યુવાનોને 28,000 સરકારી નોકરીઓ આપી છે, 51,000 સ્વ-રોજગાર એકમોની સ્થાપના કરી છે, મિશન યુવા હેઠળ 70,000 યુવાનોને આજીવિકા આપવા અને રૂ. 28,400 કરોડનું ઔદ્યોગિક પેકેજ આપવાનું કામ કર્યું છે. લગભગ 97 લાખ લોકોને ગોલ્ડન હેલ્થ કાર્ડનો લાભ મળી રહ્યો છે. સમગ્ર દેશમાં જ્યાં માત્ર ગરીબોને જ પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના મળે છે, ત્યાં જમ્મુ-કાશ્મીરમાં પ્રધાનમંત્રી મોદીએ તમામ નાગરિકોને 5 લાખ રૂપિયા સુધીની તમામ આરોગ્ય સુવિધાઓ મફતમાં આપવાનો નિર્ણય કર્યો છે. આજે અહીં 12 લાખ 45 હજાર ખેડૂતોના બેંક ખાતામાં દર વર્ષે 6 હજાર રૂપિયા પહોંચી રહ્યા છે. પ્રધાનમંત્રી પાક વીમા યોજના હેઠળ જમ્મુ-કાશ્મીરના ખેડૂતોને ત્રણ વર્ષમાં 100 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. રાજ્યમાં 13 લાખ 80 હજાર પરિવારો એવા હતા જેમના ઘરમાં આઝાદીના 70 વર્ષ પછી પણ શૌચાલય ન હોતા, આ ઘરોમાં શૌચાલય બાંધવામાં આવ્યા છે. આજે કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાં 65 લાખ 91 હજાર લોકોને વ્યક્તિ દીઠ 5 કિલો ચોખા મફત આપવાનું કામ કરી રહી છે. લગભગ 1.86 લાખ લોકોને ઘર આપવાનું કામ કરવામાં આવ્યું છે. DBTથી 4 વર્ષમાં 23 હજાર કરોડ રૂપિયા સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. જ્યારે પહેલાંના સમયમાં પૈસા તો આવતા હતા, પરંતુ લાભાર્થીઓને મળતા ન હતા અને સીધા જ ભ્રષ્ટાચારીઓ ખાઈ જતા હતા.

### નવો શ્વાસ, નવી સવાર, નવી શરૂઆત

જમ્મુ-કાશ્મીરનો વિકાસ સુનિશ્ચિત કરવો હોય તો સૌથી પહેલા લોકોને વિશ્વાસમાં લેવા પડશે, તેમના વિશ્વાસ કરવો પણ પડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ વિચારસરણીને લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા સતત આગળ વધારવામાં આવી રહી છે. 'મુલાકાત' 'બેક ટુ વિલેજ' યોજના દ્વારા સામાન્ય લોકો પાસેથી પ્રતિસાદ લેવા, પંચાયતીરાજ વ્યવસ્થાને મજબૂત બનાવવી વગેરે આમાં ખૂબ

## લોકશાહીનું મજબૂતીકરણ

- પંચાયત રાજ કાયદો ત્રણેય સ્તરે પ્રથમ વખત લાગુ કરવામાં આવ્યો. મતદાનમાં 74 ટકાથી વધુ ભાગીદારી. 3991 સરપંચ અને 28521 પંચ ચૂંટાયા.
- તાલુકા વિકાસ પરિષદની ચૂંટણીમાં 98.3% વિક્રમી મતદાન, જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણીમાં 52%નું વિક્રમી મતદાન.
- જમ્મુ-કાશ્મીરના ઈતિહાસમાં 150 વર્ષ જૂની દરબાર મૂવ પ્રથાનો અંત આવ્યો. છ-છ મહિના માટે બે પાટનગર હોવાને કારણે, દરબાદ મૂવ એટલે કે ટ્રકો દ્વારા બધા જ સામાનની હેરફેર કરવામાં આવતી હતી જેના કારણે સરકારી ખર્ચ ખૂબ વધી જતો હતો.
- હવે ઈ-ફાઈલ્સ અને ઈ-ઓફિસની પહેલથી લગભગ 400 કરોડ રૂપિયાની બચત થશે.
- ફરિયાદોના નિવારણ માટે નિરીક્ષણ વ્યવસ્થાતંત્ર - JKIGRAMS ની સ્થાપના કરવામાં આવી. સપ્ટેમ્બર 2020માં આ પહેલની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં 2,43,476 ફરિયાદો નોંધાઈ, 95%નો નિકાલ દર રહ્યો.
- LG મુલાકાત કાર્યક્રમની રજૂઆત પછી ફરિયાદ નિવારણ દર 52 ટકાથી વધીને 95 ટકા થઈ ગયો છે.
- આવામ કી આવાઝ જેવી પહેલ લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય લોકો પાસેથી પ્રતિભાવ મેળવીને નવી નીતિઓ ઘડવાનો છે.
- બેક ટુ વિલેજ (B2V) જેવા કાર્યક્રમના ચોથા તબક્કામાં 4 હજાર વરિષ્ઠ અધિકારીઓને પંચાયતોમાં તૈનાત કરવામાં આવ્યા. પ્રશાસન તમારા દ્વારે પહેલ હેઠળ 35 હજારથી વધુ કામ લોકો દ્વારા ચિહ્નિત અને શરૂ કરવામાં આવ્યા.
- આપકી જમીન, આપકી નિગરાની યોજના હેઠળ સંપત્તિના રેકોર્ડ્સ એક ખાસ પોર્ટલ પર મૂકવામાં આવ્યા.
- જમ્મુ-કાશ્મીરને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે સાર્થક નાગરિક મોબાઈલ એપ અને પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યા.

## પર્યટને નવો વિક્રમ બનાવ્યો

- 1,88,84,317 પ્રવાસીઓ જાન્યુઆરીથી ડિસેમ્બર 2022 વચ્ચે આવ્યા.
- હાઉસબોટ ફેસ્ટિવલ, સૂફી, સાહિત્ય અને અન્ય તહેવારોનું આયોજન કરીને પર્યટનને પ્રોત્સાહન આપવામાં આવે છે.

## બોલિવૂડનું પુનરાગમન

- જમ્મુ-કાશ્મીર ફિલ્મ નીતિ 2021 લાવવામાં આવી. જમ્મુ-કાશ્મીર ફિલ્મ વિકાસ પરિષદ સ્થાપના કરવામાં આવી છે.
- નવી પહેલ સાથે, બોલિવૂડ જમ્મુ-કાશ્મીરમાં પરત ફર્યું છે. તેનાથી સ્થાનિક કલાકારો અને ફિલ્મ નિર્માતાઓને નવી તક મળી છે.
- 400થી વધુ ફિલ્મના શૂટિંગને મંજૂરી આપવામાં આવી છે. શૂટિંગ સહજતાથી થઈ શકે તે માટે એક નોડલ અધિકારીની નિયુક્તિ.

“

**જમ્મુ-કાશ્મીર દરેક ભારતીયનું ગૌરવ છે. આપણે સાથે મળીને જમ્મુ-કાશ્મીરને એક નવી ઉંચાઈ પર લઈ જવાનું છે. આપણી સમક્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનું વિરાટ લક્ષ્ય પણ છે, જેને પૂરું કરવા માટે આપણે મજબૂત સંકલ્પો સાથે રાષ્ટ્ર નિર્માણમાં એકજૂથ થવું પડશે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

અસરકારક સાબિત થઈ રહ્યા છે. જમ્મુ-કાશ્મીર, લદ્દાખના ઈતિહાસમાં પ્રથમ વખત તાલુકા વિકાસ પરિષદની ચૂંટણીમાં 98 ટકાથી વધુ મતદાન આનું પ્રતિબિંબ પૂરું પાડે છે. લોકશાહીને પાયાના સ્તરે લાવીને લોકોની આકાંક્ષાઓને એક નવી તક આપવામાં આવી રહી છે, જેથી કરીને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના મહાન વારસાને મજબૂત બનાવી શકાય. મહિલાઓ અને બાળકોને ફરી પાછા એવા અધિકારો મળ્યા છે, જે તેઓ અગાઉના સમયમાં રાજ્યની બહાર લગ્ન કરે તો તેમની પાસેથી છીનવાઈ જતા હતા. પ્રથમ વખત કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરમાં ત્રણેય સ્તરે પંચાયતીરાજ વ્યવસ્થા લાગુ કરી છે. હાલમાં 32,000 નવા ચૂંટાયેલા પંચ, સરપંચ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો છે જેઓ જમ્મુ-કાશ્મીરને વિકાસના માર્ગે આગળ લઈ જઈ રહ્યા છે. છેલ્લા 70 વર્ષમાં માત્ર 4 મેડિકલ કોલેજો બની હતી, જ્યારે છેલ્લા 9 વર્ષમાં 9 નવી મેડિકલ કોલેજ અને 15 નર્સિંગ કોલેજો બનાવવામાં આવી છે. ડિગ્રી કોલેજો અને એન્જિનિયરિંગ કોલેજોની સંખ્યા 96થી વધારીને 147 કરવાની સાથે જ જમ્મુને IIT અને IIM આપવામાં આવ્યા છે. તાજેતરમાં જ જમ્મુ-કાશ્મીરમાં તિરુમલા તિરૂપતિ દેવસ્થાનમ મંદિરનો પણ આરંભ કરવામાં આવ્યો છે.

કોઈપણ પરિવર્તન ત્યારે થાય છે જ્યારે પરિવર્તન કરવા માટે દિલમાં લાગણી હોય છે. જો કોઈ સત્તા ભોગવવા માટે જ આવે તો તે કોઈ પરિવર્તન લાવી શકે નહીં. લોકોના સુખ-દુઃખ અને પ્રગતિ સાથે જો મન જોડાયેલું હોય તો પરિવર્તન આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને લોકશાહી પ્રત્યે લાગણી છે. આ લાગણીને કારણે જ અહીં પરિવર્તન આવ્યું છે. આવી સ્થિતિમાં, નવા જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની પ્રગતિની ગતિ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સંસદમાં આપેલા નિવેદનને શાબ્દિક રીતે સાબિત કરી રહી છે કે કલમ 370 એ એક ઐતિહાસિક ભૂલ હતી, જેને 5 ઓગસ્ટ, 2019ના રોજ સુધારી દેવામાં આવી હતી અને રાષ્ટ્રને સાચી રીતે એકીકૃત કરવામાં આવ્યું હતું.

# વિકાસના માર્ગ પર લદ્દાખ, વિઝન 2050 પર આગળ વધી રહ્યું છે પ્રશસાન

કુદરતી સંસાધનોથી સમૃદ્ધ લેહ અને કારગિલ જિલ્લાવાળું લદ્દાખ છેલ્લા 4 વર્ષમાં વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યું છે. તાપમાનમાં 35 ડિગ્રીથી માઈનસ 40 ડિગ્રી સેલ્સિયસ સુધીનો ચડાવ-ઉતાર થતો હોવા છતાં, જે લદ્દાખમાં 300 દિવસ તાપ નીકળી છે ત્યાંના નાગરિકોની ઉર્જાને કેન્દ્ર સરકારે સ્થાનિક પ્રશાસન સાથે હાથ મિલાવીને દરેક સ્તરે ગતિ આપવાનું કામ કર્યું છે.





## લદ્દાખ વિઝન 2050માં ખાસ

- લદ્દાખ પ્રશાસને વિઝન 2050 તૈયાર કર્યું છે જે 3-C અભિગમ એટલે કે કમ્યુનિટી (નાગરિક કેન્દ્રિત વિકાસ), કનેક્ટિવિટી (100% સુલભતા અને ગતિશીલતા) અને ક્લસ્ટર (વિકેન્દ્રિત પ્રાદેશિક વિકાસ) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- 35 ગીગાવોટ સૌર ઉર્જા અને 4 ગીગાવોટ પવન ઉર્જાનું ક્ષમતા નિર્માણ હાથ ધરવામાં આવશે.
- સ્માર્ટ અને ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ દ્વારા અભ્યાસનો માહોલ બનાવવામાં આવશે, જ્યારે શિક્ષણને આકર્ષક કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.
- વિશેષ આરોગ્ય સેવાઓ એક કલાકની પહોંચમાં હશે, દૂરસ્થ વસ્તીના ઘરઆંગણે આરોગ્ય સેવાઓ સુલભ હશે.
- લદ્દાખની મોબાઈલ કનેક્ટિવિટી વધારવા પર ભાર મૂકવામાં આવશે, હોસ્પિટલો, શિક્ષણ, પરિવહન સેવાઓ ડિજિટલ થશે.

- રસ્તાઓ, પુલ, 220 KV શ્રીનગર-લેહ ટ્રાન્સમિશન લાઈન અને લગભગ 250 કિમી હાઈ અને લો વોલ્ટેજ ટ્રાન્સમિશન લાઈન નાખવાની સાથે જ, વીજ પુરવઠા માટે 60,000 કરતાં વધુ સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યાં છે.
- શિક્ષણ ક્ષેત્રમાં, 6-12 ધોરણ સુધીના વિદ્યાર્થીઓને સામગ્રીથી ભરેલા 12,300થી વધુ ટેબનું વિતરણ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય વિદ્યાલયમાં એસ્ટ્રોનોમી લેબની સ્થાપના કરવામાં આવી છે.
- 325 કરોડના ખર્ચે એક મેડિકલ કોલેજને મંજૂર કરવામાં આવી છે, તેમજ 2019માં અહીં સિંધુ કેન્દ્રીય યુનિવર્સિટી શરૂ કરવામાં આવી છે.
- 2025 સુધીમાં લદ્દાખને સંપૂર્ણપણે કુદરતી ખેતી તરફ વાળવાનું મિશન શરૂ કરી દેવામાં આવ્યું છે.
- 2000થી વધુ સોલાર લાઈટો લગાવવામાં આવી છે.
- કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં નવા ઔદ્યોગિક એસ્ટેટ્સનો પણ વિકાસ થઈ રહ્યો છે.
- એક જિલ્લો, એક ઉત્પાદન અંતર્ગત કારગીલમાં સીબકહાર્ન અને પશ્મિના તેમજ લેહના જરદાળુ અને પર્યટનને સામેલ કરવામાં આવ્યા છે.
- ઉત્પાદકો અને સંબંધિત ઉદ્યોગોને મહત્તમ મૂલ્ય મળી શકે તે માટે પશ્મિના, જરદાળુ અને સીબકહાર્ન માટે ભૌગોલિક સંકેત (GI) માટે અરજી કરવામાં આવી છે.
- લદ્દાખના સ્વદેશી ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરીને હસ્તવણાટ, હાથ બનાવટ અને ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઘણી પહેલ કરવામાં આવી છે.
- પ્રશાસને ક્ષમતા નિર્માણ અને ઉદ્યોગસાહસિકતાના વિકાસ માટે NIFT, NID, CSIR-IHBT, NIFTEM, KVIC, IIT, CSIR- CLRI જેવી દેશની અગ્રણી સંસ્થાઓ સાથે સહયોગ કરવાની પહેલ કરી છે.
- લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસને ઉદ્યોગસાહસિકતાના વિકાસમાં મદદ કરવા માટે ઈન્ક્યુબેશન કેન્દ્રોની પણ સ્થાપના કરી છે. ●



અમૃત મહોત્સવથી અમૃતકાળ તરફ

# સ્વર્ણિમ પથ પર નવું ભારત...

*આઝાદીની 75મી વર્ષગાંઠને ઉત્સવનું રૂપ આપીને નવા ભારતના સંકલ્પને સાકાર કરવા માટે બે વર્ષથી વધુ સમય સુધી ચાલેલો અમૃત મહોત્સવ નવા ભારતના પાયાનો અવિસ્મરણીય કાળખંડ છે. તે વિકસિત ભારતના વિરાટ લક્ષ્ય સાથે આગળ વધી રહેલા નવા ભારતનો આધારસ્તંભ બન્યો છે. કેન્દ્ર સરકારની નવી પહેલ, કાર્યક્રમો અને સ્પર્ધાઓ દ્વારા 2 લાખથી વધુ કાર્યક્રમોમાં 140 કરોડ લોકોની જનભાગીદારીએ ભારતના વર્તમાન અને ભવિષ્યની યોજનાઓને આકાર મળ્યો છે, પરંતુ આઝાદીના પાયા પર ઉભેલી આ ભવ્ય ઈમારત રાષ્ટ્રનું મુકામ નથી, તે માત્ર માર્ગ છે, એક નવા ભારતની શરૂઆત છે...*

**આવો જાણીએ, કેવી રીતે આ જનભાગીદારીથી આઝાદીનો અમૃત મહોત્સવ રાષ્ટ્રની યાત્રાનો એક જન-ઉત્સવ બની ગયો...**



લેડી ટારઝન તરીકે જાણીતી ઝારખંડની જમુના ટુડૂએ ટિમ્બર માફિયાઓ અને નક્સલવાદીઓનો સામનો કરવાનું સાહસિક કામ કર્યું હતું. ટુડૂએ પોતાની હિંમત અને દઢ ઈચ્છાશક્તિથી, 50 હેક્ટર જંગલનો વિનાશ થવાથી તેને બચાવ્યું હતું અને 10,000 મહિલાઓને એકજૂથ થઈને વૃક્ષો અને વન્યજીવોનું રક્ષણ કરવા માટે તેમને પ્રેરણા આપી હતી. ટુડૂના પરિશ્રમના પ્રતાપે જ આજે ગામના લોકો દરેક બાળકના જન્મ વખતે 18 છોડ રોપે છે અને દરેક દીકરીના જન્મ વખતે 10 છોડ રોપે છે.

કહેવાય છે કે પ્રતિભાને ઉંમરનું કોઈ બંધન નથી હોતું. પંજાબના બાળ વૈજ્ઞાનિકે તે ઉક્તિને સાચી સાબિત કરી દીધી છે. અમૃતસરમાં આવેલી ડીએવી પબ્લિક સ્કૂલમાં ડૉ. રેશમ શર્મા બાળકોની પ્રતિભાને પોષી રહ્યાં છે અને તેમને જીવન ઉપયોગી મોડેલ બનવા માટે પ્રેરિત કરી રહ્યાં છે. અહીંના બાળકોએ પરાળીને સળગવાથી બચાવવાનું મોડેલ અને મંગળ જીવવાનો માર્ગ પણ બતાવ્યો છે. બાળકોમાં નાનપણથી જ પ્રતિભા હોય છે, માત્ર તેને નિખારવાની જરૂર હોય છે. અહીંના વિદ્યાર્થીઓએ અત્યાર સુધીમાં અનેક મોડલ બનાવ્યા છે.

આઝાદીના અમૃત મહોત્સવની શ્રેણીમાં, 1 જુલાઈ 2022થી "સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ"ને સમર્થન આપીને રાજસ્થાન જીપ ક્લબ દ્વારા અમર જવાન જ્યોતિ ખાતે શપથ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. 1 જુલાઈથી આ વસ્તુઓ બનાવવા, વેચવા, સંગ્રહ કરવા અને નિકાસ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધમ મૂકવામાં આવ્યો છે. સિંગલ યુઝ પ્લાસ્ટિકના કચરાથી થતા પ્રદૂષણને ઘટાડી શકાય તે માટે આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક એટલે પ્લાસ્ટિકની બનેલી એવી વસ્તુઓ, જેનો આપણે માત્ર એક જ વખત ઉપયોગ કરી શકીએ છીએ અથવા એકવાર ઉપયોગમાં લઈને ફેંકી દઈએ છીએ અને જેનાથી પર્યાવરણને નુકસાન થાય છે. આવી સ્થિતિમાં, પ્લાસ્ટિકની થેલીઓને બદલે કોટન બેગનો ઉપયોગ કરી શકાય.



નવેસરથી પોતાને પરિભાષિત કરી રહેલા ભારતમાં પરિવર્તનની આવી અગણિત ગાથાઓ છે જે આઝાદીના અમૃત મહોત્સવની સારથી બની ગઈ છે. જે રીતે આઝાદીની ચળવળ દરમિયાન સામાન્ય લોકોની સહભાગીતા દેખાતી હતી અને ચરખા, મીઠું, સ્વદેશી જેવાં પ્રતીકોએ જનમાનસને આઝાદીની લડત સાથે જોડી દીધું હતું, એવી જ રીતે આઝાદીનો અમૃત મહોત્સવ ભારતના નવનિર્માણનું પ્રતીક બનીને ઉદયમાન થયો છે. બે વર્ષથી વધુનો આ કાળખંડ એક અવિસ્મરણીય સફરનો સાક્ષી બન્યો છે. ખરા અર્થમાં કહીએ તો, આઝાદીના અમૃત મહોત્સવનું મંથન આઝાદીની ઉર્જાનું અમૃત, નવા વિચારોનું અમૃત, નવા સંકલ્પોનું અમૃત અને આત્મનિર્ભરતાનું અમૃત બનીને વિકસિત રાષ્ટ્રના સંકલ્પોનું સાધન બન્યું છે. આ સમયગાળામાં દેશનો દરેક નાગરિક સંકલ્પોની સિદ્ધિ માટે સૈનિક બન્યો છે. તેમના માટે દેશનું હિત સર્વોપરી છે કારણ કે જ્યારે દેશનું ભલું થશે ત્યારે બધાનું ભલું થશે. જ્યારે સૌનું ભલું હશે ત્યારે દેશ આગળ વધશે. અમૃત મહોત્સવ આ અનોખા સંબંધનો આધાર બન્યો છે. હવે આગામી 25 વર્ષને અમૃતકાળ નામ આપીને અમૃત યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. આ યાત્રામાં પોતાની ક્ષમતાઓ સાથે પ્રગતિ કરવા માટે તત્પર ભારત, આત્મનિર્ભરતાની ઊંચાઈઓને આંબવા માટે સંકલ્પબદ્ધ છે. આજની વિકાસ યાત્રા આવતીકાલના નવા ભારતના સમૃદ્ધ અને ભવ્ય વારસાના રૂપમાં પ્રતિબિંબિત થતી દેખાઈ રહી છે.

ભારત માટે આ સમય, યુવાનોનો સમયગાળો છે. વિતેલાં 9 વર્ષ ભારતનો આત્મવિશ્વાસ પાછો મેળવવાના હતા, તો આઝાદીનો અમૃતકાળ એ અમૃત પેઢીના સંકલ્પને સિદ્ધ કરવાનો સમય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસનનો એક જ મંત્ર છે. આ મંત્ર દેશની આવકનું વિસ્તરણ કરીને તે સમૃદ્ધિનો લાભ દરેક ભારતીય સુધી પહોંચાડવાનો છે. તેથી જ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

*ઉત્તરપ્રદેશના ઝાંસીમાં રહેતા ઈન્ટર પાસ ગુલાબસિંહ રાયકવારના પરિવારમાં પત્ની, બે પુત્રો અને એક પુત્રી છે. તેમના તમામ બાળકો અભ્યાસ કરે છે. આ સિવાય, પુત્રો કામમાં પણ મદદ કરે છે. ગુલાબસિંહ રાયકવાર 10-15 વર્ષથી મત્સ્યપાલન કરી રહ્યા છે, પરંતુ તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ 2018-19માં આવ્યો જ્યારે તેમને પ્રધાનમંત્રી મોદીની મત્સ્ય સંપદા યોજના હેઠળ 10 લાખ રૂપિયાની ગ્રાન્ટ મળી. આ યોજનાની મદદથી તેમના મત્સ્યઉદ્યોગના કામમાં 100 ટકા ફાયદો થયો. હવે તેમણે મત્સ્યબીજ પણ તૈયાર કરવાનું શરૂ કર્યું છે. સ્વદેશી પ્રજાતિમાં કતલા, રોહુ, નૈની અને ચીની પ્રજાતિમાં સિલ્વર કૉર્પ, ગ્રાસ કૉર્પ અને વિયેતનામ પ્રજાતિમાં પંગાસ પણ ઉછેરે છે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં સપ્લાય કરે છે. સાથે જ, તેમણે 1500 ખેડૂતોને મત્સ્યપાલનની તાલીમ પણ વિનામૂલ્યે આપી છે.*

*આજે 21મી સદીમાં દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. નવી જરૂરિયાતો અનુસાર ભારતના લોકોની આશાઓ અને અપેક્ષાઓ પણ વધી રહી છે. જ્યારે આપણે આઝાદીના 75માં વર્ષમાં નવા ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છીએ, ત્યારે આ સંકલ્પોને આગળ લઈ જવાની જવાબદારી આપણી સંસદ અને વિધાનસભાઓની પણ છે. આના માટે ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક દિવસ-રાત મહેનત કરવાની જરૂર છે.*

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



એવું કહે પણ છે કે, આજનું નવું ભારત યુવા ભારત છે, ખૂબ જ ઊર્જાથી છલકાતું ભારત છે. 21મી સદીના આ ત્રીજા દાયકામાં આપણી પાસે આ સ્વર્ણિમકાળ આવ્યો છે. આ સ્વર્ણિમકાળની દરેક સેકન્ડનો પૂરેપૂરો ઉપયોગ કરવાનો છે. ઝડપી વિકાસની કોઈપણ સંભાવનામાં દેશનો કોઈ ખૂણો પાછળ ન રહેવો જોઈએ. આ સંભાવનાઓને મજબૂત કરવા માટે, છેલ્લાં 9 વર્ષોમાં, ભારત સરકારે વિકસિત ભારતનો આધાર તૈયાર કરી દીધો છે. ભારત સરકારે પોતાની આ વિચારધારા સાથે, આઝાદીના 75 વર્ષને એક એવું અનોખું પ્રતીક બનાવ્યું છે અને રાષ્ટ્રને નવેસરથી પરિભાષિત કરવા માટે નવી પહેલ, કાર્યક્રમો અને સ્પર્ધાઓ સાથે તેની ભવિષ્યની યોજનાઓને આકાર આપ્યો છે કે, જેથી આગામી 25 વર્ષમાં એટલે કે 2047માં જ્યારે ભારત આઝાદીના શતાબ્દી વર્ષની ઉજવણી કરશે ત્યારે ભારત સમગ્ર વિશ્વમાં ટોચ પર સ્થાપિત હોય.

### અવિસ્મરણીય અમૃત ઉત્સવ

ભારતની સંસ્કૃતિમાં કહેવામાં આવ્યું છે કે – "*उत्सवेन बिना यस्मात् स्थापनम् निष्फलम् भवेत्*" એટલે કે, ઉત્સવ વગર કોઈપણ પ્રયાસ, કોઈપણ સંકલ્પ સફળ થતો નથી. જ્યારે કોઈ સંકલ્પ ઉત્સવનું રૂપ ધારણ કરે છે ત્યારે લાખો-કરોડો લોકોની સંકલ્પ શક્તિ અને ઉર્જા તેમાં જોડાઈ જાય છે. આ લાગણીએ 140 કરોડ દેશવાસીઓને સાથે રાખીને, તેમને સાથે જોડીને આઝાદીના અમૃત ઉત્સવની ઉજવણી શરૂ કરી. મહત્વના મુકામ તરફ આગળ વધી રહેલા અમૃત મહોત્સવમાં જનભાગીદારી પાયાની લાગણી બની હતી. 15 ઓગસ્ટ, 2023 સુધી ઉજવવામાં આવનારા અમૃત મહોત્સવની શરૂઆત, આઝાદીનાં 75 વર્ષ પૂરા થવાના 75 અઠવાડિયા પહેલાં દાંડી માર્ચની વર્ષગાંઠ પર 12 માર્ચ, 2021ના રોજ કરવામાં આવી હતી. આ સમયગાળામાં તે એવું અમૃત બની ગયો જે દરેક લોકોને દરેક ક્ષણે દેશ માટે જીવવા, દેશ માટે કંઈક કરવાની પ્રેરણા આપે છે. આ યાત્રામાં અસંખ્ય સ્વાતંત્ર્ય સંગ્રામ, અસંખ્ય બલિદાનની ઉર્જા આખા ભારતમાં ફેલાઈ છે. આ બધુ જનભાગીદારીના કારણે શક્ય બન્યું છે. આઝાદીના અમૃત ઉત્સવે જનભાગીદારીથી આત્મનિર્ભરતાના સંકલ્પને આંદોલન બનાવ્યું, તો કળા-સંસ્કૃતિ, ગીત અને સંગીતના રંગો પણ તેમાં ઉમેરાયા. ઈનોવેશન ચેલેન્જ હોય, હર ઘર તિરંગા અભિયાન હોય, રાષ્ટ્રગીત હોય કે સ્વાતંત્ર્ય સેનાનીઓ, રંગોળી સ્પર્ધા, દરેક ઘરમાં બાળકો, યુવાનોથી લઈને મહિલાઓ સુધીની લોકભાગીદારી જોવા મળી હતી. આઝાદીના અમૃત મહોત્સવના આ કાળખંડમાં કોવિડના બીજા અને ત્રીજા તબક્કાને કારણે કપરો સમય આવ્યો અને ઘણા કાર્યક્રમો હાઈબ્રિડ મોડમાં કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓ દ્વારા પ્રધાનમંત્રીને પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા, સ્વતંત્રતા સ્વર જેમાં અંગ્રેજો દ્વારા પ્રતિબંધિત કવિતાઓનું સંકલન થયું, વંદે ભારત નૃત્ય ઉત્સવ, 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામના સ્મરણ જેવા અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા. સ્વાતંત્ર્ય સંગ્રામના અજ્ઞાત નાયકો પર સંશોધન અને સંકલનના કાર્યક્રમો હોય, મારું ગામ - મારો વારસો કાર્યક્રમ હોય, આ બધુ જ નાગરિકોના મનમાં નવી ઉર્જાનો સંચાર કરે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, ડિજિટલ જિલ્લા રિપોઝીટરી, સ્વતંત્ર સ્વર જેવા કાર્યક્રમોમાં જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી છે. અમૃત મહોત્સવ અને અમૃતકાળ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો દ્દષ્ટિકોણ ખૂબ જ સ્પષ્ટ રહ્યો છે. આ ઉત્સવની શરૂઆતમાં જ તેમણે એવો આધાર બનાવ્યો હતો કે, 15 ઓગસ્ટ, 2023ના રોજ જ્યારે તેઓ લાલ કિલ્લા પરથી 10મી વખત તિરંગો ફરકાવશે ત્યારે, આ તહેવાર સમગ્ર ભારત માટે માત્ર ઉજવણીનો નહીં, પરંતુ 2047ના ભારત માટે પ્રેરણા બની જાય.



અમૃત મહોત્સવની ભવ્યતા અને સફળતાનું મૂલ્યાંકન એ વાત પરથી પણ કરી શકાય છે કે, લગભગ 890 દિવસના આ કાર્યક્રમમાં દેશ-વિદેશમાં 2 લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સંપૂર્ણ સરકાર એટલે કે સરકારની સામૂહિક શક્તિ સાથે, 55 મંત્રાલયો/વિભાગોએ સંકલિત પ્રયાસો દ્વારા દરેક લોકોને તેની સાથે જોડ્યા છે. આમ જોવામાં આવે તો, અમૃત મહોત્સવ અંતર્ગત દર કલાકે સરેરાશ 9-10 કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## અમૃત સંકલ્પને સિદ્ધિનો આધાર

અમૃત મહોત્સવે કેવી રીતે ઈતિહાસમાંથી શીખીને વર્તમાનને ઉત્સાહથી ભરી દીધો છે અને ભવિષ્યની ઉર્જાનો સંચાર કર્યો છે, તે પણ આ ઉત્સવ દરમિયાનની પ્રવૃત્તિઓ પરથી સમજી શકાય છે. પરંતુ તે માત્ર એક પડાવ છે. ભારતે અમૃતકાળ માટે જે સંકલ્પ લીધા છે, તેની સિદ્ધિનો આધાર અમૃત મહોત્સવના મહાન મંથન દ્વારા તૈયાર કરી દીધો છે. ભારત જેવા દેશમાં ધાર્મિક અને આધ્યાત્મિક સંસ્થાઓ હંમેશા સામાજિક ઉત્કર્ષના કેન્દ્રમાં રહી છે. આજે દેશે તેની આઝાદીના 75 વર્ષ પૂરાં કર્યાં છે અને આગામી 25 વર્ષ માટે સંકલ્પ લઈને અમૃતકાળમાં પ્રવેશ કર્યો છે. તેથી જ વારસા અને વિકાસને એક ગતિ મળી રહી છે. અમૃત મહોત્સવમાં સાંસ્કૃતિક વિવિધતાઓના રંગે ભારતને નવું દર્શન કરાવ્યું અને તેને એકતાના તાતણે પણ બાંધી રાખ્યો છે.

દેશ આઝાદીના 75 વર્ષની ઉજવણી કરી રહ્યો છે, પરંતુ આવા યોગ માત્ર સંયોગો નથી હોતા. 1947 પહેલાં ભારતે નિરંતર તેના પુનર્નિર્માણ માટે વિવિધ ક્ષેત્રોમાં પ્રયાસો કર્યા હતા. ભારતના આત્માને જાગૃત કરવા વિવિધ સંસ્થાઓએ આકાર લીધો. આનું પરિણામ એ આવ્યું કે, 1947 સુધીમાં ભારત મન અને આત્માથી ગુલામીની બેડીઓ તોડવા માટે સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયું હતું. તેવી જ રીતે, અમૃત મહોત્સવ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના 75 વર્ષ નિમિત્તે દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવાનું આહ્વાન કર્યું હતું. પરિણામે, એક વર્ષથી ઓછા સમયમાં, દેશભરમાં નિર્ધારિત લક્ષ્ય કરતાં પણ વધુ એટલે કે, 60 હજારથી વધુ અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે છેલ્લાં 9 વર્ષમાં જે રીતે સિંચાઈ અને પીવાના પાણી માટે જે કામ કર્યું છે, તેમાં અમૃત સરોવરના પાણીના સ્રોતો વધારવાનો નવો માર્ગ અમૃત મહોત્સવમાં બન્યો છે. અમૃતકાળમાં આદિવાસી વિસ્તારોને સ્વસ્થ વાતાવરણ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે, સિકલ સેલ એનિમિયાથી મુક્તિ મેળવવાનું અભિયાન એક મિશન બનશે, જેથી ભારત જ્યારે તેની આઝાદીના શતાબ્દી વર્ષની ઉજવણી કરશે ત્યારે આ રોગથી આદિવાસી પરિવારો અને રાષ્ટ્રને મુક્તિ મળી શકે. આઝાદીનાં 100 વર્ષના લક્ષ્ય તરફ આગળ વધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હવે અમૃતકાળનું નામ બદલીને કર્તવ્યકાળ રાખ્યું છે. આ કર્તવ્યોમાં આધ્યાત્મિક મૂલ્યોનું માર્ગદર્શન પણ છે અને ભવિષ્ય માટેના સંકલ્પો પણ છે. આમાં વિકાસ પણ છે, અને વારસો પણ છે. આજે એક તરફ દેશમાં આધ્યાત્મિક કેન્દ્રોનો પુનરોદ્ધાર થઈ રહ્યો છે, તો સાથે જ ભારત અર્થવ્યવસ્થા અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં વિશ્વમાં નેતૃત્વ સંભાળવાની દિશામાં તરફ આગળ વધી રહ્યું છે. આજે ભારત સમગ્ર વિશ્વની ટોચની 5

*જો આપણે આઝાદીના 100 વર્ષ થાય ત્યારે, ભારતને નવી ઊંચાઈ પર લઈ જવાનું હોય તો તેના માટે આપણે પરિશ્રમની પરાકાષ્ઠા કરવી પડશે. અને પરિશ્રમનો કોઈ જ શૉર્ટકટ નથી હોતો. આઝાદી પછી, દેશમાં જે રાજકીય પક્ષોનું પ્રભૂત્વ રહ્યું, તેમણે અનેક શૉર્ટકટ અપનાવ્યા હતા.*

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

*મહારાષ્ટ્રના ચાંગદેવ મોરે વર્ષ 2013માં પાલઘર જિલ્લાના વિક્રમગઢ તાલુકાના ખોમરપાડા જિલ્લા પરિષદ શાળામાં ટ્રાન્સફર થવાથી આવ્યા હતા. આ ગામના વિદ્યાર્થીઓ કાં તો શાળાએ જતા ન હતા અથવા તો બહુ ઓછા સમય માટે હાજરી આપતા હતા. શાળામાં વાતાવરણ ઉભું કરવા માટે ચાંગદેવ મોરેએ ત્યાં વૃક્ષારોપણની શરૂઆત કરી. શાળામાં ફૂલો અને સુશોભિત છોડ વાવ્યા બાદ જ્યારે વાતાવરણ તૈયાર થયું ત્યારે તેમણે ગામમાં બાળકોને શોધીને કાઢ્યા અને ત્યાં રસપ્રદ પ્રવૃત્તિઓ શરૂ કરી, જેના પરિણામે વિદ્યાર્થીઓમાં શાળા પ્રત્યેનો રસ વધ્યો. ગામની સમસ્યા એ હતી કે, ત્યાંના લોકો ખેતીનું કામ પૂરું થયા પછી રોજગારની શોધમાં બહાર જતા અને બાળકોને સાથે લઈ જતા. આમને રોકવા માટે મોરેએ એક અલગ પ્રયોગ કર્યો. તેમણે શાળાના પરિસરમાં શાકભાજી ઉગાડવાનું શરૂ કર્યું અને થોડા દિવસો પછી શાળાની સામેની પડતર જમીન પર શાકભાજી ઉગાડ્યા. ત્યાર પછી રોજગારની શોધમાં બહાર જતા માતા-પિતાઓની બેઠક બોલાવીને તેમને સમજાવ્યા. તેમણે ગામના લોકોમાં આશા જગાવી અને કહ્યું કે, તમને જે પણ માર્ગદર્શનની જરૂર હશે, તે હું કરીશ. આ પછી ગામના લોકોએ કામ માટે બહાર જવાને બદલે ખેતી શરૂ કરવાનો નિર્ણય લીધો. પરિણામે, તેમણે ગામમાં જ જામફળ, ડુંગળી, રીંગણ, ચણા, કાકડી, ભીંડા અને પાંદડાવાળા શાકભાજીની ખેતી શરૂ કરી અને તેમાંથી કમાણી શરૂ કરી. ખાનગી ક્ષેત્રોમાં કામ કરવા જતા કેટલાક યુવાનોએ પણ સ્વેચ્છાએ આ કામમાં જોડાઈ ગયા. તેના કારણે શાળા છોડી દેનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ શૂન્ય થઈ ગઈ છે.*

અર્થવ્યવસ્થાઓમાં સામેલ થઈ ગયું છે. આજે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટ-અપ ઈકો-સિસ્ટમ ધરાવે છે. તે ડિજિટલ ટેકનોલોજી અને 5G જેવા ક્ષેત્રોમાં મોટા-મોટા દેશો સાથે સ્પર્ધા કરી રહ્યું છે. આજે વિશ્વમાં જેટલા વાસ્તવિક સમયમાં જેટલા પણ ઑનલાઈન વ્યવહારો થઈ રહ્યા છે, તેમાંથી 46 ટકા તો માત્ર ભારતમાં જ થઈ રહ્યા છે.

હવે નવું ભારત કોઈ વિશેષના તુષ્ટિકરણની વાત નથી કરતું, તેણે સાચો માર્ગ અપનાવ્યો છે અને તે છે - વિકાસના માર્ગ પર સૌનું સંતુષ્ટિકરણ. દેશના દરેક નાગરિક માટે 'સબકા સાથ, સબકા વિકાસ'ની ભાવના સાથે કામ કરવામાં આવી રહ્યું છે. એટલે કે, સ્વર્ણિમ વર્ષ માટે નવા ભારતનો સંકલ્પ છે - 100 ટકા સંતૃપ્તિ. જેમ જેમ રાજકોષ વધશે, તેમ મદદ પહોંચતી જશે. આજે દેશના દરેક નાગરિક માટે સમાન ભાવનાથી કામ થઈ રહ્યું છે. છેલ્લાં 9 વર્ષમાં દેશમાં લાભાર્થીઓનો મોટો વર્ગ તૈયાર થયો છે. અગાઉ જેઓ વંચિત હતા, તેમને હવે પ્રાધાન્ય મળી રહ્યું છે. આ એવો સાચો સામાજિક ન્યાય છે, જે પૂજ્ય બાપુથી લઈને ડૉ. આંબેડકર અને રામ મનોહર લોહિયા સુધીના દરેક મહાપુરુષો ઈચ્છતા હતા. આ માર્ગ પર નવું ભારત આગળ વધી રહ્યું છે. આવનારા સમય માટે દરેક વ્યક્તિએ ધ્યાનમાં રાખવું જોઈએ કે દેશના ગરીબોને તેમની મુશ્કેલીઓમાંથી મુક્તિ અપાવવાની છે. આના માટે, દરેક વ્યક્તિ સુધી પહોંચવાના લક્ષ્ય સાથે, તેમને કોઈ એક યોજનાનો લાભ નથી આપવાનો, પરંતુ તેઓ જેના માટે પાત્ર હોય તેવી તમામ યોજનાઓ સાથે તેમને જોડવાના છે.

### આજની વિકાસયાત્રા, આવતીકાલનો વારસો

ભારત દેશનો ઈતિહાસ પ્રાચીન અને સૂર્ય જેટલો જ તેજસ્વી છે, તો સાથે-સાથે આકાશ જેવો વિશાળ પણ છે. જ્ઞાન અને સમૃદ્ધિથી સુશોભિત, શૌર્ય, આધ્યાત્મિકતા અને કલાત્મકતાથી છલકાતા ગૌરવશાળી ભારતને જ્યારે અંગ્રેજ શાસને ગુલામીની બેડીમાં બાંધી દીધું, ત્યારે સ્વાતંત્ર્ય પ્રેમીઓએ અલખ જગાવી. અસંખ્ય બલિદાનો પછી ભારત અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયું. પરંતુ જે દેશને એક સમયે સાપ પાળનારાઓ મદારીઓનો દેશ કહેવામાં આવતો હતો, તે પ્રથમ પ્રયાસમાં જ મંગળ પર પહોંચી ગયો. મેક ઈન ઈન્ડિયા, આ ત્રણ શબ્દોએ દેશનું નામ વિશ્વમાં ઉંચું કરી દીધું. આજે દરેક ઘરમાં વીજળી છે, દરેકના હાથમાં મોબાઈલ ફોન છે, દરેક ખિસ્સામાં ડિજિટલ ઓળખ છે, દરેક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર થાય છે, દરેક રસોડામાં સ્વચ્છ ઈંધણ છે અને દરેક ઘરમાં શૌચાલયની સુવિધા છે જે સન્માનભર્યું જીવન આપે છે. સ્વચ્છતા અને યોગ નવા ભારતનાં સંસ્કાર બની ગયાં છે. વસુધૈવ કુટુંબકમની ભાવનાથી સમગ્ર વિશ્વ આપણો પરિવાર હોવાની એક વિચારધારા બની ગઈ છે. અંગ્રેજો દ્વારા જે ભારત વિખેરાઈ જવાની આગાહી કરવામાં આવી હતી, તે આજે 140 કરોડની વસ્તી ધરાવતી વિશાળ લોકશાહી બની ગયું છે.

જો આપણે ભારતના વિકાસની નવીનતમ ગતિ પર નજર કરીએ, તો માત્ર 8-10 વર્ષ પહેલાં જ દેશમાં જન્મનું પ્રમાણપત્ર લેવા, બિલ જમા કરાવવા, રાશન લેવા, નોંધણી કરાવવા, પરિણામ અને પ્રમાણપત્રો મેળવવા તેમજ બેંકોમાં કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવાથી લોકો પરેશાન થતા હતા, પરંતુ આજે બધાનો ઉકેલ આવી ગયો છે. ટેક્નોલોજી દ્વારા સુગમતા લાવીને સુવિધાઓ માટે ઑનલાઈન વ્યવસ્થા કરવામાં આવી છે. આજે, જન્મના પ્રમાણપત્રથી લઈને વરિષ્ઠ નાગરિકની ઓળખ અપાવનારા હયાતીના પ્રમાણપત્ર, સરકારની મોટાભાગની સેવાઓ ડિજિટલ છે. આજે ભારતમાં ડિજિટલ ગવર્નન્સનું ઉત્કૃષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. જન ધન-મોબાઈલ અને આધાર (JAM ટ્રિનિટી)ની ત્રિશક્તિના કારણે દેશના ગરીબ અને મધ્યમ વર્ગને સૌથી વધુ ફાયદો થયો છે. આજે ઈન્ડસ્ટ્રી 4.0 માટે જરૂરી કૌશલ્યો તૈયાર કરવા માટે શાળા કક્ષાએ પણ ધ્યાન આપવામાં આવે છે. આજે, લગભગ 10,000 અટલ ટિંકરિંગ લેબમાં 75 લાખથી વધુ વિદ્યાર્થીઓ ઈનોવેશન પર કામ કરી રહ્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ ટેક્નોલોજીને મહત્વ આપવામાં આવ્યું છે. દેશમાં અટલ ઈન્ક્યુબેશન સેન્ટરનું વિશાળ નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે. એ જ રીતે, પીએમ ગ્રામીણ ડિજિટલ સાક્ષાર્તા અભિયાન એટલે કે પીએમ-દિશા દેશમાં ડિજિટલ સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે એક અભિયાન ચલાવી રહ્યું છે.

હવે અમૃતકાળમાં, નવા ભારતનું લક્ષ્ય તેના સ્વાતંત્ર્ય સેનાનીઓના સપનાંને પૂરાં કરવાનું છે. નવા ભારતને તેમના સપનાનું ભારત બનાવવાનું છે. એવું ભારત જેમાં ગરીબો, ખેડૂતો, મજૂરો, પછાત લોકો, આદિવાસીઓ વગેરે તમામ માટે સમાન તકો હોય. આ સંકલ્પને પૂરો કરવા માટે છેલ્લાં નવ વર્ષથી દેશે નીતિઓ પણ બનાવી છે અને પૂરી નિષ્ઠા સાથે કામ પણ કર્યું છે. અમૃતકાળમાં ભારતની વિચારસરણી સર્વસમાવેશી છે અને કરોડો લોકોની આકાંક્ષાઓને પૂરી કરવામાં દેશ વ્યસ્ત છે.

અમૃતકાળ માટેના વિરાટ સંકલ્પ સાથે દેશ આગળ વધી રહ્યો છે. આર્થિક હોય કે સામાજિક, દેશ આજે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં સક્ષમ છે, કારણ કે દાયકાઓ પછી દેશે એક મજબૂત અને સ્થિર સરકાર ચૂંટી કાઢી છે. આજે સમગ્ર વિશ્વમાં ભારત વિશે આટલું સકારાત્મકતાથી વિચારવામાં આવે છે તેનું કારણ એ છે કે, અહીં એક મજબૂત સરકાર છે. આવનારા 25 વર્ષ એટલે કે આઝાદીના અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણ માટે આ જ સ્થિરતા, આ જ તાકાત જરૂરી છે, જેને દેશની દરેક વ્યક્તિએ આગળ વધારવાની છે. વિતેલા દાયકાઓમાં, દેશના લોકોએ તેમના કાર્યથી ભારતની મજબૂત છબી બનાવી છે, જ્યારે અમૃત મહોત્સવે તેની 9 વર્ષની યાત્રા દ્વારા અમૃતકાળને આધાર પૂરો પાડ્યો છે. આ જ કારણથી આઝાદીના અમૃતકાળ એટલે કે આવનારા 25 વર્ષમાં અપેક્ષાઓ હજુ પણ વધી ગઈ છે, કારણ કે આજે ભારતનો દરેક નાગરિક પોતે જ સફળતાની ગાથા પણ છે અને તેનો વાહક પણ છે. ●

> *દુનિયા માટે 21મી સદી એ ભારતની સદી છે. આ વાત આપણે સતત સાંભળીએ છીએ, પરંતુ હું કહીશ કે આ સદી ભારત માટે કર્તવ્યોની સદી છે. આપણે આ સદીમાં, આગામી 25 વર્ષમાં નવા ભારતના સ્વર્ણિમ લક્ષ્ય સુધી પહોંચવાનું છે. ફક્ત આપણા કર્તવ્યો જ આપણને આ લક્ષ્યો સુધી લઈ જશે. તેથી જ, આ 25 વર્ષ દેશ માટે કર્તવ્ય પથ પર ચાલવાના વર્ષો છે. આ કર્તવ્ય ભાવનાથી પોતાને સમર્પિત કરવાનો કાળખંડ છે.*
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

*'સિલ્ક લેડી' નામથી પ્રખ્યાત કર્ણાટકના રામનગરા જિલ્લાના વડેરાહલ્લી ગામના રહેવાસી સત્યાકુમારી પાસે એક સમયે તેમના બાળકોની શાળાની ફી ભરવાના પૈસા પણ નહોતા. અહીં મહિલાઓનો સાક્ષરતા દર માત્ર 23.9 ટકા હતો. સાક્ષરતાના મામલામાં પાછળ રહી ગયા પછી પણ અહીંની મહિલાઓ આત્મનિર્ભરતાની બાબતમાં કોઈથી પાછળ નથી. આ જ ગામની એક ખેડૂત સત્યાકુમારીએ રેશમના કીડાના ઉછેર અને શાકભાજીના આંતરખેડ દ્વારા પોતાની આર્થિક સ્થિતિમાં સુધારો લાવીને એક સારું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.*



## અમૃત મહોત્સવ
## દરેક વ્યક્તિનો ઉત્સવ

- આઝાદીનો અમૃત મહોત્સવ પોતાનામાં એક અનોખો કેસ સ્ટડી છે જેમાં માત્ર સમગ્ર સરકાર જ નહીં પરંતુ સમગ્ર સમાજનો દષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે.
- આઝાદીના 75 વર્ષ નિમિત્તે 2 વર્ષથી વધુ સમય સુધી ચાલેલા અમૃત મહોત્સવની શરૂઆત 75 અઠવાડિયા પહેલાં 12 માર્ચ 2021ના રોજ થઈ હતી.
- આ સમારંભમાં 36 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સાથે કેન્દ્ર સરકારના 55 મંત્રાલયોએ ભાગ લીધો છે. વૈશ્વિક સ્તરે પ્રવાસી ભારતીય 150થી વધુ દેશોના લોકો પણ સામેલ થયા છે.
- મહોત્સવ અંતર્ગત લગભગ 2.25 લાખ નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં 25 હજાર કાર્યક્રમો રાષ્ટ્રીય સ્તરે અને બે લાખ કાર્યક્રમો રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરે ઉચ્ચ લોકભાગીદારી સાથે યોજવામાં આવ્યા છે.
- અમૃત મહોત્સવની શ્રેણીમાં દર કલાકે સરેરાશ 9-10 કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

અમૃત મહોત્સવનો રંગ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના અન્ય દેશોમાં પણ જોવા મળ્યો. બોત્સ્વાનામાં સ્થાનિક ગાયકોએ ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણી માટે દેશભક્તિના 75 ગીતો ગાયા. આ 75 ગીતો હિન્દી, પંજાબી, ગુજરાતી, બંગાળી, આસામી, તમિલ, તેલુગુ, કન્નડ અને સંસ્કૃત જેવી ભાષાઓમાં ગાવામાં આવ્યા હતા. નામિબિયામાં, ભારત - નામિબિયા વચ્ચેના સાંસ્કૃતિક-પરંપરાગત સંબંધો પર વિશેષ રાજ્યનો ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી.





# પાંચ થીમ પર આગળ વધ્યું પ્રારંભિક આયોજન

**સ્વતંત્રતા સંગ્રામ@75:** ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ. અજ્ઞાત નાયકો વગેરેને યાદ કરવા, જેઓ કાં તો ભુલાઈ ગયા હતા અથવા તેમને ઈતિહાસમાં એવું સ્થાન જ નથી મળ્યું જેના માટે તેઓ હક્કદાર હતા. સ્વતંત્રતાના સંઘર્ષને પ્રેરિત કરનારા આવા મહાનાયકોની ગાથાઓ અને પ્રેરક વાતો સામે આવી.

**ઉકેલ@75:** ચોક્કસ ઉદ્દેશ્યો અને લક્ષ્યોની પ્રતિબદ્ધતાઓને મજબૂત કરવી. એ લક્ષ્યો વિશે પ્રચાર-પ્રસાર કરવો. તે ક્ષેત્રોને લગતા કાર્યક્રમોનું આયોજન કરવું. આમાં, તમામ સરકારો, બિન-સરકારી સંસ્થાઓની ભાગીદારીથી સફળતાના માર્ગની રૂપરેખા બનાવવી. યુવાનો, વિદ્યાર્થીઓ, ઉદ્યમીઓ, પ્રવાસી ભારતીયો, બધાને આ સંકલ્પો સાથે જોડવામાં આવ્યા.

**સિદ્ધિઓ@75:** વિવિધ ક્ષેત્રોમાં વૃદ્ધિ અને પ્રગતિનું દર્શન. જેમ કે, મહિલા, યુવા, ગામ, પર્યાવરણ, પ્રવાસી, સંરક્ષણ અને અર્થતંત્રના ક્ષેત્રોમાં થયેલા ક્રાંતિકારી પરિવર્તનને આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં ઉત્સવનું રૂપ મળ્યું જેથી અમૃતકાળની યાત્રાને નવી ગતિ મળી શકે.




**વિચાર@75:** ભારતને આકાર આપનારા વિચારો અને આદર્શોની ઉજવણી. વસુધૈવ કુટુંબકમ્, રાષ્ટ્રીય સુરક્ષા, આવિષ્કાર, શાંતિ-એકતા, ભારતની વિભાવના, વિકાસ, પર્યાવરણીય દીર્ઘકાલિન વિકાસ અને ન્યાય જેવા વિચારો અને થીમ પર કામ કરવું જે ભારતને એક તાતણે બાંધે.

**કાર્ય@75:** નીતિઓના અમલીકરણ અને પ્રતિબદ્ધતાઓને સાકાર કરવા માટે લેવામાં આવતા પગલાં પર પ્રભાવ પાડવો. વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ વિષયો પર પ્રાથમિકતાના ધોરણે ધ્યાન કેન્દ્રિત કરવું. સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત (આયુષ્યમાન ભારત- આરોગ્ય ભારત), આત્મનિર્ભર ભારત, એક ભારત- શ્રેષ્ઠ ભારત, એક દેશ- એક રેશન કાર્ડ, એક કૃષિ બજાર, સબકા સાથ- સબકા વિકાસ- સબકા વિશ્વાસ, કૌશલ્ય વિકાસ, ડિજિટલ ઈન્ડિયા, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને એક દેશ-એક ટેક્સ (GST) જેવી પહેલને દિશા મળી.




# 15 ઓગસ્ટ 2022 થી થીમ 2.0 પર કામ કરવામાં આવ્યું

15 ઓગસ્ટ 2023 તરફ આગળ વધી રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો ઉદ્દેશ્ય સાંસ્કૃતિક અને સામાજિક વિકાસનાં મહત્વપૂર્ણ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને આ જન આંદોલનને વધુ પ્રોત્સાહન આપવાનો હતો. આ વાતને ધ્યાનમાં રાખીને, લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી દ્વારા જાહેર કરવામાં આવેલા 'પંચ પ્રાણ' અમૃત મહોત્સવની થીમ 2.0 બન્યા, જેમાં 9 નવા વિષયો ઓળખી કાઢવામાં આવ્યા છે



## પ્રાણ-1
## વિકસિત ભારતનું લક્ષ્ય

- મહિલાઓ અને બાળકો
- સમાવેશી વિકાસ
- સ્વાસ્થ્ય અને કલ્યાણ
- જનજાતીય સશક્તિકરણ

આરોગ્યના ક્ષેત્રમાં પાયાના સુધારા કરવામાં આવ્યા. હોસ્પિટલથી લઈને મેડિકલ ઉપકરણો, ક્લિનિકલ ઉપકરણો, ટેલિમેડિસિન, મેડિકલ ટુરિઝમ, સ્વાસ્થ્ય વીમા, મેડિકલ સાધન ક્ષેત્રમાં અસરકારક કામગીરી કરવામાં આવી છે. પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ અને દવાઓ ઉપરાંત યોગ, આયુર્વેદ, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી પદ્ધતિ દેશના આરોગ્ય ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. રાષ્ટ્રીય ડિજિટલ મિશનની બ્લુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. ભારતનું ફાર્મા ક્ષેત્ર હવે વૈશ્વિક બની ગયું છે. રસીની વાત હોય કે જેનરિક દવાની, ભારતે વિશ્વમાં એક અગ્રણી સ્થાન બનાવ્યું છે.



## પ્રાણ-2
## ગુલામીની માનસિકતામાંથી મુક્તિ

- આત્મનિર્ભર ભારત

આત્મનિર્ભર ભારત અભિયાન એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નવા ભારત માટેનો દૃષ્ટિકોણ છે. કોવિડ-19 મહામારી સામે લડવા માટે 20 લાખ કરોડ રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત કરી, જે ભારતના GDPના 10 ટકા જેટલી રકમ છે. તેનો હેતુ દેશના નાગરિકોને સ્વતંત્ર અને આત્મનિર્ભર બનાવવાનો હતો. આત્મનિર્ભર ભારતના પાંચ સ્તંભોને રેખાંકિત કરવામાં આવ્યા છે, જેમાં અર્થતંત્ર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રણાલી, વાઈબ્રન્ટ ડેમોગ્રાફી અને માંગનો સમાવેશ થાય છે.

## પ્રાણ-3
## પોતાના વારસા પર ગૌરવ

- સાંસ્કૃતિક ગૌરવ

## પ્રાણ-4
## એકતા અને એકજૂથતા

- એકતાની ભાવનાથી એક ભારત, શ્રેષ્ઠ ભારતનો સંકલ્પ

## પ્રાણ-5
## નાગરિકોમાં કર્તવ્યપરાયણતાની ભાવના

- પાણી
- પર્યાવરણ માટે જીવનશૈલી (LiFE)

## અમૃત મહોત્સવના આયોજનની વિચારણા અને વ્યૂહરચના

- તેનો હેતુ તેના નામની જેમ જ અમૃત છે. આમાં, સંપૂર્ણ સરકાર એટલે કે સરકારની સામૂહિક શક્તિ સાથે કોઈપણ કાર્યને પૂરું કરવા માટે એકજૂથ થવાની ભાવના સાથે જાહેર, ખાનગી ક્ષેત્ર, બિન-સરકારી સંસ્થાઓ અને સમાજના તમામ વર્ગોને સાથે લાવવાનો વિચાર છે અને સબકા પ્રયાસની ભાવનાને સાકાર કરવાનો છે.
- તેનું આયોજન અને વ્યૂહરચના બનાવતી વખતે, સ્વાતંત્ર્ય સંગ્રામ, સંસ્કૃતિ, આધ્યાત્મિકતા, પોષણ, રમતગમત-તંદુરસ્તી, પર્યાવરણ અને દીર્ઘકાલિન વિકાસ, દરેક વ્યક્તિ સુધી કાયદાકીય સહાય, છેવાડાના વ્યક્તિ સુધી લાભ, માળખાકીય સુવિધાઓનો વિકાસ, સુશાસન, ખાદ્ય અને કૃષિ, આવિષ્કાર, વિજ્ઞાન-ટેકનોલોજી જેવા તમામ મહત્વના વિષયોને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે.

## અમૃતકાળમાં આપણા સંસદ ભવનમાં પ્રવેશ

નવું સંસદ ભવન એક વિકલ્પ ન હતું, પરંતુ 21મી સદીના નવા, મહત્વાકાંક્ષી અને આત્મનિર્ભર ભારતની જરૂરિયાત બની ગયું હતું. અમૃત મહોત્સવ દરમિયાન, 28 મે 2023 ઈતિહાસમાં એક એવી તારીખ બની ગઈ છે, જ્યારે ભારતે બ્રિટિશ શાસનકાળ દરમિયાન બાંધવામાં આવેલા સંસદ ભવનમાંથી આત્મનિર્ભર ભારતના પોતાના સંસદ ભવનમાં પ્રવેશ કર્યો હતો. આ બાબત દરેક ભારતીયને ગર્વથી છલકાવી દે તેવી ઐતિહાસિક ક્ષણ બની ગઈ છે.



*આજે જ્યારે આપણે દેશના અમૃત સંકલ્પો સાથે આગળ વધી રહ્યા છીએ, ત્યારે આપણે આપણા કર્તવ્યમાં, આપણા શ્રમમાં, આપણી મહેનતમાં કોઈ કમી ન રાખવી જોઈએ. એક રાષ્ટ્ર તરીકે આપણી એકતા આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. ગરીબમાં ગરીબનું જીવન સરળ બને, દલિત, પીડિત, શોષિત, વંચિત, આદિવાસીઓ, દરેક વ્યક્તિને દરેક જરૂરી સુવિધા મળે તેવો સંકલ્પ હોવો જોઈએ.*

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




# અમૃત મહોત્સવમાં કિલ્લા, ગુફા, કાશી અને કાશ્મીર પર કાર્યક્રમ

- આઝાદીના અમૃત મહોત્સવના મુખ્ય કાર્યક્રમોમાં રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ, વિતસ્તા – ધ ફેસ્ટિવલ ઓફ કાશ્મીર, કાલાંજલિ, કિલ્લાઓ અને વાર્તાઓ, અદભુત ગુફાઓ, વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમ તેમજ કાશી અને સૌરાષ્ટ્રમાં સંગમમના આયોજનનો સમાવેશ થાય છે.
- વિતસ્તા - કાશ્મીરના મહાન સાંસ્કૃતિક વારસા, સમૃદ્ધ કળા, સંસ્કૃતિ, નૃત્ય, સંગીત, સાહિત્ય, શિલ્પ અને ભોજનને સમગ્ર દેશમાં લઈ જવા માટે વિતસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દેશવાસીઓને એક તાતણે એકબીજા સાથે જોડવાનો એક મહાન પ્રયાસ પણ હતો. તમિલનાડુ, મહારાષ્ટ્રમાં પણ વિતસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિતસ્તાએ કાશ્મીરી સંસ્કૃતિને જન-જન સુધી લઈ જવા માટે વર્કશોપ, આર્ટ ઈન્સ્ટોલેશન કેમ્પ, સેમિનાર, શિલ્પ પ્રદર્શન જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.
- કાલાંજલિ - ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા વિશે લોકોને જાગૃત કરવા માટે કર્તવ્ય પથ પર કાલાંજલિ નામના કાર્યક્રમોની એક શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં, સંસ્કૃતિ મંત્રાલયના સંગીત નાટક અકાદમી, લલિત કલા અકાદમી, સાહિત્ય અકાદમી, પ્રાદેશિક સાંસ્કૃતિક કેન્દ્ર સહિત તમામ સંગઠનોએ સાથે મળીને કામ કર્યું હતું.
- કિલ્લાઓ અને વાર્તાઓ - કિલ્લાઓ અને વાર્તાઓ નામની વિશેષ ઝુંબેશનો હેતુ સમગ્ર ભારતમાં કિલ્લાઓ અને તેમના ભવ્ય ઈતિહાસનું પ્રદર્શન કરીને ભારતના સાંસ્કૃતિક ગૌરવને પ્રોત્સાહન આપવાનો છે. આમાં, વિવિધ કિલ્લાઓની વિશિષ્ટ ખાસિયતો અને ઐતિહાસિક મહત્વને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેણે આપણા ભૂતકાળ સાથે જોડાવા અને આપણા સાંસ્કૃતિક વારસાને સન્માનવાની તક આપી હતી.
- બઢે ચલો અભિયાન - દેશના યુવાનો સાથે જોડાવા અને તેમનામાં દેશભક્તિની ઊંડી ભાવના કેળવવાના ઉદ્દેશ્ય સાથે, સંસ્કૃતિ મંત્રાલયે અમૃત મહોત્સવમાં વધુને વધુ લોકોને સામેલ કરવા માટે 'બઢે ચલો' નામના યુવા કેન્દ્રિત પ્રેરણાત્મક કાર્યક્રમનું આયોજન કર્યું.









**અદભુત ગુફાઃ** ભારતની ગુફાઓની ઉજવણી માટે અદભુત ગુફા અભિયાન શરૂ કરવામાં આવ્યું. એવી ઘણી ગુફાઓ છે, જે આપણા ઈતિહાસ અને સંસ્કૃતિને જોડે છે, તે સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડાયેલી છે. અજંતા અને ઈલોરા જેવી ગુફાઓ ભારતીય કળાની નિપુણતા પ્રદર્શિત કરે છે. ગુફાઓ કળા અને ચિત્રો દ્વારા માનવશાસ્ત્રીયના વિકાસનો અભ્યાસ પણ કરાવે છે. ગુફાઓ ભારતમાં ભૂતકાળ અને વર્તમાનનું પ્રતીક પણ છે. દેશની પ્રાચીન સંસ્કૃતિના જીવંત પુરાવાઓ અહીં ઉપલબ્ધ છે. ભીમબેટકા રોક શેલ્ટર્સ, ઈલોરા ગુફાઓ, ઉદયગીરી અને ખંડગિરી પહાડી ગુફાઓ સ્થાનિકો તેમજ મુલાકાતીઓ માટે ઉત્સાહજનક છે.

**આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય એક્સ્પોઃ** 47માં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (IMD)ની ઉજવણી માટે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય એક્સ્પોનું આયોજન કરવામાં આવે છે. વ્યાવસાયિકો સાથે સંગ્રહાલયો વિશે વાતચીત કરવા માટે તેને તૈયાર કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય એક્સ્પો-2023નું ઉદ્ઘાટન કર્યું હતું. આ સંગ્રહાલય ભારતના અતિત સાથે સંકળાયેલી એવી ઐતિહાસિક ઘટનાઓ, વ્યક્તિત્વ, વિચારો અને સિદ્ધિઓને પ્રદર્શિત કરવાનો પ્રયાસ છે, જેણે ભારતના વર્તમાનના નિર્માણમાં યોગદાન આપ્યું છે. 75 કાર્ડનો એક સમૂહ બનાવવામાં આવ્યો છે, જેમાં દેશભરના પ્રતિષ્ઠિત સંગ્રહાલયોની સચિત્ર માહિતી આપવામાં આવી છે.

## કેટલાક અન્ય મહત્વપૂર્ણ કાર્યક્રમો

- ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની હોલોગ્રામ પ્રતિમા
- ઉપભોક્તાઓનું સશક્તિકરણ
- વિદ્યાર્થીઓએ પ્રધાનમંત્રીને પોસ્ટકાર્ડ લખ્યા
- અક્ષય ઊર્જા
- પોષણ માસ – પોષણ બગીચા
- ઈનોવેશન-હેકાથોન
- વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે
- આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય સંમેલન
- રાષ્ટ્રીય સંસ્કૃતિ ઉત્સવ
- ઉમંગ ઉડાન - મકર સંક્રાંતિ
- વંદે ભારતમ્ નૃત્ય ઉત્સવ
- ધારા- વૈદિક ગણિત
- લાલ કિલ્લા પર આયોજન
- આદિ મહોત્સવ અને જનજાતીય ગૌરવ દિવસ
- વીર બાળક દિવસ
- શ્રી અરબિંદોની 150મી જન્મજયંતિ
- મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિ
- કલિંગ ઉત્સવ
- લચિત બરફૂકનની 400મી જન્મજયંતિ
- ભારત છોડો આંદોલનની 80મી વર્ષગાંઠ
- આઝાદીની રેલગાડી અને સ્ટેશન

# આઝાદીના 75 વર્ષ અને તેની સાથે સંકળાયેલા કાર્યક્રમો કેવી રીતે 75 અંકનું પ્રતીક બન્યા

પરિયોજનાઓનો 5 ઓક્ટોબર, 2021ના રોજ શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જે ઉત્તરપ્રદેશમાં શહેરોના વિકાસ સાથે સંકળાયેલી હતી.

---

હજાર લાભાર્થીઓને ઉત્તરપ્રદેશના 75 જિલ્લાઓમાં તેમના પોતાના પાકાં મકાનોની ચાવીઓ મળી.

---

ઈલેક્ટ્રીક બસોને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું.

---

બેંકિંગ એકમોની પહેલ કરવામાં આવી.





**વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ**

આઝાદીના 75મા સ્વાતંત્ર્ય દિવસ પર, વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો, જે એ વિભીષિકાથી અસરગ્રસ્ત થયેલા લોકોને દરેક ભારતીય દ્વારા આદરપૂર્વકની શ્રદ્ધાંજલિ છે.



**વંદે ભારત ટ્રેનો**

આઝાદીના અમૃત મહોત્સવના 75મા સપ્તાહમાં 25થી વધુ સ્વદેશી વંદે ભારત ટ્રેનો દ્વારા ભારતના દરેક ખૂણાને એકબીજા સાથે જોડવાની દિશામાં ઝડપી ગતિએ કામ શરૂ કરવામાં આવ્યું. દેશમાં લગભગ 50 વર્ષ પહેલાં પ્રથમ રાજધાની એક્સપ્રેસ ટ્રેન શરૂ થઈ હતી, પરંતુ આટલા વર્ષો પછી પણ તે માત્ર 16 રૂટ પર જ દોડી શકી. લગભગ 30-35 વર્ષ પહેલાં શરૂ થયેલી શતાબ્દી એક્સપ્રેસ પણ અત્યાર સુધી માત્ર 19 રૂટ પર દોડી શકી છે. બીજી તરફ, પ્રથમ વંદે ભારત ટ્રેન 4 વર્ષ પહેલાં બનારસથી શરૂ થઈ હતી, તે હવે 25 રૂટ પર દોડવા લાગી છે.

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'પંચ પ્રાણ'માં સમાવિષ્ટ ગુલામીની માનસિકતા અને પ્રતીકોને નાબૂદ કરવાના સંકલ્પ અંતર્ગત રાજપથને કર્તવ્યપથ, સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિવસ પર સ્વદેશી તોપોથી સલામી, જ્યોર્જ પાંચમાના સ્થાને નેતાજીની પ્રતિમા, નૌકાદળના ધ્વજમાંથી જ્યોર્જ ક્રોસ હટાવીને શિવાજી મહારાજની મ્હોરથી લેવામાં આવ્યા પ્રતીક સહિત અનેક ફેરફારો કરવામાં આવ્યા છે.*

**યુવા લેખકો:** સ્વતંત્રતા સેનાનીઓ પર પુસ્તક લખવા માટે દેશમાં 75 યુવા લેખકોની પસંદગી કરવામાં આવી હતી. અજ્ઞાત નાયકો પર આધારિત પુસ્તકોનું પ્રકાશન નેશનલ બુક ટ્રસ્ટના માધ્યમથી કરવામાં આવ્યું.

**મોટા આવિષ્કારો:** પ્રધાનમંત્રી મોદીએ IIT ખડગપુરના વિદ્યાર્થીઓને 23 ફેબ્રુઆરી, 2021ના રોજ કહ્યું કે, વિતેલા વર્ષોમાં IIT ખડગપુરમાંથી બહાર આવેલા 75 મોટા આવિષ્કારો, મોટા ઉકેલોનું સંકલન કરો, તેમને દેશ અને દુનિયા સુધી પહોંચાડો. આનાથી આવિષ્કારને પ્રોત્સાહન મળ્યું.

**વર્ષનો રેકોર્ડ તોડવાનું બેંકોને આહ્વાન:** પ્રધાનમંત્રી મોદીએ 12 ડિસેમ્બર 2021ના રોજ કહ્યું હતું કે, ભારતનું બેંકિંગ ક્ષેત્ર દેશના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પહેલાં કરતા વધુ સક્રિય રીતે કામ કરે. આઝાદીના અમૃત મહોત્સવમાં દરેક બેંક પોતાની બ્રાન્ચે 75 વર્ષમાં કરેલા તમામ રેકોર્ડને પાછળ છોડીને તેના કરતાં દોઢ ગણા, બે ગણા લક્ષ્ય સાથે આગળ વધે છે. આનાથી બેંકિંગ સેવાઓ સહજ-સુલભ બની.

**શાળાઓમાં ખેલાડીઓ:** આઝાદીના અમૃત મહોત્સવના અવસર પર, પ્રધાનમંત્રીએ ઓલિમ્પિક અને અન્ય રમતવીરોને ઓછામાં ઓછી 75 શાળાઓમાં જવાનો અનુરોધ કર્યો હતો. ખેલાડીઓ દ્વારા શાળાઓની મુલાકાતના કારણે રમતની સંસ્કૃતિને પ્રોત્સાહન મળ્યું.

**ગામોને દત્તક લો:** પ્રધાનમંત્રીએ તમામ શિક્ષણવિદો, તમામ કૃષિ વૈજ્ઞાનિકો, તમામ સંસ્થાઓને આઝાદીના અમૃત મહોત્સવ માટે તેમના લક્ષ્યો નક્કી કરવા કહ્યું. 75 ગામોને દત્તક લઈને પરિવર્તનનું અભિયાન હાથ ધરવા કહ્યું.

**વર્ષ અને મીડિયા:** સંસદ ટીવીના પ્રારંભ સમયે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આપણી પાસે અતિતનું ગૌરવ પણ છે અને ભવિષ્યના સંકલ્પો પણ છે. આ બંને ક્ષેત્રોમાં મીડિયાની ભૂમિકા ઘણી મોટી છે. જ્યારે મીડિયા સ્વચ્છ ભારત અભિયાન જેવા વિષયને ઉઠાવે છે, ત્યારે તે વધુ ઝડપથી લોકો સુધી પહોંચે છે. અમૃત મહોત્સવમાં મીડિયાએ સહભાગી તરીકેની ભૂમિકા નિભાવી.

**વર્ષ અને નિકાસ:** વિદેશમાં ભારતીય મિશનના વડાઓ અને વેપાર તેમજ વાણિજ્ય ક્ષેત્રના હિતધારકો સાથેની વાતચીતમાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આપણે આપણી હાલની નિકાસને પણ વેગ આપવો પડશે. નવા ઉત્પાદનો માટે નવા બજારો બનાવવાનું કામ પણ કરવાનું છે. વિદેશમાં મિશન આવેલા છે તેમના દ્વારા આઝાદીના 75 વર્ષ નિમિત્તે નિકાસના પાંચ નવા ડેસ્ટિનેશન અને 75 નવા ઉત્પાદનોને જોડવાનું કામ શરૂ કરવામાં આવ્યું. પ્રવાસી ભારતીયોના રાજ્યવાર સમૂહ બનાવીને તે રાજ્યો સાથે નિકાસ અંગે વર્ચ્યુઅલ સંમેલનો કરવામાં આવ્યા.

> આઝાદીની શતાબ્દી એ દેશની સુવર્ણ શતાબ્દી ત્યારે જ બનશે આપણે કર્તવ્યોને પ્રથમ પ્રાથમિકતા આપીશું. કર્તવ્ય આપણા માટે વિકલ્પ નહીં, પણ સંકલ્પ છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

**કલાક સખીઓ અને બહેનો:** આત્મનિર્ભર નારીશક્તિ સાથે સંવાદમાં પ્રધાનમંત્રીએ તમને આહ્વાન કર્યું હતું કે, 15 ઓગસ્ટથી આગામી 15 ઓગસ્ટ સુધી આપ તમામ સખી મંડળની બહેનો 75 કલાક ગામમાં એક યા બીજી રીતે સ્વચ્છતાનું કામ કરો. અમુક બહેનો તેમના ગામમાં જળ સંરક્ષણનું કામ કરશે, કુવાઓ અને તળાવોનું સમારકામ કરશે અને તેનો પુનરોદ્ધાર કરવા માટે અભિયાન ચલાવી શકે છે.

**ઘટનાઓ શોધવાનું કામ:** વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આઝાદીના 75 વર્ષ નિમિત્તે વિદ્યાર્થીઓએ દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે પણ જાણવું જોઈએ. વિદ્યાર્થીઓ તેમના રાજ્યની સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે સંકળાયેલી 75 ઘટનાઓ શોધી કાઢે. લાખો ગાથાઓ પ્રેરણા બની છે.

**જિલ્લાઓમાં 75થી વધુ જન ઔષધિ કેન્દ્ર:** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 7 માર્ચ, 2021ના રોજ શિલોંગમાં જન ઔષધિ દિવસ નિમિત્તે 7500મુ જન ઔષધિ કેન્દ્ર સમર્પિત કરતી વખતે કહ્યું હતું કે, દેશના ઓછામાં ઓછા 75 જિલ્લામાં 75થી વધુ જન ઔષધિ કેન્દ્રો હશે અને આવનારા થોડા દિવસોમાં આપણે તે કરી દઈશું. આ અંગે ઝડપથી કામ કરવામાં આવ્યું છે અને આ કેન્દ્રો પર 75 આયુષ દવાઓ, આયુર્વેદ અને હોમિયોપેથી ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં 9,560થી વધુ જન ઔષધિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

**ઘટનાઓનું સંકલન:** સ્વતંત્રતા સંબંધિત 75 ઘટનાઓનું સંકલન કરવા માટે તમામ શાળાઓ અને કોલેજોએ સમૂહ બનાવીને કામ કર્યું છે.

**ઘટનાઓની કાનૂની લડાઈ:** કાયદાનું શિક્ષણ આપતી શાળા-કોલેજો એવી 75 ઘટનાઓ શોધી કાઢે જેમાં આઝાદીની લડાઈ વખતે કેવી રીતે કાનૂની જંગ ચાલી તે જાણવા મળે. તેમાં કાનૂની લડાઈ લડનારા લોકો કોણ હતા? સ્વતંત્રતાના નાયકોને બચાવવા માટે કયા પ્રયત્નો કરવામાં આવ્યા? બ્રિટિશ સામ્રાજ્યની ન્યાયતંત્રનું વલણ કેવું હતું?

**રમતગમત અને રમકડાંમાં સ્વતંત્રતાની વાર્તા:** 24 જૂન 2021ના રોજ ટોયકેથોનમાં સંબોધન આપતી વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમૃત મહોત્સવમાં રમતગમત અને રમકડાંના ક્ષેત્રમાં આવિષ્કાર લાવવાનું આહ્વાન કર્યું હતું. આઝાદીના આંદોલન સાથે જોડાયેલી વાતો, ક્રાંતિકારીઓના શૌર્ય, નેતૃત્વની ઘટનાઓ સાથે જોડાયેલી વાતોને રમતોના રૂપમાં તૈયાર કરવામાં આવી.



# જનભાગીદારી અને જન આંદોલન બન્યા કાર્યક્રમ

**અમૃત સરોવરઃ** ભૂગર્ભ જળ એ અમૂલ્ય કુદરતી સ્રોત છે. દેશમાં જળ સંરક્ષણનો વિષય જન આંદોલન અને જનભાગીદારીના શ્રેષ્ઠ મિશન તરીકે ઉભરી આવ્યો છે. આ શ્રેણીમાં આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન ભાવિ પેઢીને કંઈક આપવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પ હેઠળ દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ આ આહ્વાનની સફળતાની ગાથા તેમના મન કી બાત કાર્યક્રમમાં સંભળાવી હતી. તેલંગાણાના વારંગલ જિલ્લામાં માંગથ્યા વાલ્યાથાંડા પંચાયતના લોકોએ ગામ જ્યાં ચોમાસાનું પાણી એકઠું થતું હતું તેને અમૃત સરોવરમાં ફેરવી દીધું, જે વરસાદના પાણીથી છલકતું જોવા મળતું હતું. એવી જ રીતે કર્ણાટકના બાગલકોટ જિલ્લાના બિલકેરુર ગામમાં લોકોએ એક અમૃત સરોવર બનાવ્યું. આજુબાજુનું બધુ જ પાણી ચેનલાઈઝ કરીને તળાવમાં લાવવામાં લઈ આવ્યા, જેના કારણે આ વિસ્તારમાં પૂરની સમસ્યા પણ દૂર થઈ. આવી અસંખ્ય વાતો સામે આવી રહી છે. અમૃત સરોવર અંગે લોકોમાં રહેલા ઉત્સાહનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, 15 ઓગસ્ટ, 2023 સુધીમાં 50,000 અમૃત સરોવર બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, જ્યારે 14 જુલાઈ, 2023 સુધીમાં દેશભરમાં ઓળખી કાઢવામાં આવેલા 1,10,973 સ્થાનોમાંથી 62,533 અમૃત સરોવરનું કામ પૂરું થઈ ગયું છે. આ અમૃત સરોવર ઓછામાં ઓછી એક એકર જમીનમાં બાંધવામાં આવી રહ્યાં છે, જેની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ઓછામાં ઓછી 10,000 ઘન મીટર હશે. અમૃત સરોવરથી જમીનની પાણીની જરૂરિયાત તો પૂરી કરશે જ, તેમજ આ પ્રયાસોથી પીવાના પાણી, ખેતી, મત્સ્યોદ્યોગ, બાગાયત, વનીકરણ અને પાણીની ઉપલબ્ધતાથી લોકોની આવકના સર્જનની ગતિવિધીઓમાં પણ વધારો થશે. પર્યાવરણ સંરક્ષણને નવી શક્તિ મળશે. આ અમૃત મહોત્સવમાં અમૃત સરોવરના પાણીના સ્રોતને વધારવાની નવી રીત બન્યા છે.



**નગર પાલિકાઓમાં ગોબરધન બાયો CNG પ્લાન્ટ**
અમૃત મહોત્સવના બે વર્ષમાં દેશની 75 મોટી નગર પાલિકાઓમાં ગોબરધન બાયો-CNG પ્લાન્ટ બનાવવાનું કામ શરૂ થઈ ગયું છે. સ્વચ્છ ઈંધણની દિશામાં આ એક ક્રાંતિકારી પહેલ છે.



## દરેક લોકોને જોડવાનું અભિયાન

- અમૃત મહોત્સવ અંતર્ગત જાગૃતિ ફેલાવવા માટે વિવિધ અભિયાન શરૂ કરવામાં આવ્યા છે. આના માટે, રેડિયો, ડિજિટલ, પ્રિન્ટ, ટેલિવિઝન અને મીડિયા એજન્સીઓ સહિત સંદેશાવ્યવહારના ઘણા માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- સંસ્કૃતિ મંત્રાલયે 'હોલ ઓફ સોસાયટી'ની પહેલ કરી અને દેશના 150 કરોડ લોકોને તેની સાથે જોડવાનો પ્રયાસ કર્યો.

*વર્તમાન પેઢી એક નવું ભવિષ્ય ઘડવાની પ્રેરણાથી પ્રેરિત છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે, ભવિષ્ય હંમેશા ભૂતકાળના ખોળામાં જ જન્મે છે. આવામાં, જેમણે દેશ માટે પોતાની યુવાની, પોતાના જીવન અને પોતાના પરિવારનું બલિદાન આપ્યું છે એવા આપણા પૂર્વજોને આપણે ભૂલવા ન જોઈએ.*

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



**'હર ઘર તિરંગા' અભિયાનઃ** આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સૌથી મોટી એક આ પહેલ છે જેણે સમગ્ર દેશને એકજૂથ કરી દીધો. ભારતની આઝાદીના 75મા વર્ષ નિમિત્તે લોકોને 13 થી 15 ઓગસ્ટ સુધી ઘરે ઘરે તિરંગો ફરકાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અભિયાનમાં 23 કરોડથી વધુ ઘરોમાં ધ્વજને વાસ્તવિક રૂપે ફરકાવવામાં આવ્યો હતો જ્યારે 6 કરોડથી વધુ લોકોએ તેમની ધ્વજ ફરકાવવાની પળોને ઑનલાઈન શેર કરી હતી.



**સરકાર સાથે લોકો જોડાયાઃ** આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ પહેલો પાયાના સ્તરે લોકો સુધી પહોંચી અને લોકોને સરકાર સાથે સીધા જોડ્યા. રચનાત્મકતામાં એકતા અભિયાન હેઠળ, રંગોળી બનાવવા, દેશભક્તિ ગીત લેખન અને હાલરડા લેખન જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે 19 લાખથી વધુ લોકો સુધી પહોંચ બનાવવામાં આવી હતી જેમાં 5 લાખથી વધુ લોકોએ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

**સોશિયલ મીડિયા દ્વારા પહોંચઃ** આઝાદી કા અમૃત મહોત્સવની પહોંચ સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ દ્વારા 102.70 કરોડ સુધી થઈ છે

- આઝાદીના અજ્ઞાત નાયકોની ગાથા એક કરોડ કરતાં વધુ લોકો સુધી પહોંચી.
- મુખ્ય નદીઓ નજીક જળ સંરક્ષણ અને સ્વચ્છતા માટે કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું.
- આત્મનિર્ભર ભારત અને મહિલા સશક્તિકરણ વિશે ઘણી ફિલ્મ બનાવવામાં આવી..

**9**

લાખ કરતાં વધારે હેલ્થ થીમ પર પોસ્ટકાર્ડ લખવાનો વિશ્વ વિક્રમ રચવામાં આવ્યો.

**50**

શાળાઓના 25 હજાર કરતાં વધારે બાળકો જનજાતીયોની સંસ્કૃતિને સમજવા માટે એકઠાં થયાં.

**10**

હજાર કરતાં વધારે ગ્રામીણ લોકોને પ્રત્યક્ષ રીતે આર્થિક સાક્ષરતા, પશુપાલન, ડિજિટલ વ્યવહાર, કૃષિ ટેકનિક વિશે માહિતી આપવામાં આવી.





# અમૃત વર્ષમાં નવા સંકલ્પો સાથે નવી યાત્રાની શરૂઆત

### પ્રધાનમંત્રી ગતિશક્તિ

સરકારી વિભાગોમાં સમન્વય અને ભવિષ્યલક્ષી યોજનાઓમાં કોઈ વિલંબ ન થાય તે માટે, પ્રથમ વખત સમન્વયને ધ્યાનમાં રાખીને 16 મંત્રાલયો અને વિભાગોને ડિજિટલ માધ્યમથી જોડતા ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનની શરૂઆત કરવામાં આવી. આ યોજનાની મદદથી, એવા લક્ષ્યોને નિર્ધારિય સમયમાં પૂરાં કરી શકાશે, જેને સરકાર 2024-2025 સુધીમાં પૂર્ણ કરવા માંગે છે. આ માસ્ટર પ્લાનમાં રૂ. 100 લાખ કરોડથી વધુની નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન યોજનાનો પણ સમાવેશ થાય છે.

### અગ્નિપથ યોજના

મજબૂત સેના અને સશક્ત રાષ્ટ્રની ભાવના સાથે આ યોજનાની શરૂઆત થઈ ચૂકી છે. આ યોજના હેઠળ 2026 સુધીમાં 46 હજાર અગ્નિવીરોની ભરતી કરવામાં આવશે. તેમાં ધીમે ધીમે વધારો કરવામાં આવશે. આમાંથી 25 ટકા અગ્નિવીરોને સૈન્યમાં કાયમી નિયુક્તિ મળશે, જ્યારે બાકીના માટે તકો વધશે.



### શિખર પર પહોંચી સહકારિતા

આઝાદીના સ્વર્ણિમ વર્ષમાં સહકારિતાને શિખર પર લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં પ્રથમ વખત સહકારિતા મંત્રાલયની રચના કરી. 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને ધ્યાનમાં રાખીને રચવામાં આવેલું આ મંત્રાલય સતત સહકારી સંસ્થાઓને મજબૂત કરી રહ્યું છે.

### આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન

દરેક નાગરિકના સ્વાસ્થ્ય સંબંધિત માહિતી ડિજિટલ ફોર્મેટમાં ઉપલબ્ધ થશે. 27 સપ્ટેમ્બર 2021થી શરૂ થયેલી આ યોજના સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી છે. આધારકાર્ડની જેમ, આ કાર્ડમાં વ્યક્તિના સ્વાસ્થ્ય સંબંધિત તમામ માહિતી હશે, જે અનન્ય IDની મદદથી એક ક્લિકમાં જ જોઈ શકાશે. લગભગ 32 કરોડ હેલ્થ કાર્ડ બનાવી દેવામાં આવ્યા છે.

### પીએમ આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન

દેશની આરોગ્ય સંભાળ પ્રણાલીને તાલુકા સ્તરથી લઈને જિલ્લા-રાજ્ય અને કેન્દ્રીય સ્તર સુધી સુધારવા માટે, આ યોજના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25 ઓક્ટોબર 2021ના રોજ વારાણસીથી શરૂ કરી હતી. આ યોજના પર પાંચ વર્ષમાં 64 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.



### સૈનિક શાળાઓમાં છોકરીઓનો પ્રવેશ

કેન્દ્ર સરકારે શૈક્ષણિક સત્ર 2021-2022થી સૈનિક શાળાઓમાં છોકરીઓના પ્રવેશની શરૂઆત કરી દીધી છે. એવી જ રીતે NDAમાં પણ છોકરીઓની બેચ શરૂ થઈ ગઈ છે.



### પીએમ પોષણ યોજના

આ યોજનામાં 11.20 લાખ શાળાઓના 11.80 કરોડ બાળકો સામેલ છે. 29 સપ્ટેમ્બર 2021ના રોજ શરૂ કરવામાં આવેલી આ યોજનામાં હવે પોષણયુક્ત ફોર્ટિફાઈડ ચોખા આપવામાં આવી રહ્યા છે. આ યોજનાનું બજેટ 1.30 લાખ કરોડ રૂપિયા છે.



### ડેમ સુરક્ષા કાયદો

દેશમાં ડેમ સુરક્ષિત રહે, તેની જાળવણી સુનિશ્ચિત થાય અને રાજ્યો વચ્ચેના વિવાદોને રોકી શકાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ડેમ સુરક્ષા અધિનિયમ, 2021 ઘડવામાં આવ્યો છે. આ કાયદો 30 ડિસેમ્બર, 2021થી દેશભરમાં લાગુ કરવામાં આવ્યો છે.

### મિશન શક્તિ

મહિલાઓના સશક્તિકરણ માટેનો આ એક સંકલિત કાર્યક્રમ છે, જેમાં મહિલાઓના જીવનચક્રના સાતત્યને અસર કરતા મુદ્દાઓને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. આ એકછત્રી યોજનામાં સંબલ અને સામર્થ્ય નામની બે પેટા યોજનાઓનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ 2025-2026 સુધીના સમય માટે આ યોજના પર 15,761 કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

### રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 1 જુલાઈ, 2023ના રોજ રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં 2047 સુધીમાં આ રોગને નાબૂદ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. વૈશ્વિક સ્તરે સિકલ સેલ એનિમિયાના નોંધાતા કુલ કેસોમાંથી 50% કેસ ભારતમાં છે. આ રોગથી ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ઓડિશા સહિત 17 રાજ્યો સૌથી વધુ અસરગ્રસ્ત છે.

### નેનો યુરિયાનો વિકાસ

જૂન 2021માં નેનો યુરિયાના વિકાસ પર કામ શરૂ કરવામાં આવ્યું હતું. પહેલો પ્લાન્ટ મે 2022માં શરૂ કરવામાં આવ્યો હતો અને પછી ફેબ્રુઆરી 2023માં ઉત્તરપ્રદેશમાં બે પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા. ધીમે ધીમે તેની સંખ્યા વધારવામાં આવશે. તેનાથી યુરિયા પરની વિદેશી નિર્ભરતા ઓછી થશે અને ખેડૂતોનું ભવિષ્ય બદલાશે.





### PLI યોજના

આત્મનિર્ભર ભારતના લક્ષ્ય હેઠળ ભારતની વિનિર્માણ ક્ષમતા અને નિકાસમાં વધારો કરવા માટે, નાણાકીય વર્ષ 2021-2022માં વિનિર્માણ ક્ષેત્રના 14 મુખ્ય ક્ષેત્રો માટે PLI યોજનામાં 1.97 લાખ કરોડ રૂપિયાના ખર્ચની જાહેરાત કરવામાં આવી છે. આ યોજનામાં 60 લાખ નવી નોકરીઓ સર્જન કરવાની ક્ષમતા છે.


### ઈ-શ્રમ પોર્ટલ

દેશમાં અસંગઠિત શ્રમિકોનો ડેટાબેઝ તૈયાર કરવા માટે 26 ઓગસ્ટ 2021ના રોજ આ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ શરૂ થયા પહેલાં આના જેવો કોઈ ડિજિટલ ડેટા નહોતો. આ પોર્ટલ પર 14 જુલાઈ, 2023 સુધીમાં અસંગઠિત ક્ષેત્રના 28.96 કરોડ કામદારોના રેકોર્ડ દાખલ કરવામાં આવ્યા છે અને કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે.



### શ્રી અન્ન અભિયાન

દેશના નાના અને સીમાંત ખેડૂતોને મજબૂત બનાવવા માટે શ્રી અન્ન અભિયાનને ઝડપથી આગળ ધપાવવામાં આવી રહ્યું છે. ભારતના પ્રયાસોના પરિણામે, વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય બરછટ અનાજ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. સૈન્યની કેન્ટીન હોય કે સરકારની અન્ય વ્યવસ્થા હોય, દરેક જગ્યાએ બરછટ અનાજનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ●



**1-15 એપ્રિલ 2021 અંકથી શરૂ**

મીઠાના સત્યાગ્રહના 91 વર્ષ પૂરા થવા પર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 21 માર્ચ 2021ના રોજ સાબરમતી આશ્રમથી અમૃત મહોત્સવની શરૂઆત કરી હતી.




**1-15 ઓગસ્ટ 2023ના અંક સાથે સમાપન**

આ તસવીર 16-31 જુલાઈના અંકમાં પ્રકાશિત થઈ હતી જેમાં પ્રધાનમંત્રી મોદી મંગલ પાંડેને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે.

# દેશનાં સપનાં સાકાર કરવા માટે
# સંકલ્પથી સિદ્ધિનો સમય

**ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીને 1-15 એપ્રિલ 2021થી આઝાદી કા અમૃત મહોત્સવ શ્રેણીની યાત્રા શરૂ કરી હતી, જેમાં દેશના અજ્ઞાત સ્વાતંત્ર્ય સેનાનીઓની ગાથા મુખ્ય રીતે પ્રકાશિત કરવામાં આવી. આ મેગેઝીને એપ્રિલ 2021ના પ્રથમ અંકથી 1-15 ઓગસ્ટ 2023 સુધીના તમામ અંકોમાં આ શ્રેણી હેઠળ સ્વાતંત્ર્ય સેનાનીઓની શૌર્યગાથાઓને મહત્વ આપ્યું છે. આ નાયકોની ગાથા આપણા માટે પ્રેરણાસ્રોત છે, જેઓ નવા ભારતના નવનિર્માણનો આધારસ્તંભ પણ બની રહ્યા છે. હવે આઝાદી કા અમૃત મહોત્સવ પૂરો થવાના આરે છે, પણ તે પૂર્ણવિરામ નથી. બલ્કે, આ નવા ભારતના નવનિર્માણની ગાથા છે, જેના આધારે દેશ ભવિષ્યમાં એક મોટું લક્ષ્ય નિર્ધારિત કરશે. સમાપન અંકમાં આ વખતે, અમે ત્રૈલોક્યનાથ ચક્રવર્તી, પ્રેમકૃષ્ણ ખન્ના અને સૈયદ અહમદુલ્લા કાદરીની ગાથા કહી રહ્યાં છીએ...**



## ત્રૈલોક્યનાથ ચક્રવર્તી

# દેશની આઝાદી માટે કાળાપાણીની સજા ભોગવી


**જન્મ:** 1889, **અવસાન:** 9 ઓગસ્ટ, 1970

ત્રૈલોક્યનાથ ચક્રવર્તીનો જન્મ 1889માં મયમનસિંહ જિલ્લાના કપાસતિયા ગામમાં થયો હતો, જે હવે બાંગ્લાદેશમાં છે. તેમના પિતાનું નામ દુર્ગાચરણ ચક્રવર્તી હતું. બાળપણથી જ ત્રૈલોક્યનાથ ચક્રવર્તીના પરિવારનો માહોલ રાષ્ટ્રવાદની ભાવનાથી ઓતપ્રોત હતો. તેઓ ક્રાંતિકારીઓમાં 'મહારાજા' નામથી ઓળખાતા હતા. તેમનું સંઘર્ષશીલ વ્યક્તિત્વ, અન્યાય અને અનીતિ સામેના આજીવન ઝઝૂમવાની પ્રેરણાદાયી ગાથા છે. તેઓ, 1906માં માત્ર 17 વર્ષની વયે સ્વતંત્રતા સંગ્રામમાં સામેલ થયા હતા. તેઓ ઢાકા અનુશીલન સમિતિના સભ્ય બન્યા અને સમગ્ર મયમનસિંહ જિલ્લામાં યુવાનોની સાથે મળીને કામ કર્યું. તેમણે લગભગ 30 વર્ષ જેલમાં વિતાવ્યા હતા. 1908માં, ક્રાંતિકારી ગતિવિધીઓ બદલ પ્રથમ વખત તેમની ધરપકડ કરવામાં આવી હતી, જેના પરિણામે તેઓ પોતાનું શિક્ષણ પૂરું કરી શક્યા ન હતા.

1910માં જ્યારે પોલીસ ઢાકા ષડયંત્ર કેસમાં તેમને શોધી રહી હતી ત્યારે તેઓ ફરાર થઈ ગયા હતા. 1912માં હત્યાના એક કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ પોલીસ તેને અદાલતમાં પુરવાર કરવામાં નિષ્ફળ રહી હતી. આ પછી તેમણે માલદા, રાજસાહી અને કોમિલા જિલ્લામાં કામ કરવાનું ચાલુ રાખ્યું. ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ત્રૈલોક્યનાથની સક્રિય ભાગીદારીને કારણે, 1914માં ફરીથી કલકત્તામાંથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમને બારીસલ ષડયંત્ર કેસના સંબંધમાં આંદામાનની સેલ્યુલર જેલમાં મોકલવામાં આવ્યા હતા. જે સમયે તેને કાળાપાણીની સજા સંભળાવવામાં આવી, ત્યારે તેની ઉંમર માત્ર 25 વર્ષની હતી. જોકે, તેઓ આને સજા નહોતા માનતા. તેમને વિશ્વાસ હતો કે, તેમની આ તપસ્યાથી દેશને ચોક્કસપણે આઝાદી મળશે. એવું માનવામાં આવે છે કે, ત્યાં તેમની મુલાકાત વિનાયક દામોદર સાવરકર સાથે થઈ અને તેમનાથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

સજા પૂરી થયા બાદ ત્રૈલોક્યનાથ કોલકાતા પરત ફર્યા હતા. ત્યાં તેમણે રાષ્ટ્રીય શાળાની કમાન સંભાળી પરંતુ તેમની ભૂગર્ભ પ્રવૃત્તિઓ ચાલુ રાખી. 1927માં ફરીથી તેમની ધરપકડ કરવામાં આવી અને બર્માની જેલમાં મોકલવામાં આવ્યા હતા. બર્માની જેલમાં એક વર્ષ સુધી રહ્યા પછી તેઓ ચંદ્રશેખર આઝાદની હિન્દુસ્તાની રિપબ્લિકન આર્મીમાં સામેલ થયા હતા. તેમણે 1929ના લાહોર કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લીધો હતો. તેઓ 1930 થી 1938 દરમિયાન 8 વર્ષ સુધી દક્ષિણ ભારતની જુદી જુદી જેલોમાં કેદ રહ્યા હતા. જેલમાંથી મુક્ત થયા પછી, તેમણે ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો અને 1942માં જેલમાં ગયા. તેઓ 1946માં જેલમાંથી મુક્ત થયા હતા. તેમણે તે મુશ્કેલ અને પડકારજનક માહોલમાં પણ સામાજિક સદ્ભાવ માટે કામ કર્યું હતું. જ્યારે મહાત્મા ગાંધી નોઆખલી ગયા ત્યારે તેઓ ત્યાં તેમની સાથે હતા. પૂર્વ પાકિસ્તાનની રચના બાદ તેઓ ત્યાં જનસેવામાં સક્રિય રહ્યા. 1970માં, તેઓ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓના કારણે દિલ્હી આવ્યા હતા. 9 ઓગસ્ટ 1970ના રોજ દિલ્હીમાં જ તેમનું અવસાન થયું હતું.

# હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનના મુખ્ય સભ્ય હતા



## પ્રેમકૃષ્ણ ખન્ના

**જન્મ:** 2 જાન્યુઆરી 1894, **અવસાન:** 3 ઓગસ્ટ 1993

સ્વાતંત્ર્ય સેનાની પ્રેમકૃષ્ણ ખન્નાનો જન્મ 2 જાન્યુઆરી 1894ના રોજ લાહોરમાં એક શ્રીમંત પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ રાયબહાદુર રામકિશન ખન્ના હતું. તેમના મનમાં દેશની આઝાદી માટે કામ કરવાની ઈચ્છા બાળપણથી જ જાગી હતી. તેઓ કોંગ્રેસમાં જોડાયા અને 1921ના અસહકાર આંદોલનમાં સક્રિયપણે ભાગ લીધો. પછીના દિવસોમાં તેઓ રામપ્રસાદ બિસ્મિલની નજીક બન્યા અને હિન્દુસ્તાની રિપબ્લિકન એસોસિએશનમાં સામેલ થયા.

તે શાહજહાંપુરમાં રેલવે વિભાગના કોન્ટ્રાક્ટર હતા. આ કારણે જ અંગ્રેજોએ તેમને પિસ્તોલનું લાઈસન્સ આપ્યું હતું. એવું કહેવાય છે કે, બિસ્મિલે ઘણી વખત તેમની પિસ્તોલનો ઉપયોગ ક્રાંતિકારી હેતુઓ માટે પણ કર્યો હતો અને કાકોરી કાંડમાં ઉપયોગમાં લેવામાં આવેલા માઉઝર કારતુસ પણ ખન્નાના લાઈસન્સ પર ખરીદવામાં આવ્યા હતા. કાકોરી કાંડની સુનાવણી બે વર્ષ સુધી ચાલી હતી. તેમને કાકોરી ષડયંત્ર કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. સજા બાદ જ્યારે તેઓ જેલમાંથી બહાર આવ્યા ત્યારે તેમણે અપરિણીત રહીને દેશની સેવા કરવાનું પ્રણ લીધું, જેનું પાલન તેમણે આજીવન કર્યું હતું.

જેલમાંથી છૂટ્યા પછી, તેમણે પોતાની તમામ અંગત સંપત્તિ રામપ્રસાદ બિસ્મિલ મેમોરિયલ ટ્રસ્ટ, શાહજહાંપુરને દાનમાં આપી દીધી અને કાકોરીના નામે ઘણી સંસ્થાઓ બનાવી. પ્રેમકૃષ્ણ ખન્નાને વાંચવાનો ખૂબ જ શોખ હતો અને તેમની પાસે પુસ્તકોનો મોટો સંગ્રહ હતો. જેલવાસ દરમિયાન તેમણે ઘણાં સારા પુસ્તકો ખરીદ્યાં હતાં. તેમના આયુષ્યની શતાબ્દીના બરાબર છ મહિના પહેલાં 3 ઓગસ્ટ 1993ના રોજ તેમનું અવસાન થયું હતું.

## ઓગસ્ટ ક્રાંતિ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં ઓગસ્ટ મહિનાનું પોતાનું આગવું મહત્વ છે. આ એ જ મહિનો છે જેમાં ભારતની આઝાદીનો પાયો ગણાતા ત્રણ મોટા જનઆંદોલનો થયા હતા. ચાલો જાણીએ તે ત્રણ મુખ્ય આંદોલનો વિશે...

### અસહકાર આંદોલન

બ્રિટિશ શાસનના વધી રહેલા અત્યાચારોનો વિરોધ કરવા માટે 1 ઓગસ્ટ 1920ના રોજ મહાત્મા ગાંધીએ અસહકાર આંદોલન શરૂ કર્યું હતું. આ આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓ અને કોલેજોમાં જવાનું બંધ કરી દીધું હતું. વકીલોએ અદાલતોનો બહિષ્કાર કર્યો હતો. ઘણા નગરો અને શહેરોમાં કામદારો હડતાળ પર જતા રહ્યા હતા. આ આંદોલનની અસર શહેરથી લઈને ગામડાઓ સુધી જોવા મળી હતી. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછી અસહકાર આંદોલનથી પહેલી વખત બ્રિટિશ સત્તાનો પાયો હચમચી ગયો હતો. ફેબ્રુઆરી 1922માં એક પોલીસ સ્ટેશન પર હુમલો કરીને તેને આગ લગાવવાની ઘટના બન્યા પછી મહાત્મા ગાંધીએ આ આંદોલન પાછું ખેંચી લીધું હતું.

### ભારત છોડો આંદોલન

દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં 8 ઓગસ્ટની મધ્યરાત્રિનું વિશેષ મહત્વ છે. મહાત્મા ગાંધીએ અંગ્રેજોને ભારતમાંથી ભગાડવા માટે 8 ઓગસ્ટ 1942ના રોજ ભારત છોડો આંદોલનની શરૂઆત કરી હતી. મહાત્મા ગાંધીએ તેમના શક્તિશાળી સૂત્ર 'કરો અથવા મરો' દ્વારા દેશવાસીઓને પ્રોત્સાહિત કરીને આ આંદોલનની શરૂઆત કરી હતી. મહાત્મા ગાંધીની પ્રેરણાથી ભારત છોડો આંદોલનનો પડઘો આખા દેશમાં સંભળાયો હતો, જેણે આપણા દેશના યુવાનોમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો.

### સ્વદેશી આંદોલન

સ્વદેશી આંદોલન એ આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના મુખ્ય આંદોલનોમાંનું એક હતું. 7 ઓગસ્ટ 1905ના રોજ શરૂ કરવામાં આવેલા આ આંદોલને સ્વદેશી ઉદ્યોગો અને સ્વદેશી ભાવનાને પ્રોત્સાહન આપ્યું, જેમાં હાથશાળ સાથે સંકળાયેલા વણકરો પણ સામેલ થયા હતા. સ્વદેશી આંદોલનની યાદમાં, ભારત સરકારે 2015માં દર વર્ષે 7 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય હાથશાળ દિવસ (NHD) મનાવવાનો નિર્ણય લીધો હતો. પ્રધાનમંત્રી મોદીએ 07 ઓગસ્ટ, 2015ના રોજ ચેન્નાઈમાં પ્રથમ હાથશાળ દિવસનો શુભારંભ કર્યો હતો.

# એક રાષ્ટ્ર સિદ્ધાંતના પક્ષમાં લખનારા હૈદરાબાદના પ્રથમ પત્રકાર

## સૈયદ અહમદુલ્લા કાદરી


**જન્મ:** 9 ઓગસ્ટ, 1909 **અવસાન:** 5 ઓક્ટોબર, 1985



સ્વાતંત્ર્ય સેનાની સૈયદ અહમદુલ્લા કાદરીનો જન્મ 9 ઓગસ્ટ 1909ના રોજ હૈદરાબાદમાં થયો હતો. તેમના પિતાનું નામ શમશુલ્લાહ કાદરી હતું. સૈયદના પિતા શમશુલ્લા કાદરી એક પ્રખ્યાત લેખક હતા. તેમણે સૈયદને ખૂબ જ નાની ઉંમરે સાહિત્યકારોથી પરિચિત કરાવ્યા હતા. સૈયદ અહમદ કાદરીએ પ્રસિદ્ધ સમાચારપત્ર સલ્તનતની સ્થાપના કરી હતી. સાથે જ, તેમણે પૈસા અને તારીખ નામના બે સમાચારપત્રો માટે પણ લખ્યું હતું. કાદરી, હૈદરાબાદ રાજ્યના પહેલા એવા પત્રકાર હતા જેમણે 1946માં ઉર્દૂ સમાચાર દૈનિક સલ્તનતમાં એક રાષ્ટ્ર સિદ્ધાંતના પક્ષમાં લખ્યું હતું. તેમણે રાષ્ટ્રવ્યાપી ચળવળમાં સામેલ થવાનો નિર્ણય લીધો અને આંધ્રપ્રદેશ રાજ્ય વિધાન પરિષદના સભ્ય બન્યા. તેઓ આંધ્રપ્રદેશ રાજ્ય હજ સમિતિના અધ્યક્ષ પણ હતા. કાદરીએ તેમના જીવન દરમિયાન ઘણા મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા હતા. તેમને લુત્ફુદ્દૌલા ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સૈયદ અહમદુલ્લા કાદરીને 1966માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. 5 ઓક્ટોબર, 1985ના રોજ તેમનું અવસાન થયું હતું. ●

## DDU ગ્રામીણ કૌશલ્ય યોજના ગ્રામીણ યુવાનોનું સશક્તિકરણ

સમાવેશી વિકાસ અને ભારતના ગ્રામીણ યુવાનોની આત્મનિર્ભરતા માટે ભારત સરકારે 25 સપ્ટેમ્બર 2014ના રોજ દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) શરૂ કરી હતી. DDU-GKY એ ગ્રામીણ યુવાનોને કાયમી રોજગારીની તકો પૂરી પાડીને ગ્રામીણ યુવાનોનું સશક્તિકરણ કર્યું છે અને તેમના કૌશલ્યોમાં વધારો કર્યો છે. હાલમાં DDU-GKY દેશના 27 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કરવામાં આવી રહી છે. આ યોજના હેઠળ, 877થી વધુ પ્રોજેક્ટ અમલીકરણ એજન્સીઓ (PIA) 2,369થી વધુ તાલીમ કેન્દ્રોના માધ્યમથી 37 ક્ષેત્રો અને 616 પ્રકારની નોકરીઓ ઉપલબ્ધ થાય તે માટે તાલીમ આપી રહી છે.






11 રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ

# બહેતર માર્ગ કનેક્ટિવિટીથી રાજસ્થાનની પ્રગતિને ગતિ મળી રહી છે

**દેશના ઔદ્યોગિક અને સામાજિક વિકાસ માટે માર્ગ પરિવહન ખૂબ જ મહત્વપૂર્ણ છે. માર્ગોના વિકસિત નેટવર્કનું નિર્માણ કરવા માટે સરકાર સમયબદ્ધ રીતે મિશન મોડમાં કામ કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતની માળખાકીય સુવિધાઓને ઝડપી ગતિએ અને મોટા રોકાણ સાથે આધુનિક બનાવવામાં આવી રહી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ 2014 પહેલાંની સરખામણીમાં લગભગ બમણું થઈ ગયું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ દ્વારા રાજસ્થાનની પ્રગતિને વેગ આપવા માટે કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી દ્વારા 4 જુલાઈના રોજ રૂ. 5,625 કરોડના મૂલ્યની 11 રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરવામાં આવ્યા...**

રાજસ્થાનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને વધુ વેગ આપતા, કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ પ્રતાપઢમાં રૂ. 3,775 કરોડના રોકાણ સાથેની 219 કિમીની ચાર પરિયોજનાઓ સહિત રૂ. 5,625 કરોડથી વધુના મૂલ્યની 11 રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાઓનું 4 જુલાઈના રોજ લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે સંબોધન આપતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું, "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સમર્થ નેતૃત્વ હેઠળ, અમે રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ કરીને રાજસ્થાનને પ્રગતિના પંથે લઈ જવા માટે કટિબદ્ધ છીએ." રાજસ્થાનની પ્રગતિને નવા આયામો આપતી આ તમામ પરિયોજનાઓના કારણે મુસાફરીના સમયમાં ઘટાડો કરશે અને ઈંધણની બચત કરશે. સાથે જ, રાજ્યને વધુ સારી કનેક્ટિવિટી સુવિધા મળશે અને આર્થિક વિકાસને વેગ મળશે. ચિત્તોડગઢના કિલ્લા અને આસપાસમાં અન્ય પર્યટન સ્થળો પર પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે, સાથે જ ઉદ્યોગસાહસિકોને પણ ફાયદો થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો રાષ્ટ્રીય ગતિશક્તિ પ્લાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પાયો નાખવાની સાથે સાથે દેશની સમગ્ર અર્થવ્યવસ્થાનો માર્ગ પણ મોકળો કરે છે. આનું પરિણામ એ આવ્યું છે કે, રાજસ્થાન પણ વિકાસના પંથે ઝડપથી આગળ વધી રહ્યું છે. કેન્દ્રીય મંત્રી ગડકરી દ્વારા આપવામાં આવેલી આ પરિયોજનાઓની ભેટથી, ખુશહાલ રાજસ્થાનની પરિકલ્પના


# ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાઓનું લોકાર્પણ

## પહેલી પરિયોજના

**90** કિલોમીટર લાંબા માર્ગના નિર્માણ માટે 1526 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત શાનગઢથી ગુલાબપુરા સેક્શન સુધી NH 48ને 6 માર્ગીય કરવાનું કામ પૂરું થઈ ગયું છે. આ પરિયોજના અજમેર અને ભીલવાડાના આર્થિક અને સામાજિક વિકાસને વેગ આપશે.

## બીજી પરિયોજના

**125** કિલોમીટર લાંબા માર્ગના નિર્માણમાં 2,090 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ N H 48 પર ગુલાબપુરાથી ચિત્તોડગઢ સેક્શનનો 6 માર્ગનો પ્રોજેક્ટ છે જેનું કામ પૂરું થઈ ગયું છે. આનાથી, ભીલવાડા અને ચિત્તોડગઢ ઉપરાંત, ઉદયપુર, જયપુર અને કોટા ક્ષેત્રની પારસ્પરિક કનેક્ટિવિટી મજબૂત થશે.




## ત્રીજી પરિયોજના

ફતેહનગરમાં NH 162A પર ચાર માર્ગીય ROBનું નિર્માણ કાર્ય. આ ROBના નિર્માણથી રેલવે ક્રોસિંગ પર ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્તિ મળશે.

## ચોથી પરિયોજના

મંડરાયલમાં ચંબલ નદી પર એક ઉંચો પુલ બાંધવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી રાજસ્થાનના મંડરાયલ, કરૌલી અને મધ્યપ્રદેશના સબલગઢ વચ્ચે કનેક્ટિવિટી જળવાઈ રહેશે.

સાકાર થશે. રાજસ્થાનમાં, CRF હેઠળ રૂ. 2,250 કરોડના ખર્ચે 74 પરિયોજનાઓને મંજૂરી આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. આ પરિયોજનાઓનું કામ પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

### અન્ય 7 પરિયોજનાઓનો શિલાન્યાસ

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિ ગડકરીએ 4 જુલાઈના રોજ રાજસ્થાનની પ્રગતિ માટે કુલ 1,850 કરોડ રૂપિયાના મૂલ્યની 221 કિમીની કુલ લંબાઈની 7 અન્ય પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો. જેમાં નીચલી ઓડનથી ભટેવર સુધી 2 માર્ગીય પેવ્ડ શોલ્ડરનું નિર્માણ સામેલ છે. આનાથી દરીબા ઝીંક ખાણને વધુ સારી કનેક્ટિવિટી મળશે અને ઉદયપુર હવાઈમથકથી નાથદ્વારા સુધી સીધી સુલભતા મળશે. આ પરિયોજનાઓમાં, રાષ્ટ્રીય ધોરીમાર્ગ 927A પર દેવલ, ડુંગરપુર, સાગવારા, ગઢી, વજવાના સુધીના 2 માર્ગીય પેવ્ડ શોલ્ડરનું નિર્માણ અને સાગવારા તેમજ ગઢી બાયપાસ સાથે કરવામાં આવી રહ્યું છે. તેનાથી ડુંગરપુર અને બાંસવાડા જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ ઘટશે અને વિકાસની નવી સંભાવનાઓ ઊભી થશે. રાસથી બ્યાવર સેક્શન પર 4 માર્ગીય માર્ગ પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવશે. આનાથી બ્યાવરના સિમેન્ટ ઉદ્યોગને વધુ સારી કનેક્ટિવિટી મળશે. ગડકરીએ પ્રતાપગઢ બાયપાસનું ભૂમિપૂજન પણ કર્યું હતું, જેનો લાભ પ્રતાપગઢ શહેરને પણ થશે. 7મા પરિયોજના બ્યાવર ગોમતીથી બાઘાના, માદા કી બસ્સી સેક્શનનું ચાર માર્ગીય નિર્માણ કાર્ય સામેલ છે. ટૉડગઢ અભયારણ્યના વન્યજીવોની સરળતાથી હરીફરી શકે તે માટે 13 એનિમલ અન્ડરપાસ બનાવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

### ઉદયપુર ગ્રીનફિલ્ડ બાયપાસનું નિરીક્ષણ

કેન્દ્રીય મંત્રી નીતિ ગડકરીએ ઉદયપુર માટે મહત્વપૂર્ણ પરિયોજના ઉદયપુર ગ્રીનફિલ્ડ બાયપાસનું નિરીક્ષણ કર્યું હતું,. 900 કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા 24 કિલોમીટર લંબાઈના આ 6 માર્ગીય ગ્રીનફિલ્ડ બાયપાસનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. 24 કિમીમાંથી અત્યાર સુધીમાં 19 કિમી રોડ બનાવવાની કામગીરી પૂરી કરવામાં આવી છે. આ નિર્માણ કાર્ય સપ્ટેમ્બર 2023 સુધીમાં પૂરું થઈ જશે. આ બાયપાસના નિર્માણથી જયપુરથી અમદાવાદ જતો ટ્રાફિક બહારથી નીકળી જશે, જેના કારણે ઉદેપુર શહેરને ટ્રાફિક જામમાંથી મુક્તિ મળશે. ●

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ચાર રાજ્યોનો પ્રવાસ**

# વિકાસના પંથે સતત આગળ વધી રહ્યું છે નવું ભારત



**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બે દિવસમાં ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલંગાણામાં લગભગ 5,600 કિલોમીટરનું અંતર કાપ્યું અને આ રાજ્યોને ઘણી વિકાસ યોજનાઓની ભેટ આપી. પ્રધાનમંત્રી મોદીએ 7 જુલાઈના રોજ છત્તીસગઢ અને ઉત્તરપ્રદેશ, 8 જુલાઈના રોજ તેલંગાણા અને રાજસ્થાનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે 50,000 કરોડ રૂપિયાની 50 વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કર્યો અને લોકાર્પણ કર્યું હતું. આ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુરના રેલવે સ્ટેશનથી બે વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી પણ બતાવી હતી...**

અમૃતકાળથી સ્વર્ણિમકાળ સુધીની સફરમાં રાજ્યોના વિકાસ પર કેન્દ્ર સરકારનું ધ્યાન કેન્દ્રિત છે કારણ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યના વિકાસ દ્વારા રાષ્ટ્રના વિકાસના મંત્રમાં ભરોસો રાખે છે. આ જ કડીને મજબૂત કરવા માટે પ્રધાનમંત્રી મોદીએ ચાર રાજ્યોની મુલાકાત દરમિયાન કાશી સહિત ઉત્તરપ્રદેશમાં 12,000 કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું હતા. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, કાશીનો આત્મા જાળવીને અમે નૂતન કાયાકલ્પનો સંકલ્પ લીધો છે, આ તેનું વિસ્તરણ છે. જેમાં રેલ, માર્ગ, પાણી, શિક્ષણ, પર્યટન અને ઘાટોના પુનર્વિકાસને લગતી પરિયોજનાઓનો સમાવેશ થાય છે.

દેશ હંમેશા ઈચ્છતો હતો કે, દેશમાં ઝડપી ગતિએ ટ્રેનો ચાલે. આના માટે લગભગ 50 વર્ષ પહેલાં દેશમાં પહેલીવાર રાજધાની એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવી હતી, પરંતુ આટલાં વર્ષો પછી પણ રાજધાની એક્સપ્રેસ માત્ર 16 રૂટ પર જ દોડી રહી છે. લગભગ 30-35 વર્ષ પહેલાં શતાબ્દી એક્સપ્રેસ શરૂ કરવામાં આવી હતી, જે માત્ર 19 રૂટ પર દોડી શકી છે. વર્તમાન સરકારે 4 વર્ષ પહેલાં બનારસથી શરૂ કરેલી પ્રથમ વંદે ભારત ટ્રેન હવે 25 રૂટ પર દોડવા લાગી છે. ગોરખપુરથી જે બે વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવીને શરૂ કરવા આવી છે, તેમાં એક ગોરખપુરથી લખનઉ અને બીજી અમદાવાદથી જોધપુર રૂટ પર ચાલનારી ટ્રેન છે.

છેલ્લાં 9 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આવનારી પેઢીઓનું ભવિષ્ય પણ સુધરી જાય તે વાત ધ્યાનમાં રાખીને કામ કર્યું છે. પીએમ આવાસ યોજના હેઠળ દેશમાં અત્યાર સુધીમાં 4 કરોડથી વધુ પરિવારોને પાકાં મકાનો મળી ચુક્યા છે. આ કાર્યક્રમ હેઠળ ઉત્તરપ્રદેશના સાડા ચાર લાખ ગરીબ પરિવારોને પાકાં મકાનો આપવામાં આવ્યાં છે. છેલ્લાં 9



વર્ષોમાં કાશીની કનેક્ટિવિટી સુધારવા માટે અભૂતપૂર્વ કામ કરવામાં આવ્યું છે. અહીં જે વિકાસ કામો થઈ રહ્યાં છે, તેનાથી રોજગારીની અનેક નવી તકો પણ ઊભી થઈ રહી છે. ગયા વર્ષે 7 કરોડથી વધુ પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ કાશી આવ્યા હતા. માત્ર એક વર્ષમાં કાશી આવનારા પ્રવાસીઓની સંખ્યામાં 12 ગણો વધારો થયો છે.

### છત્તીસગઢના રાયપુરમાં વિકાસ કાર્યોનો શુભારંભ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના રાયપુરમાં 7 જુલાઈએ આશરે રૂ. 7,500 કરોડના મૂલ્યની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરી હતી અને શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજે છત્તીસગઢને 7 હજાર કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની પરિયોજનાઓની ભેટ મળી છે. આ ભેટો ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીની સાથે સાથે છત્તીસગઢના લોકોનું જીવન સરળ બનાવવા માટે છે.

જ્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર નબળું હતું, ત્યાં વિકાસ પણ એટલો જ મોડો પહોંચ્યો. આ જ કારણ છે કે, જે ક્ષેત્રો વિકાસની દોડમાં પાછળ રહી ગયા હતા ત્યાં ભારત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વધારે વિકાસ કરી રહ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે લોકોના જીવન અને વ્યવસાયમાં સરળતા, રોજગારીની લાખો નવી તકોનું સર્જન અને ઝડપી વિકાસ. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "આજે ભારતમાં જે રીતે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થઈ રહ્યો છે, તે છત્તીસગઢમાં પણ જોવા મળી રહ્યો છે. છેલ્લાં 9 વર્ષોમાં, પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના હેઠળ છત્તીસગઢના હજારો આદિવાસી ગામો સુધી રસ્તાઓ પહોંચ્યા છે. ભારત સરકારે અહીં લગભગ 3,500 કિલોમીટર લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગના પ્રોજેક્ટને મંજૂરી આપી છે. તેમાંથી લગભગ ત્રણ હજાર કિલોમીટરના પ્રોજેક્ટના કામ પૂરાં થઈ ગયા છે." ભારત સરકાર શેરી પરના દરેક ફેરિયાઓ, લારી-ગલ્લાવાળાઓને પોતાના ભાગીદાર માને છે, તેથી પ્રથમ

## વારાણસીમાં વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ

- 6,760 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્મિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન-સોન નગર રેલવે લાઈન વચ્ચે સમર્પિત ફ્રેઈટ કોરિડોરનું લોકાર્પણ.
- 990 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિદ્યુતીકરણ અને ડબલિંગ સાથે ત્રણ રેલવે લાઈનોનું લોકાર્પણ.
- 2,750 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે પૂરા કરવામાં આવેલા NH-56ના વારાણસી-જૌનપુર સેક્શનના ચાર માર્ગીય રોડનું લોકાર્પણ.
- વારાણસીમાં 18 PWD રસ્તાઓના બાંધકામ અને નવીનીકરણ તેમજ BHU કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડિંગના નિર્માણ સહિત વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન.
- જલ જીવન મિશનમાં, શ્રી દ્વારા રૂ. 550 કરોડથી વધુના ખર્ચની 192 ગ્રામીણ પીવાલાયક પાણીની યોજનાઓનો શિલાન્યાસ. આનાથી આ ગામોના 7 લાખ લોકોને પીવાનું શુદ્ધ પાણી મળશે.
- મણિકર્ણિકા અને હરિશ્ચંદ્ર ઘાટની ફરી ડિઝાઈન તૈયાર કરીને તેના અને પુનઃવિકાસ માટે શિલાન્યાસ.
- ઉત્તરપ્રદેશના લાભાર્થીઓને પીએમ સ્વનિધિ લોન, PMAY ગ્રામીણ ઘરોની ચાવીઓની સોંપણી અને આયુષ્મા ભારત કાર્ડનું વિતરણ કર્યું.
- 5 લાખ PMAY લાભાર્થીઓનો ગૃહ પ્રવેશ, 1.25 લાખ પાત્ર લાભાર્થીઓને પીએમ સ્વનિધિ લોનનું વિતરણ અને 2.88 કરોડ આયુષ્માન કાર્ડ વિતરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.



## ગોરખપુર રેલવે સ્ટેશનથી બે વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી

- ગોરખપુર રેલવે સ્ટેશનથી બે વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી બતાવી રવાના કરી. અત્યાર સુધીમાં દેશમાં 25 રૂટ પર વંદે ભારત ટ્રેનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.
- ગોરખપુર-લખનઉ વંદે ભારત એક્સપ્રેસ અયોધ્યામાંથી પસાર થશે અને રાજ્યના મહત્વના શહેરોની પરિવહન સુવિધામાં સુધારો લાવશે તેમજ પર્યટનને પણ પ્રોત્સાહન આપશે.
- તેમજ, જોધપુર-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ જોધપુર, આબુ રોડ, અમદાવાદ જેવા પ્રખ્યાત સ્થળો માટે પરિવહન કનેક્ટિવિટીમાં સુધારો કરશે.
- ગોરખપુર રેલવે સ્ટેશનના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કર્યો. સ્ટેશનનો લગભગ રૂ. 498 કરોડના ખર્ચે પુનર્વિકાસ કરવામાં આવશે, જે મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડશે.

વખત તેમના માટે પીએમ સ્વનિધિ યોજના હેઠળ ગેરંટી-મુક્ત લોન આપવામાં આવી રહી છે. છત્તીસગઢમાં તેના 60 હજારથી વધુ લાભાર્થીઓ છે.

### તેલંગાણાના વારંગલમાં વિવિધ પરિયોજનાનો શિલાન્યાસ

તેલંગાણા રાજ્ય ભલે નવું હોય પરંતુ ભારતના ઈતિહાસમાં તેલંગાણા અને તેના લોકોનું યોગદાન હંમેશા મોટું રહ્યું છે. તેલુગુ લોકોના સામર્થ્યએ હંમેશા ભારતનું સામર્થ્ય વધાર્યું છે. ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી આર્થિક શક્તિ બની ગયું છે, તો તેમાં તેલંગાણાના લોકોની પણ ઘણી મોટી ભૂમિકા રહી છે.

તેલંગાણાના વારંગલમાં વિવિધ પરિયોજનાઓનો શિલાન્યાસ કરવાના પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "21મી સદીના ત્રીજા દાયકામાં આપણી પાસે આ સુવર્ણકાળ આવ્યો છે. આપણે આ સુવર્ણકાળની દરેક ક્ષણનો ભરપૂર ઉપયોગ કરવાનો છે. ઝડપી વિકાસની કોઈપણ સંભાવનામાં દેશનો કોઈ ખૂણો પાછળ ન રહેવો જોઈએ. આ સંભાવનાઓને વેગ આપવા માટે, છેલ્લાં 9 વર્ષોમાં ભારત સરકારે તેલંગાણાના વિકાસ અને અહીંની કનેક્ટિવિટી પર વિશેષ ધ્યાન આપ્યું છે." આ કડીમાં, 8 જુલાઈએ, પ્રધાનમંત્રી મોદીએ તેલંગાણાની કનેક્ટિવિટી અને વિનિર્માણ સંબંધિત રૂ. 6,000 કરોડની વિવિધ પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો.

### એક્સપ્રેસ-વે અને રેલવે રાજસ્થાનમાં પર્યટન સંબંધિત તકોનું વિસ્તરણ કરશે

કોઈપણ રાજ્ય વિકાસની દોડમાં ત્યારે આગળ નીકળે છે, જ્યારે તેના સામર્થ્ય અને સંભાવનાઓને યોગ્ય રીતે ઓળખવામાં આવે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 8 જુલાઈના રોજ રાજસ્થાનના બિકાનેરમાં રૂ. 24,300 કરોડથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "રાજસ્થાનમાં વિકાસને વેગ આપવાની તાકાત છે, તેથી જ અમે અહીં વિક્રમી રોકાણ કરી રહ્યાં છીએ. રાજસ્થાનમાં ઔદ્યોગિક વિકાસની અપાર સંભાવનાઓ રહેલી છે, તેથી જ અમે અહીં કનેક્ટિવિટીને લગતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને

## છત્તીસગઢના રાયપુરમાં પીએમ મોદી



- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આશરે રૂ. 6,400 કરોડના મૂલ્યના પાંચ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું અને શિલાન્યાસ કર્યો.
- NH-130ના બિલાસપુર-અંબિકાપુર સેક્શનના 53 કિલોમીટર લાંબા બિલાસપુર-પથરાપાલી સેક્શનના 4-માર્ગીય રોડનું લોકાર્પણ.
- 6 માર્ગીય ગ્રીનફિલ્ડ રાયપુર-વિશાખપટ્ટનમ કોરિડોરના છત્તીસગઢ હિસ્સામાં ત્રણ N H પરિયોજનાઓનો શિલાન્યાસ.
- 750 કરોડના ખર્ચે નિર્મિત 103 કિલોમીટર લાંબી રાયપુર-ખરિયાર રોડ ડબલિંગ રેલ લાઈન રાષ્ટ્રને સમર્પિત કરી. આ ઉપરાંત, KVT-અંતાગઢને જોડતી 17 કિલોમીટર લાંબી નવી રેલવે લાઈન પણ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી.
- કોરબામાં રૂ. 130 કરોડના ખર્ચે નિર્મિત 60 હજાર મેટ્રિક ટન વાર્ષિક ક્ષમતાનો બોટલિંગ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો.
- પ્રધાનમંત્રી આયુષ્માન ભારત હેઠળ 75 લાખ લાભાર્થીઓને કાર્ડ વિતરણની શરૂઆત કરવામાં આવી.

## તેલંગાણામાં 6,100 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ

- 5,550 કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવનાર 176 કિમી લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગની પરિયોજનાનો શિલાન્યાસ કર્યો. આ પરિયોજનાઓમાં નાગપુર-વિજયવાડા કોરિડોરના 108 કિલોમીટર લાંબા મંચેરિયલ-વારંગલ સેક્શનનો પણ સમાવેશ થાય છે.
- NH-563ના 68 કિલોમીટર લાંબા કરીમનગર-વારંગલ સેક્શનને 2 માર્ગીયમાંથી 4 માર્ગીય બનાવવા માટે શિલાન્યાસ કર્યો.
- 500 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારા રેલવે વિનિર્માણ એકમ, કાઝીપેટનો શિલાન્યાસ કર્યો. આ એકમથી વેગન ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે.

## બિકાનેરમાં વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ

- બિકાનેરમાં રૂ. 24,300 કરોડથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ.
- અમૃતસર-જામનગર આર્થિક કોરિડોરના છ માર્ગીય ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે સેક્શનનું લોકાર્પણ. રાજસ્થાનમાં આ કોરિડોરની લંબાઈ 500 કિલોમીટરથી વધુ છે, જેને લગભગ 11,125 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.
- વીજ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે, લગભગ રૂ. 10,950 કરોડના ખર્ચે ગ્રીન એનર્જી કોરિડોર માટે નિર્મિત આંતર-રાજ્ય ટ્રાન્સમિશન લાઈનના તબક્કા-1નું લોકાર્પણ.
- આશરે રૂ. 1,340 કરોડના ખર્ચે પાવર ગ્રીડ દ્વારા વિકસાવવામાં આવનારી બિકાનેર-ભિવાડી ટ્રાન્સમિશન લાઈનનું લોકાર્પણ.
- બિકાનેરમાં 30 પથારીવાળી કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) હોસ્પિટલનું લોકાર્પણ. આ હોસ્પિટલમાં 100 પથારી સુધી વિસ્તરણ કરવાની ક્ષમતા હશે.
- બિકાનેર રેલવે સ્ટેશનના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કર્યો. લગભગ 450 કરોડ રૂપિયાના ખર્ચે આ પુનર્વિકાસનું કામ કરવામાં આવશે.
- 43 કિલોમીટર લાંબા ચુરુ-રતનગઢ રેલવે સેક્શનના ડબલિંગ માટે શિલાન્યાસ કર્યો. આ રેલ લાઈનના ડબલિંગથી રેલ પરિવહન સુવિધાનું વિસ્તરણ થશે.

હાઈટેક બનાવી રહ્યાં છીએ. હાઈ-સ્પીડ એક્સપ્રેસ-વે અને રેલવેથી સમગ્ર રાજસ્થાનમાં પર્યટન સંબંધિત તકોનું વિસ્તરણ થશે. આનો સૌથી મોટો લાભ અહીંના યુવાનોને થશે, રાજસ્થાનના દીકરા-દીકરીઓને થશે."

ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કરવામાં આવતા આ વિકાસનો સૌથી વધારે લાભ નાના વેપારીઓ અને કુટીર ઉદ્યોગોને મળે છે. બિકાનેર તો અથાણાં, પાપડ, નમકીન અને આવા તમામ ઉત્પાદનો માટે દેશભરમાં પ્રસિદ્ધ છે. જો કનેક્ટિવિટી સારી હશે તો અહીંના કુટીર ઉદ્યોગો ઓછા ખર્ચે તેમનો માલ દેશના ખૂણે-ખૂણા સુધી પહોંચાડી શકશે. છેલ્લાં 9 વર્ષમાં કેન્દ્ર સરકારે રાજસ્થાનના વિકાસ માટે શક્ય હોય તેવા તમામ પ્રયાસો કર્યા છે. દાયકાઓથી વિકાસથી વંચિત રહેલા સરહદી વિસ્તારોના વિકાસ માટે વાઈબ્રન્ટ વિલેજ યોજના શરૂ કરવામાં આવી છે. તેના કારણે આ વિસ્તારોમાં વિકાસ થઈ રહ્યો છે અને દેશના લોકોને પણ સરહદી વિસ્તારોની મુલાકાત લેવામાં રસ વધી રહ્યો છે. તેના કારણે સરહદી વિસ્તારોમાં પણ વિકાસની નવી ઉર્જા પહોંચી છે. ●




# રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશન

# અમૃતકાળનું મુખ્ય મિશન

**સિકલ સેલ એનિમિયા એક ગંભીર આનુવંશિક રોગ છે. ભારતના મોટા ભાગોમાં, ખાસ કરીને આદિવાસી બહુમતીવાળા વિસ્તારોમાં આ રોગથી પીડિત દર્દીઓની સંખ્યા વધુ છે. આ રોગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે વર્ષ 2047 સુધીમાં દેશમાંથી આ રોગને નાબૂદ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. 1 જુલાઈના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના શહડોલમાં રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશનનો શુભારંભ કર્યો હતો...**

વિશ્વમાં સિકલ સેલ એનિમિયાના નોંધાતા કુલ કેસોમાંથી 50 ટકાથી વધુ કેસ માત્ર ભારતમાં જ સામે આવે છે, તેમ છતાં અગાઉની સરકારો દ્વારા આ મામલે ઉદાસીનતા દાખવવામાં આવી હતી. આનું પરિણામ એ આવ્યું કે, મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો આ રોગથી પીડાતા રહ્યા. કેન્દ્રની વર્તમાન સરકારે હવે આ રોગને નાબૂદ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ વખતના બજેટમાં સિકલ સેલ એનિમિયા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આ રોગને નાબૂદ કરવા માટે મિશન મોડ પર કામ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ રોગ પ્રત્યે કેન્દ્રમાં રહેલી વર્તમાન સરકારની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાપાનની મુલાકાતે ગયા હતા ત્યારે તેમણે નોબેલ પુરસ્કાર વિજેતા વૈજ્ઞાનિકને પણ આ બાબતે મદદ કરવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના શહડોલમાં રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશનનો શુભારંભ કર્યો હતો અને લાભાર્થીઓને સિકલ સેલ આનુવંશિક સ્થિતિ કાર્ડનું વિતરણ કર્યું હતું. 3.57 કરોડ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PAJAY) કાર્ડ વિતરણ કાર્યક્રમ પણ શરૂ કર્યો હતો. આ બે પગલાંનો સૌથી વધારે લાભ ગોંડ, ભીલ અને અન્ય આદિવાસી સમાજના લોકોને થશે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી મોદીએ 16મી સદીના મધ્યમાં ગોંડવાનાના શાસક રાણી દુર્ગાવતીને પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશન દ્વારા આદિવાસી સમુદાયના લોકોનું જીવન સુરક્ષિત કરવા, તેમને સિકલ સેલ એનિમિયાથી મુક્ત કરવા અને આ રોગથી પીડિત અઢી લાખ બાળકો અને પરિવારોનાં જીવન બચાવવાનો એક મોટો સંકલ્પ લેવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મોદીનું માનવું છે કે, સિકલ સેલ એનિમિયા નાબૂદ કરવાનું આ અભિયાન અમૃતકાળનું એક મુખ્ય

મિશન બની જશે. 2047 સુધીમાં આદિવાસી સમુદાયો અને દેશને સિકલ સેલ એનિમિયાના જોખમમાંથી મુક્ત કરવાનો મક્કમ સંકલ્પ લેવામાં આવ્યો છે. આ રોગથી પીડિત દર્દીઓ માટે બ્લડ બેંકો બનાવવામાં આવી રહી છે, બોન-મેરો ટ્રાન્સપ્લાન્ટની વ્યવસ્થાનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે, અને સિકલ સેલ એનિમિયાની તપાસમાં સુધારો કરવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી મોદીએ લોકોને આ રોગની તપાસ કરાવવાની અપીલ કરી છે કારણ કે, આ રોગ સમગ્ર પરિવારને અસર કરે છે. સિકલ સેલની સાથે સાથે પ્રધાનમંત્રી મોદીએ અન્ય ગંભીર રોગોનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, દેશ 2025 સુધીમાં ટીબીને સંપૂર્ણપણે નાબૂદ કરવાની દિશામાં કામ કરી રહ્યો છે. કેન્દ્ર સરકારના પ્રયાસોને કારણે અન્ય ગંભીર રોગોની સંખ્યામાં જબરદસ્ત ઘટાડો થયો છે.

### બીમારીનો ખર્ચ ઓછો કરવા પર ધ્યાન

પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના (AB-PMJAY)નો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, માત્ર રોગોને ઘટાડવા માટે જ નહીં પરંતુ રોગો પર થતા ખર્ચને ઓછો કરવા માટે પણ સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તબીબી ખર્ચાઓને કારણે લોકો પર પડતા આર્થિક બોજમાં AB-PMJAYના કારણે નોંધપાત્ર ઘટાડો થયો છે. આયુષ્માન ભારત લાભાર્થીઓ માટે આયુષ્માન કાર્ડ જેમને સારવાર માટે હોસ્પિટલમાં જવું પડે તેવા પરિવાર દીઠ રૂ. 5 લાખના ATM કાર્ડ તરીકે કામ કરશે. તમે ગમે તે રાજ્યના હોવ, તમે તમારું આયુષ્માન કાર્ડ બતાવો અને કોઈપણ રાજ્યની રજિસ્ટર્ડ હોસ્પિટલમાં મફત સારવારની સુવિધા મેળવી શકો છો. દેશભરમાં લગભગ પાંચ કરોડ દર્દીઓએ આયુષ્માન યોજના હેઠળ મફત સારવારનો લાભ લીધો છે, જેના કારણે તેમના એક લાખ કરોડ રૂપિયાથી વધુની બચત થઈ છે. આ આયુષ્માન કાર્ડ ગરીબોની સૌથી મોટી ચિંતા દૂર કરવાની ગેરંટી છે, આ વર્તમાન સરકારે જ આ ગેરંટી આપી છે.

### નબળા લોકોના જીવનધોરણમાં સુધારો થયો

અગાઉના સમયમાં ગરીબોની થાળીમાં યોગ્ય ભોજન નહોતું પહોંચી શકતું, પરંતુ વર્તમાન સરકાર ગરીબ કલ્યાણ યોજના દ્વારા 80 કરોડ પરિવારોને મફત ખાદ્યાન્નની ગેરંટી આપીને પરિસ્થિતિમાં પરિવર્તન લાવી રહી છે. આયુષ્માન યોજના દ્વારા 50 કરોડ લાભાર્થીઓને સ્વાસ્થ્ય સુરક્ષા, ઉજ્જવલા યોજના દ્વારા 10 કરોડ મહિલા લાભાર્થીઓને મફત ગેસ કનેક્શન અને મુદ્રા યોજના દ્વારા 8.5 કરોડ લાભાર્થીઓને લોન આપવામાં આવી છે. સરકારના આ પગલાંથી આર્થિક રીતે નબળા લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે.

### આદિવાસી કલ્યાણ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ આદિવાસી વિદ્યાર્થીઓ સમક્ષ રહેલા ભાષાના પડકારનો ઉકેલ આપ્યો છે. 400થી વધુ નવી એકલવ્ય

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે, ભારત સરકાર રાણી દુર્ગાવતીની 500મી જન્મજયંતિની ઉજવણી રાષ્ટ્રીય સ્તરે કરશે. તેમજ તેમના જીવન પર એક ફિલ્મ પણ બનાવવામાં આવશે. તેમની યાદમાં એક સ્મૃતિ સિક્કો અને ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવશે.**

> શહડોલની આ ધરતી પર દેશ એક મોટો સંકલ્પ લઈ રહ્યો છે. આ સંકલ્પ આપણા આદિવાસી ભાઈ-બહેનોના જીવનને સુરક્ષિત બનાવવા સાથે સંકળાયેલો છે. આ સંકલ્પ સિક લસેલ એનિમિયાના રોગમાંથી મુક્તિ મેળવવાનો છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

શાળાઓમાં આદિવાસી બાળકોને નિવાસી શાળાકીય શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. મધ્યપ્રદેશમાં આવા 2400 વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યાં છે. વર્તમાન સરકારે જનજાતીય કલ્યાણ માટે અલગ મંત્રાલયની રચના કરીને અને બજેટમાં ત્રણ ગણો વધારો કરીને આદિવાસી સમુદાયોને પ્રાથમિકતા આપી છે. વન અધિકાર અધિનિયમ હેઠળ 20 લાખ માલિકી હકપત્રોનું વિતરણ કરવામાં આવ્યું છે. આદિવાસી સમાજને અધિકારો આપવામાં આવ્યા અને આદિ મહોત્સવ જેવા આયોજનો દ્વારા તેમની પરંપરાઓનું સન્માન કરવામાં આવ્યું.

### સિકલ સેલ એનિમિયાથી અસરગ્રસ્ત રાજ્યો

કેન્દ્રીય બજેટ 2023માં રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા મુક્તિ મિશનની જાહેરાત કરવામાં આવી હતી. દેશના 17 સર્વાધિક અસરગ્રસ્ત રાજ્યો જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, તમિલનાડુ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, આસામ, ઉત્તરપ્રદેશ, કેરળ, બિહાર અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે ત્યાં 278 જિલ્લાઓમાં તેનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.●



શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)

# આતંકવાદ મામલે નહીં ચાલે બેવડા ધોરણો

**આજે પણ સમગ્ર વિશ્વ આતંકવાદથી પરેશાન છે. આંતરરાષ્ટ્રીય મંચો પર વાતચીત થાય છે, પરંતુ એવા કેટલાય દેશો છે જે આતંકવાદ પર બેવડા ધોરણો અપનાવે છે. આવા જ કેટલાક દેશોના કારણે આજે પણ આતંક અને આતંકવાદીઓ ફૂલીફાલી રહ્યા છે. માનવ સમાજે આનો ભોગ બનવું પડે છે. શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ભારતે આવા દેશો સામે કડક વલણ દાખવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અધ્યક્ષ તરીકે SCOના 23મા શિખર સંમેલનમાં સંબોધન કર્યું હતું...**

આતંકવાદનો સામનો કરવા માટે નિર્ણાયક પગલાં લેવાનો સમય આવી ગયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ ભલે ગમે તે સ્વરૂપમાં હોય તેની સામે એકજૂથ થઈને લડવું પડશે. કેટલાક દેશો તેમની નીતિ તરીકે સરહદ પારના આતંકવાદનો ઉપયોગ કરી રહ્યા છે, આતંકવાદીઓને આશરો આપી રહ્યા છે. SCOના સભ્ય દેશોએ આવા ગંભીર વિષય પર બેવડા ધોરણો ન અપનાવવા જોઈએ. આતંકવાદને આર્થિક મદદ કરીને તેમને પોષનારા દેશો અને સંસ્થાઓ સામે પારસ્પરિક સહયોગ વધારીને તેમનો સામનો કરવો જોઈએ. આમાં શાંઘાઈ સહયોગ સંગઠનના પ્રાદેશિક આતંકવાદ વિરોધી સંચરના વ્યવસ્થાતંત્રએ મહત્વની ભૂમિકા ભજવી છે. યુવાનોમાં કટ્ટરતા વધી રહી છે, તેને રોકવા માટે આપણે પણ વધુ સક્રિય પગલાં ભરવાની જરૂર છે. ભારત સરકારની પહેલ પર, SCOની બેઠકમાં કટ્ટરતાના મુદ્દે એક સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, “અફઘાનિસ્તાન બાબતે ભારતની ચિંતાઓ અને અપેક્ષાઓ મોટાભાગના SCO દેશો જેવી જ છે. તેથી અફઘાનિસ્તાનના લોકોના કલ્યાણ માટે સંયુક્ત

પ્રયાસો કરવા પડશે. ભારત અને અફઘાનિસ્તાનના લોકો વર્ષો જૂના મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. છેલ્લા બે દાયકામાં ભારતે અફઘાનિસ્તાનના આર્થિક અને સામાજિક વિકાસમાં યોગદાન આપ્યું છે. અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ પડોશી દેશોમાં અસ્થિરતા ફેલાવવા અથવા ઉગ્રવાદી વિચારધારાઓને પ્રોત્સાહન આપવા માટે થવો જોઈએ નહીં. અફઘાનિસ્તાનની સ્થિતિની સીધી અસર તમામ SCO દેશોની સુરક્ષા પર પડે છે."

### ચાબહાર બંદરનો વધુ સારો ઉપયોગ થશે

SCOના ચાર્ટરના મૂળભૂત સિદ્ધાંતો, ખાસ કરીને સભ્ય દેશોના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું આવશ્યક છે. ઈરાનના SCO સભ્યપદ બાદ ભારત ચાબહાર બંદરના વધુ સારા ઉપયોગ માટે કામ કરી શકે છે. 'આંતરરાષ્ટ્રીય નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર' મધ્ય એશિયાના એવા દેશો માટે હિન્દ મહાસાગર સુધી પહોંચવાનો સલામત અને સરળ રસ્તો બની શકે છે, જે સમુદ્રી સરહદ સાથે જોડાયેલા નથી. SCO વિશ્વની 40 ટકા વસ્તીનું ગૃહસ્થાન છે અને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે. આવી સ્થિતિમાં, એકબીજાની જરૂરિયાતો અને સંવેદનશીલતાને સમજવી એ SCOની સહિયારી જવાબદારી છે. SCOના આગામી શિખર સંમેલનની અધ્યક્ષતા કઝાખસ્તાન કરશે.

ભારતે SCOની તેની અધ્યક્ષતા દરમિયાન 140થી વધુ કાર્યક્રમો, સંમેલનો અને બેઠકોનું આયોજન કર્યું છે. એટલું જ નહીં, SCOના તમામ નિરીક્ષકો અને સંવાદ ભાગીદારોને પણ કાર્યક્રમોમાં સામેલ કરવામાં આવ્યા હતા. SCOની મંત્રી સ્તરની બેઠકોમાં મહત્વપૂર્ણ દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ભારત તરફથી કેટલાક નવા અને આધુનિક પરિમાણો ઉમેરવામાં આવ્યા છે. આમાં મુખ્યત્વે ઉર્જા ક્ષેત્રમાં ઉભરતા ઈંધણ, પરિવહન




**પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ માટે આતંકવાદ એક મોટું જોખમ છે, આ પડકારનો સામનો કરવા માટે નિર્ણાયક કાર્યવાહી કરવી જરૂરી છે.**

ક્ષેત્રમાં ડી-કાર્બનાઈઝેશન, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ડિજિટલ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સહયોગનો સમાવેશ થાય છે. ભારતનો પ્રયાસ, SCOમાં સહયોગ માત્ર સરકારો સુધી જ નહીં પરંતુ લોકો-થી-લોકોનો સંપર્ક ગાઢ બનાવવાનો છે.

### ભારતની અધ્યક્ષતામાં નવી પહેલ કરવામાં આવી

શાંઘાઈ શિખર સંમેલનમાં સૌપ્રથમવાર SCO મિલેટ ફૂડ ફેસ્ટિવલ, ફિલ્મ ફેસ્ટિવલ, SCO સૂરજકુંડ ક્રાફ્ટ મેળા, થિંક ટેન્ક સંમેલન અને સહિયારા બૌદ્ધ વારસા પર આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, SCO દેશોના યુવાનોની ઊર્જા અને પ્રતિભાને સાર્થક કરવા માટે યુવા વૈજ્ઞાનિકો અને યુવા લેખકોના સંમેલન, યુવા રેસિડેન્ટ સ્કોલર પ્રોગ્રામ, સ્ટાર્ટઅપ ફોરમ અને યુથ પરિષદ જેવા મંચોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ભવિષ્યની જરૂરિયાતો માટે તૈયાર થતું SCO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંમેલનમાં જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં વૈશ્વિક સ્થિતિ એક મહત્વપૂર્ણ પડાવ પર છે. સંઘર્ષ, તણાવ અને મહામારીથી ઘેરાયેલા વિશ્વમાં, ખોરાક, ઈંધણ અને ખાતરોની અછત તમામ દેશો માટે એક મોટો પડકાર છે. તમામ સભ્ય દેશોએ સાથે મળીને વિચારવું જોઈએ કે, શું SCO એક સંગઠન તરીકે લોકોની અપેક્ષાઓ અને આકાંક્ષાઓને પૂરી કરવામાં સક્ષમ છે? SCOમાં સુધારા અને આધુનિકીકરણના પ્રસ્તાવને ભારતે સમર્થન આપ્યું છે. SCO હેઠળ ભાષાના અવરોધોને દૂર કરવા માટે, ભારત સરકારે AI- આધારિત ભાષા પ્લેટફોર્મ ભાશિનીને તમામ સભ્ય દેશો સાથે શેર કરવાનું કહ્યું છે. ભારત સરકાર માને છે કે, સંયુક્ત રાષ્ટ્ર સહિત અન્ય વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા માટે SCO એક મહત્વપૂર્ણ અવાજ બની શકે છે. આ બેઠકમાં SCOનો વ્યાપ વધારવાની વાત કરવામાં આવી હતી, પરંતુ SCOનું મૂળ ફોકસ મધ્ય-એશિયાઈ દેશોના હિતો અને આકાંક્ષાઓ પર કેન્દ્રિત રહેવું જોઈએ તે વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ●



# દેશના આર્થિક પ્રવાહને સશક્ત બનાવતી સહકારિતા

**ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની પ્રક્રિયામાં સામાન્ય માણસ ભાગ બને, દરેક ઘર સહકારથી સમૃદ્ધ થાય, દરેક પરિવારની સમૃદ્ધિથી દેશ સમૃદ્ધ થાય. દરેક લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સૌનો પ્રયાસ આવશ્યક છે. સહકારની ભાવના પણ આ જ સંદેશ આપે છે. આ સંદેશને મજબૂત કરવા માટે, કિસાન સંઘ, પેક્સની સંખ્યામાં વધારો કર્યા પછી, 1 જુલાઈના રોજ નવી દિલ્હીમાં 17મા ભારતીય સહકારિતા અધિવેશનમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને ઑનલાઈન તાલીમ સાથે સહકારી મંડળીઓને જોડવાની શરૂઆત થઈ, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન આપ્યું હતું...**

વિશ્વની 30 લાખ સહકારી મંડળીઓમાંથી 9 લાખથી વધુ સહકારી મંડળીઓ ભારતમાં છે. 91 ટકાથી વધુ ગામડાંઓ અને 70 ટકા ખેડૂતો પેક્સ દ્વારા જોડાયેલા છે. આમ તો, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળતાની સાથે જ 2014માં સહકારિતા અને સહયોગના આ મોટા નેટવર્કને મજબૂત કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ 2021માં સહકારિતા મંત્રાલયની રચના થયા પછી, સહકારિતાનું આ મોટું નેટવર્ક ગામડા-ખેડૂતો અને રાષ્ટ્રની સમૃદ્ધિ સાથે જોડાવાની શરૂ થયું. સહકારી મંડળીઓમાં પારદર્શિતા માટે આધુનિકીકરણ, કોમ્પ્યુટરાઈઝેશનની સાથે સ્પર્ધાત્મક સહકારી મંડળીઓના નિર્માણને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. સહકારી સંસ્થાઓની ઉપયોગિતા વધારવા માટે, પ્રાથમિક કૃષિ મંડળીઓ (પેક્સ)માં 300 સામાન્ય સેવા કેન્દ્રો ખોલવાની સમજૂતી, આગામી 5 વર્ષમાં 2 લાખ નવા પેક્સ બનાવવાની સાથે જ, દરેક પંચાયતમાં બહુલક્ષી પેક્સ રચવા માટે બજેટ જોગવાઈ કરવા ઉપરાંત, 2024 સુધીમાં 2000 પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર ખોલવાની શરૂઆત થઈ ગઈ છે.

ગામડાઓ અને ખેડૂતોના વિકાસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહકારી મંડળીઓને મજબૂત ભાગીદાર તરીકે જુએ છે. સહકારી ક્ષેત્રને મજબૂત કરવા માટે આયોજિત 17મા ભારતીય સહકારી અધિવેશનની મુખ્ય થીમ 'અમૃતકાળ: વાઈબ્રન્ટ ઈન્ડિયા માટે સહકારથી સમૃદ્ધિ' રાખવામાં આવી હતી, જેની અધ્યક્ષતા કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે કરી હતી. તેમણે કહ્યું હતું કે, મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી એક્ટમાં સુધારાનું કામ સંસદની સંસદીય સમિતિ દ્વારા સર્વાનુમતિથી કરવામાં આવ્યું છે. સંસદના આ સત્રમાં આ કાયદો લાવવાનો છે.

સંમેલનમાં પ્રધાનમંત્રી મોદીએ સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે, સહકારિતાને રાજનીતિના બદલે સામાજ નીતિ અને રાષ્ટ્ર નીતિની વાહક બનાવવી જોઈએ. નવા ભારતમાં સહકારિતા, દેશના આર્થિક પ્રવાહનું શક્તિશાળી માધ્યમ બનશે. આપણે

અગાઉ PACSના કાયદા આખા દેશમાં અલગ-અલગ હતા, તેમાં એકરૂપતા લાવવા માટે, સહકારિતા મંત્રાલયે PACSના પેટા-કાયદા તૈયાર કરીને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મોકલ્યા છે. 26 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ PACSના પેટા-કાયદા સ્વીકારી લીધા છે. આ વર્ષે સપ્ટેમ્બર પછી, દેશના 85% PACS સમાન કાયદા હેઠળ ચાલશે.

**- અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી**

અમૃતકાળમાં દેશનાં ગામડાંઓ અને ખેડૂતોના સામર્થ્યમાં વધારો કરવા માટે હવે સહકારી ક્ષેત્રની ભૂમિકા ખૂબ જ મોટી બનવાની છે. સરકાર અને સહકાર સાથે મળીને વિકસિત ભારત, આત્મનિર્ભર ભારતના સંકલ્પને બમણી તાકાત આપશે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## ખેડૂતોને વાર્ષિક સરેરાશ 50 હજાર રૂપિયા મળ્યા

- ચાર વર્ષમાં કિસાન સન્માન નિધિ હેઠળ કરોડો ખેડૂતોના ખાતામાં અઢી લાખ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે. વર્ષ 2014 પહેલાંના પાંચ વર્ષમાં કુલ કૃષિ બજેટ જ માત્ર રૂ. 90 હજાર કરોડ કરતાં ઓછું હતું.
- આજે ખેડૂતને યુરિયાની એક થેલી 270 રૂપિયાથી ઓછા ભાવે મળી રહી છે, જે બાંગ્લાદેશ, પાકિસ્તાન, ચીન કરતાં અનેક ગણી સસ્તી છે. નવ વર્ષમાં માત્ર ખાતર પાછળ 10 લાખ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- 9 વર્ષમાં ખેડૂતોને મળતા MSPમાં વધારો કરવામાં આવ્યો છે. MSP પર ખરીદી કરીને ખેડૂતોને 15 લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ આપવામાં આવી છે. સરકાર કોઈને કોઈ રૂપે ખેડૂતોને દર વર્ષે સરેરાશ 50,000 રૂપિયા આપી રહી છે.
- સરકારે તાજેતરમાં ખેડૂતો માટે 3.70 લાખ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી છે. શેરડી પકવતા ખેડૂતો માટે શેરડીનો ભાવ વધારીને 315 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે.

## પ્રધાનમંત્રી મોદીનું સહકારી મંડળીઓને આહ્વાન

- તમારા જિલ્લાના 5 ગામોમાં રસાયણ મુક્ત ખેતીની સુનિશ્ચિત કરો. સરકારે તાજેતરમાં જ પીએમ-પ્રણામને સ્વીકૃતિ આપી છે, જેમાં વૈકલ્પિક ખાતરોના ઉત્પાદન પર ભાર મૂકવામાં આવશે, જમીન સુરક્ષિત રહેશે, ખર્ચમાં ઘટાડો થશે.
- તમારી ક્ષમતા મુજબ એક, બે કે દસ અમૃત સરોવર બનાવો જેથી ભાવિ પેઢીને પાણી મળી રહે. પાણી સાથે સંકળાયેલું અન્ય એક અભિયાન Per Drop More Crop છે. દરેક ગામમાં સુક્ષ્મ સિંચાઈનું વિસ્તરણ કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે.
- ખાદ્ય તેલમાં આત્મનિર્ભરતા શક્ય છે. જો સહકારી મંડળીઓ મિશન પામ ઓઈલ હાથમાં લેશે તો ખાદ્યતેલમાં આત્મનિર્ભર થઈ જઈશું.
- પગ અને મોંની બીમારીઓના કારણે પશુઓ પર સંકટ છે. રસીકરણ અભિયાનમાં 24 કરોડ પશુઓને રસી આપવામાં આવી છે. રસીકરણ અભિયાન અને પશુઓની શોધખોળ માટે સહકારી મંડળીઓએ આગળ આવવું જોઈએ.

એવા ગામોના નિર્માણ તરફ પણ આગળ વધવું પડશે, જે સહકારિતાના મોડલને અનુસરીને આત્મનિર્ભર બને. સહકારી મંડળીઓને કોર્પોરેટ સેક્ટર જેવું પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવી રહ્યું છે, વર્ષોથી પડતર પ્રશ્નોનો ઝડપથી નિકાલ કરવામાં આવી રહ્યો છે.

### ઈ-કોમર્સ પોર્ટલ પર સહકારી સંસ્થાઓનું માર્કેટિંગ અને તાલીમ

પારદર્શિતા અને સહકારથી સમૃદ્ધિના સંકલ્પને સાકાર કરવા માટે, સહકારી મંડળીઓના ઉત્પાદનોનું માર્કેટિંગ હવે ઈ-કોમર્સ NCUI હાટ પોર્ટલ પર કરવામાં આવશે. ઑનલાઈન પ્રચાર પ્રદાન કરવાની સાથે, આ પોર્ટલ સહકારી મંડળીઓને ઉત્પાદનોની નોંધણી, પ્રમોશન, બ્રાન્ડિંગની તાલીમ આપશે. ડેટા વિશ્લેષણ કરીને વેચાણ વધારવામાં વિનામૂલ્યે મદદ કરશે. એવી જ રીતે, સહકારી ભાઈઓને તાલીમ આપવા માટે, કો-ઓપરેટીવ એક્સટેન્શન એન્ડ એડવાઈઝરી સર્વિસિસ નામનું ઑનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. તે લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ અને કો-ઓપરેટીવ રિસોર્સ સેન્ટર સાથે મળીને બનાવેલું આ પ્રકારનું પ્રથમ ઑનલાઈન પ્લેટફોર્મ છે. સહકારી વ્યવસ્થાપનના વિવિધ પાસાઓનો અભ્યાસ કરવા માટેનું આ પ્રથમ ઑનલાઈન પ્લેટફોર્મ છે જે યુવાનો અને મહિલાઓને શિક્ષિત કરશે અને આજીવિકાની સાથે સાથે સહકારથી સમૃદ્ધિનું સપનું સાકાર કરશે. ●

# ભારતની અવકાશ યાત્રામાં નવો અધ્યાય

# ચંદ્રયાન-3

**ચંદ્રના રહસ્યો જાણવાની દિશામાં પ્રયાસરત ભારતે ચંદ્રની પરિક્રમા કરવા, તેની સપાટીનું વારંવાર નિરીક્ષણ કરવા માટે બે રોબોટિક અવકાશયાન મોકલીને, તેની ક્ષમતા બતાવી અને 2008માં ચંદ્રની સપાટી પર પહોંચનાર ચોથો દેશ બન્યો. ત્યારબાદ 2009માં ચંદ્રયાન-1એ ચંદ્ર પર પાણીની શોધ કરી હતી. ચંદ્રયાન-2 મિશનનું ઓર્બિટર છેલ્લા ચાર વર્ષથી સતત અભ્યાસ કરી રહ્યું છે. હવે 14 જુલાઈના રોજ શ્રીહરિકોટા ખાતેથી ચંદ્રયાન-3ના સફળ ઉડાનથી આપણી અવકાશ સંશોધન યાત્રામાં એક નવો અધ્યાય લખાયો છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક ચંદ્રયાન-3 સોફ્ટ લેન્ડિંગ કરીને વિશ્વના પ્રથમ મિશનનો ઈતિહાસ રચવા માટે તૈયાર છે...**



## ચંદ્રયાન-3: ચંદ્રના રહસ્યોની શોધ

- લોન્ચ 14 જુલાઈ 2023ના રોજ બપોરે 2:35 વાગ્યે થયું.
- 23 ઓગસ્ટ, સાંજે 5.47 વાગ્યે લેન્ડિંગનું લક્ષ્ય.

**ખર્ચ લગભગ 615 કરોડ રૂપિયા**

- ચંદ્રયાન-3 લેન્ડર, એક રોવર અને એક પ્રોપલ્શન મોડ્યૂલથી સજ્જ છે.

**3,900 કિલોગ્રામ વજન છે.**

સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC), SHAR, શ્રીહરિકોટા ખાતે આવેલા બીજા લોન્ચ પેડ પરથી LMV 3 M4 રોકેટ 14 જુલાઈના રોજ બપોરે 2:35 વાગ્યે અવકાશની યાત્રાએ રવાના થયું અને ચંદ્રયાન-3ને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં લોન્ચ કર્યું. ચંદ્રયાન-3એ ચંદ્ર તરફની સફર શરૂ કરી દીધી છે. ભારતીય અવકાશ સંશોધન સંગઠને (ISRO) કહ્યું છે કે, અવકાશયાનની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે. ચંદ્રયાન-3ના લોન્ચિંગ અંગે ભારતના વૈજ્ઞાનિકોના અથાક સમર્પણની પ્રશંસા કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "ચંદ્રયાન-3થી ભારતની અવકાશ યાત્રામાં એક નવો અધ્યાય લખાયો છે. તેણે દરેક ભારતીયના સપનાં અને આકાંક્ષાઓને ઊંચા કરીને ઉડાન ભરી છે. આ નોંધપાત્ર સિદ્ધિ આપણા વૈજ્ઞાનિકોના અથાક સમર્પણનો પુરાવો છે. હું તેની ભાવના અને પ્રતિભાની પ્રશંસા કરું છું." 3,00,000 કિલોમીટરથી વધુનું અંતર કાપીને તે ચંદ્ર પર પહોંચશે. ચંદ્રયાન પરના વૈજ્ઞાનિક સાધનો ચંદ્રની સપાટીનો અભ્યાસ કરશે અને આપણાં જ્ઞાનમાં વધારો કરશે. પ્રધાનમંત્રી

## ચંદ્રયાન-1 અને ચંદ્રયાન-2થી વિશેષ મદદ મળી

- ચંદ્રયાન-1 સુધી, ચંદ્રને સંપૂર્ણપણે શુષ્ક, ભૂસ્તરશાસ્ત્રીય રીતે નિષ્ક્રિય અને નિર્જન અવકાશી પદાર્થ માનવામાં આવતો હતો. હવે, તેને તેની સપાટી પર પાણી અને બરફની હાજરી ધરાવતા એક ગતિશીલ અને ભૌગોલિક રીતે સક્રિય ખગોળીય ખંડ તરીકે જોવામાં આવે છે. ભવિષ્યમાં તેના પર રહેવાની શક્યતા પણ હોઇ શકે છે.
- ચંદ્રયાન-2 સાથે જોડાયેલા ઓર્બિટરના ડેટાએ પ્રથમ વખત રિમોટ સેન્સિંગ દ્વારા ક્રોમિયમ, મેંગેનિઝ અને સોડિયમની હાજરી શોધી કાઢી હતી. ચંદ્રયાન 2ના મુખ્ય વૈજ્ઞાનિક પરિણામોમાં ચંદ્ર સોડિયમ માટેનો પ્રથમ વૈશ્વિક નકશો, ક્રેટર આકાર વિતરણ પર અદ્યતન માહિતી, IIRS સાધન વડે ચંદ્રની સપાટી પર પાણીથી બનેલા બરફની સ્પષ્ટ શોધ અને ઘણું બધું સામેલ છે. આ મિશન લગભગ 50 પ્રકાશનોમાં પ્રકાશિત થયું છે.




## આત્મનિર્ભર ભારતનું આત્મનિર્ભર અવકાશ ક્ષેત્ર

- દેશના પ્રથમ માનવસહિતના અવકાશ મિશન ગગનયાનને વર્ષ 2024માં મોકલવા માટે ભારત તૈયાર છે.
- વિશ્વના 34 વિવિધ દેશોના 424 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા
- ઈસરોએ છેલ્લાં 5 વર્ષમાં 19 દેશોના 177 વિદેશી ઉપગ્રહો વ્યાવસાયિક રીતે લોન્ચ કર્યા છે. આનાથી લગભગ 94 મિલિયન ડૉલરના વિદેશી હૂંડિયામણની કમાણી થઈ.
- ભારત, પ્રથમ પ્રયાસમાં જ મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશનાર પહેલો દેશ બન્યો.
- નીતિઓમાં સુધારો કરવાથી અવકાશ ક્ષેત્રની ઉડાનમાં વિસ્તરણ, ખાનગી કંપનીઓને પરવાનગી, ઉદ્યોગ માટે ઈસરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીની પહોંચ.
- ખાનગી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર- IN-SPACeની સ્થાપના કરવામાં આવી.
- IN-SPACe, ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડના માધ્યમથી ખાનગી કંપનીઓને મદદ.
- IN-SPACe દ્વારા અવકાશ ક્ષેત્રમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન, આ પ્લેટફોર્મ પર લગભગ 120 અવકાશ સ્ટાર્ટઅપ્સ નોંધાયેલા છે.
- ભારતને આત્મનિર્ભર અને અવકાશમાં વૈશ્વિક અગ્રણી બનાવવા માટે ઈન્ડિયન સ્પેસ એસોસિએશન (ISPA)ની પહેલ.
- કેન્દ્રીય મંત્રીમંડળે ભારતીય અવકાશ નીતિ 2023ને મંજૂરી આપી છે, જેમાં ખાનગી કંપનીઓની ભાગીદારીને પ્રોત્સાહન મળશે. સરકારી એકમોની ભૂમિકા અને જવાબદારી નક્કી કરવામાં આવી.
- ભારતના PSLV એ વિકસિત અને વિકાસશીલ બંને દેશોમાંથી 36 ઉપગ્રહો લોન્ચ કર્યા.

મોદીએ કહ્યું હતું કે, “અવકાશ ક્ષેત્રમાં ભારતનો ઈતિહાસ ઘણો સમૃદ્ધ છે. ચંદ્રયાન-1ને વૈશ્વિક ચંદ્ર મિશનમાં એક પથદર્શક માનવામાં આવે છે કારણ કે તેણે ચંદ્ર પર પાણીના અણુઓની હાજરીની પુષ્ટિ કરી હતી. તે વિશ્વભરના 200થી વધુ વૈજ્ઞાનિક પ્રકાશનોમાં પ્રકાશિત થયું હતું.” આ નોંધપાત્ર મિશન આપણા રાષ્ટ્રની આશાઓ અને સપનાંઓને આગળ વધારશે. માત્ર ત્રણ દેશો ચંદ્ર પર સફળતાપૂર્વક ઉતર્યા છે - અમેરિકા, સોવિયત યુનિયન અને ચીન. ચંદ્ર પર ઉતરાણ સાથે જ, ભારત ચંદ્રના સંશોધકોના આ પ્રતિષ્ઠિત સમૂહમાં સામેલ થઈ જશે. ●




ભારતની G20ની અધ્યક્ષતા

# મંત્રીસ્તરની અનેક ભલામણોને અંતિમરૂપ આપવામાં આવ્યું

# સંયુક્ત ઘોષણાઓ પર મહામંથન

*આમ તો, G-20ની અધ્યક્ષતા કરી રહેલા ભારતે તેની પ્રાથમિકતાઓ નક્કી કરી છે. દરેક સમૂહ એ જ દિશામાં આગળ વધ્યો છે. ફાઈનાન્સ ટ્રેક, શેરપા ટ્રેકના કાર્ય સમૂહોએ ચર્ચા કર્યા પછી, વિષયોને મંત્રીસ્તરની બેઠકોમાં મોકલ્યા, જ્યાં તેમના સંબંધિત વિષયો માટેની ભલામણો નક્કી કરવામાં આવી. પરંતુ નવી દિલ્હીમાં શિખર સંમેલનમાં નેતાઓના સંયુક્ત ઘોષણાપત્રમાં કયા-કયા વિષયો હશે હશે અને તેની ભાષા શું હશે, આ અંગેનું મહામંથન કર્ણાટકના હમ્પીમાં યોજાયેલી શેરપાઓની ત્રીજી બેઠકમાં કરવામાં આવ્યું. ઘણી અલગ અલગ બેઠકો યોજવાની બાકી છે, પરંતુ સંયુક્ત ઘોષણાઓને અંતિમ સ્વરૂપ આપવા માટે G-20 શેરપાઓ 3-6 સપ્ટેમ્બરે ફરીથી બેઠક કરશે...*

## શેરપાઓએ સંયુક્ત રીતે કાર્ય શરૂ કર્યું

કર્ણાટકના હમ્પીમાં 13-15 જુલાઈ દરમિયાન G-20 શેરપાઓની ત્રીજી બેઠક થઈ હતી અને તેમાં 120થી વધુ પ્રતિનિધિ સામેલ થયા હતા. ભારતના શેરપા અમિતાભ કાંતની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં, શેરપાઓએ સંયુક્ત રીતે નવી દિલ્હીમાં 9-10 સપ્ટેમ્બરના રોજ યોજાનારા G-20 નેતાઓના શિખર સંમેલન પછી કેવા પ્રકારનો ઘોષણાપત્ર બહાર પાડવામાં આવશે તેના પર સંયુક્ત રીતે કામ કરવાનું શરૂ કર્યું છે. અમિતાભ કાંતે આ બેઠક બાદ કહ્યું હતું કે, અધ્યક્ષ તરીકે ભારત પાસે ઘણા વિકલ્પો છે, પરંતુ અમે હાલમાં વિકાસ અને વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે વધુ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન આપી રહ્યા છીએ. આ બેઠકમાં વિક્રમી ભાગીદારી જોવા મળી હતી. તમામ મુસદ્દાઓનું સહ-નિર્માણ કરવા માટે સકારાત્મક, અસરકારક અને રચનાત્મક ચર્ચાઓમાં ભાગ લીધો.

બેઠકમાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને આત્મસાત કરીને, પરિવર્તનકારી, કાર્યલક્ષી પહેલને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે ચર્ચાને આગળ ધપાવવામાં આવી હતી. નેતાઓના ઘોષણાપત્રની દિશા મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓ પર પ્રગતિ કરવા માટે G-20 દેશોના સામૂહિક સંકલ્પ અને દીર્ઘકાલિન વિકાસને પ્રાથમિકતા આપવાની સાથે જ ગંભીર પડકારોનો સામનો કરવા માટે તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મુસદ્દામાં વિવિધ કાર્ય સમૂહોના પરિણામોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં દીર્ઘકાલિન વિકાસ લક્ષ્યો (SDG), હરિત વિકાસ, બહુપક્ષીય વિકાસ બેંક (MDB) સુધારો, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લૈંગિક સમાનતા સહિત 6 પ્રાથમિકતાઓનો સમાવેશ થાય છે. સાથે જ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણથી પ્રેરિત થઈને, સર્વસમાવેશીતાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, ભારતે G-20માં આફ્રિકન સંઘના સભ્યપદનો પ્રસ્તાવ મૂક્યો હતો. જો 55-રાષ્ટ્રોના આફ્રિકન સંઘનો સમાવેશ થાય છે, તો તે G-20 મંચ પર ઉભરતા દેશો અને ગ્લોબલ સાઉથના અવાજને વધુ વધારશે.



સંસ્કૃતિ કાર્ય સમૂહની ત્રીજી બેઠક

# હમ્પીની બેઠકમાં વારાણસીના મુસદ્દાને અંતિમરૂપ આપ્યું

**કોઈપણ દેશની સંસ્કૃતિ માત્ર તે દેશનો ઈતિહાસ જ નથી જણાવતી પરંતુ લોકોને તેની સાથે જોડે છે. સમાજના વિકાસમાં સંસ્કૃતિનું વિશેષ યોગદાન છે, જે એકતામાં વધારો કરે છે. તે નીતિ ઘડતરમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આ જ કારણ છે કે, ભારત G-20ની અધ્યક્ષતામાં યોજાતી તમામ બેઠકોમાં સંબંધિત રાજ્યની પરંપરા અને સંસ્કૃતિથી પ્રતિનિધિઓને પરિચિત કરાવે છે. આ ક્રમમાં, સંસ્કૃતિ કાર્ય સમૂહની ત્રીજી બેઠક કર્ણાટકમાં વર્લ્ડ હેરિટેજ સ્થળ હમ્પી ખાતે યોજાઈ હતી, જેમાં 26 ઓગસ્ટે વારાણસીમાં યોજાનારી સંસ્કૃતિ મંત્રીઓની બેઠકના મુસદ્દાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું...**

ભારતની G-20ની અધ્યક્ષતા હેઠળ સંસ્કૃતિ કાર્ય સમૂહની ત્રીજી બેઠક 12 જુલાઈના રોજ કર્ણાટકના હમ્પીમાં યોજાઈ હતી અને ખજુરાહો તેમજ ભુવનેશ્વરમાં યોજાયેલી અગાઉની બે બેઠકોની ભલામણોના આધારે G-20 સંસ્કૃતિ મંત્રીઓની બેઠક માટેના મુસદ્દાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ મુસદ્દો સંસ્કૃતિને નીતિ નિર્માણના કેન્દ્રમાં રાખવાનો પ્રયાસ કરે છે. સમૂહે સાંસ્કૃતિક પરંપરા, જીવંત વારસાનું સંવર્ધન, સાંસ્કૃતિક અને સર્જનાત્મક ઉદ્યોગોને પ્રોત્સાહન તેમજ સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનમાં ટેકનોલોજીના ઉપયોગની ચાર પ્રાથમિકતાઓને આગળ વધારી છે. આ પ્રાથમિકતાઓ સમાવેશી અને ટકાઉક્ષમ ભવિષ્યના આપણા દષ્ટિકોણનો આધાર છે.

ભારતની G-20ની અધ્યક્ષતાનો ઉદ્દેશ્ય 'સાંસ્કૃતિક સંપત્તિના સંરક્ષણ અને પુનઃસ્થાપન'ને મજબૂત કરવાનો છે, જે 1970નું યુનેસ્કો સંમેલનમાં હસ્તાક્ષર કરનારા પક્ષોને અન્ય દેશો સંબંધિત એવી કલાકૃતિઓને સ્વેચ્છાએ પરત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે જે વસાહતી લૂંટ અથવા બાદમાં દાણચોરી અને ચોરી કરવામાં આવી હોય. આ સમૂહનો પ્રયાસ છે કે, તમામ G-20 દેશો આ સંમેલનમાં હસ્તાક્ષર કરે જેનાથી ભારતને ફાયદો થશે.

G-20ના પ્રતિનિધિઓએ યોગ, ક્વિન્સ બાથમાં વૃક્ષારોપણ કર્યું હતું તેમજ વિરુપાક્ષ મંદિરની સામે આવેલા યેદુરુ બસવન્ના પરિસર ખાતે એક સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં દક્ષિણ ભારતની ચાર અલગ-અલગ નૃત્ય શૈલીઓ જેમ કે, તમિલનાડુથી ભરતનાટ્યમ, કેરળમાંથી મોહિનીઅટ્ટમ, આંધ્રપ્રદેશથી કુચીપુડી અને ઓડિશાથી ઓડિસી નૃત્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

### લંબાની ભરતકામના સૌથી મોટા પ્રદર્શનનો વિક્રમ નોંધાયો

કર્ણાટકના હમ્પી ખાતે સંસ્કૃતિ કાર્ય સમૂહની ત્રીજી બેઠક દરમિયાન 'સંસ્કૃતિ બધાને એક કરે છે' થીમ હેઠળ 1755 વસ્તુઓ સાથે લંબાની ભરતકામનું અત્યાર સુધીનું સૌથી મોટું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેણે ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. સુંદર કુશલ કલા કેન્દ્ર સાથે સંકળાયેલ 450થી વધુ લંબાની મહિલા કારીગરો અને સાંસ્કૃતિક કલાકારોએ GI-ટેગવાળી સંદુર લંબાની ભરતકામનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી આ વસ્તુઓ રજૂ કરવામાં આવી હતી. લંબાની ભરતકામ એ કાપડ પર સજાવવામાં આવતું એક જીવંત અને જટિલ સ્વરૂપનું ભરતકામ છે જેમાં રંગીન રેસા, આભલા અથવા મિરર વર્ક અને વિવિધ પ્રકારના ટાંકા લઈને તૈયાર કરવામાં આવતી આકૃતિઓની સમૃદ્ધ શ્રેણી દ્વારા દર્શાવવામાં આવે છે. આ વિક્રમની પ્રશંસા કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "એક પ્રશંસનીય પ્રયાસ, જે લંબાની સંસ્કૃતિ, કળા અને હસ્તકળાને લોકપ્રિય બનાવશે તેમજ સાંસ્કૃતિક પહેલોમાં નારીશક્તિની ભાગીદારીને પ્રોત્સાહિત કરશે."

### ઓગસ્ટના પ્રથમ પખવાડિયામાં યોજનારી બેઠકો

- મહિલા સશક્તિકરણ અંગે મંત્રી સ્તરીય બેઠક, 2-4 ઓગસ્ટ, ગાંધીનગર.
- ભ્રષ્ટાચાર વિરોધી કાર્ય સમૂહની બેઠક, 9-11 ઓગસ્ટ, કોલકાતા.
- ભ્રષ્ટાચાર વિરોધી મંત્રીઓની બેઠક, 12 ઓગસ્ટ, કોલકાતા.

# ભવિષ્યમાં સાઈબર ક્રાઈમ વધશે, G-20માં સાઈબર સુરક્ષા અંગે પ્રથમ સંમેલન





**વારસા અને ટેકનોલોજીથી સજ્જ વિકાસને એકસાથે રાખીને આગળ વધી રહેલા ભારતની G-20ની અધ્યક્ષતામાં પ્રથમ વખત, 13-14 જુલાઈના રોજ ગુરુગ્રામમાં સાઈબર સુરક્ષા અંગે એક સંમેલન યોજાયું હતું. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે 'નોન-ફિસિબલ ટોકન્સ (NFT), આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મેટાવર્સના યુગમાં અપરાધ અને સુરક્ષા' વિષય પર આયોજિત સંમેલનમાં સંબોધન આપ્યું હતું, સાત શૈક્ષણિક સંસ્થાઓની સાઈબર વોલિએન્ટર સ્ક્વૉડને લીલી ઝંડી બતાવી હતી...**

ડિજિટલ વિશ્વમાં દુનિયા ઝડપથી જોડાઈ રહી છે. ટેકનોલોજીએ પરંપરાગત ભૌગોલિક, રાજકીય અને આર્થિક સીમાઓ ઓળંગી લીધી છે. ટેકનોલોજી માણસ, સમાજ અને દેશોને નજીક લાવનારો એક સકારાત્મક વિકાસ છે, પરંતુ અસામાજિક તત્વો અને સ્વાર્થી વૈશ્વિક તાકાતો તેનો ઉપયોગ નાગરિકો અને સરકાર બંનેને આર્થિક અને સામાજિક નુકસાન પહોંચાડવા માટે કરી રહી છે. ઈન્ટરપોલના વર્ષ 2022 માટેના 'ગ્લોબલ બુલિશ ટ્રેન્ડ્સ સમરી રિપોર્ટ' અનુસાર રેન્સમવેર, ફિશિંગ, ઑનલાઈન કૌભાંડો, ઑનલાઈન બાળ જાતીય-શોષણ અને હૅકિંગ જેવા સાઈબર ગુનાઓની કેટલીક પ્રવૃત્તિઓ સમગ્ર વિશ્વમાં ગંભીર જોખમની સ્થિતિ ઉભી કરી રહી છે. ભવિષ્યમાં આ સાઈબર ગુનાઓમાં અનેકગણો વધારો થવાની સંભાવના છે. આવી સ્થિતિમાં, ડિજિટલ વિશ્વને સુરક્ષિત બનાવવા માટે વૈશ્વિક સ્તરે એકજૂથ થઈને પગલાં લેવા અને સહકાર માટે યોજવામાં આવેલા સંમેલનમાં, પ્રતિનિધિઓ એ વાત પર સંમત થયા હતા કે, ભારતની G-20ની અધ્યક્ષતાએ NFT, AI અને મેટાવર્સના યુગમાં અપરાધ અને સુરક્ષાના પડકારો પર ચર્ચા કરવા માટે એક મૂલ્યવાન પ્લેટફોર્મ સ્થાપિત કર્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માને છે કે, "સાઈબર સુરક્ષા હવે માત્ર ડિજિટલ વિશ્વ સુધી મર્યાદિત નથી. તે એક રાષ્ટ્રીય સુરક્ષા - વૈશ્વિક સુરક્ષાની બાબત બની ગઈ છે." પ્રધાનમંત્રી મોદીએ "કરુણા" અને "સંવેદનશીલતા" સુનિશ્ચિત કરવા માટે "ઈન્ટરનેટ ઓફ થિંગ્સ"ને "ઈમોસન્સ ઓફ થિંગ્સ" સાથે જોડીને ટેક્નોલોજીના માનવીય પાસા પર ભાર મૂક્યો છે. આનું પરિણામ એ છે કે, ઝડપી ડિજિટલ ડિલિવરી પહેલોએ એક દાયકામાં ભારતને 'ડિજિટલ રાષ્ટ્ર'માં પરિવર્તિત કર્યું છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે સંમેલનમાં જણાવ્યું હતું કે, આતંકવાદ, આતંકવાદીઓને ફાઈનાન્સ, નાર્કો, નાર્કો-ટેરર લિંક્સ અને ખોટી માહિતાના પ્રસાર સહિતના નવા અને ઉભરતા, પરંપરાગત અને બિન-પરંપરાગત પડકારોનો વધુ સારી રીતે સામનો કરવા માટે રાષ્ટ્રો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ક્ષમતાઓને મજબૂત કરવી જરૂરી છે. આતંકવાદીઓ પોતાની ઓળખ છુપાવવા માટે અને કટ્ટરપંથી સામગ્રી ફેલાવવા માટે ડાર્ક નેટનો ઉપયોગ કરી રહ્યા છે. 'ડાયનામાઈટથી મેટાવર્સ' અને 'હવાલાથી ક્રિપ્ટોકરન્સી'નું પરિવર્તન વિશ્વના દેશો માટે ચોક્કસપણે ચિંતાનો વિષય છે. આપણે બધાએ સાથે મળીને એક સામાન્ય વ્યૂહરચના તૈયાર કરવી પડશે. "મજબૂત અને કાર્યક્ષમ ઓપરેશનલ સિસ્ટમ"ની દિશામાં, આપણે એકરૂપતાથી વિચારવું પડશે. આપણું લક્ષ્ય 'સાઈબર ફેલ્યોર વર્લ્ડ' નહીં પરંતુ 'સાઈબર સક્સેસ વર્લ્ડ'નું નિર્માણ કરવાનું છે. કોઈપણ દેશ કે સંસ્થા એકલા હાથે સાઈબર જોખમો સામે લડી શકે નહીં. આના માટે સંયુક્ત મોરચાની જરૂર છે."

# G-20 સંશોધન મંત્રીઓનો સંશોધન અને આવિષ્કાર પ્રણાલીમાં પરિવર્તનનો સંકલ્પ

**21મી સદીની બદલાતી દુનિયા અને ભવિષ્યના પડકારોને પહોંચી વળવામાં સંશોધન અને આવિષ્કારની નવી પ્રણાલીઓ સાર્થક છે. આ જ કારણ છે કે, સંશોધન અને આવિષ્કાર પ્રણાલીને બદલવા માટે શક્ય હોય તેવા તમામ પ્રયાસોને સમર્થન આપવાનું વચન આપતી વખતે, G-20 સંશોધન મંત્રીઓએ 5 જુલાઈના રોજ યોજાયેલી તેમની બેઠકમાં, સંશોધન અને આવિષ્કાર પહેલ મિલન (RIIG)ને G-20માં એક ઔપચારિક સમૂહનો દરજ્જો આપવા માટેની ભલામણ પર સહમતિ વ્યક્ત કરી હતી...**

કેન્દ્રીય સંશોધન અને ટેક્નોલોજી રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્રસિંહની અધ્યક્ષતામાં G-20 સંશોધન મંત્રીઓની બેઠકમાં સંશોધન અને આવિષ્કાર પહેલ મિલન (RIIG)ની બેઠકોમાં નક્કી કરવામાં આવેલા ચાર પ્રાથમિકતા ક્ષેત્રો - ટકાઉક્ષમ ઊર્જા માટે સામગ્રી; વલયાકાર બાયોઈકોનોમી; ઊર્જા સ્રોતોમાં પરિવર્તન માટે પર્યાવરણીય આવિષ્કાર; અને ટકાઉક્ષમ બ્લુ ઈકોનોમી પર ચર્ચા કર્યા પછી પરિણામ દસ્તાવેજ ફાયર અને અધ્યક્ષનો સારાંશ અપનાવવામાં આવ્યો હતો જેના મુખ્ય અંશો વાંચોઃ-

## સંશોધન મંત્રીઓની સહમતિ મુદ્દા

- મંત્રીઓએ ટકાઉક્ષમ બ્લુ ઈકોનોમીના ધ્યેયને હાંસલ કરવા માટે ઉન્નત આંતરરાષ્ટ્રીય સંકલન અને સહકાર દ્વારા વધુ સતત સમુદ્રી અવલોકન, દેખરેખ અને આગાહી પ્રણાલીઓની ક્ષમતા વિકસાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.
- G-20ના સંશોધન મંત્રીઓએ સંશોધન અને આવિષ્કાર પહેલ મિલન (RIIG)ને G-20માં ઔપચારિક સમૂહનો દરજ્જો આપવાની ભલામણ પર સહમતિ વ્યક્ત કરી.
- 2024ના અંત સુધીમાં સમુદ્રી પર્યાવરણ સહિત પ્લાસ્ટિકના પ્રદૂષણને દૂર કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે બંધનકર્તા કાયદો બનાવવાના સંકલ્પને આવકારવામાં આવ્યો.
- સમુદ્રી જૈવિક વિવિધતાના સંરક્ષણ અને ટકાઉક્ષમ ઉપયોગ માટે સમુદ્રી કાયદા પર સંયુક્ત રાષ્ટ્ર કન્વેન્શન અંતર્ગત નવી સમજૂતીઓ અપનાવવા આવી તેને આવકારવાની સાથે જ ઝડપથી લાગુ કરવા માટે પ્રોત્સાહનને સમર્થન.
- કુદરતી જોખમો, આપત્તિઓ અને હવામાનની આત્યંતિક ઘટનાઓ સહિત સામે આવતા સામાજિક અને પર્યાવરણીય પડકારોનો અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે આપણા સંશોધન અને આવિષ્કારની ઈકોસિસ્ટમને બદલવાની દિશામાં કામ કરવાનું ચાલુ રાખીશું. જરૂર જણાય ત્યાં સંયુક્ત પ્રયાસોને સમર્થન આપીશું.
- સંશોધન અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ, વિદ્વાનો, સંશોધકો અને વૈજ્ઞાનિકોની ગતિશીલતાને પ્રોત્સાહિત કરીશું. સર્વસમાવેશી અને દીર્ઘકાલિન વિકાસના પ્રાપ્ત કરવા, વાઈબ્રન્ટ સમાજનું નિર્માણ કરવા માટે આંતર-સંસ્થાકીય સહયોગમાં આવતા અવરોધોને ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવશે.



> ક્વૉન્ટમ ટેક્નોલોજીનો વિકાસ કરવો, ક્વૉન્ટમ કોમ્યુનિકેશન, ક્રિપ્ટોગ્રાફી અને ક્વૉન્ટમ એલ્ગોરિધમ્સની શોધ કરવી એ અમારા G-20 સંશોધન એજન્ડાનું આગળનું લક્ષ્ય છે.
>
> **ડૉ. જિતેન્દ્રસિંહ**
> કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર).

# સ્ટાર્ટઅપ-20 ગુરુગ્રામ શિખર સંમેલન સંપન્ન, બ્રાઝિલને મશાલ સોંપવામાં આવી



**ભારત સમગ્ર વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવતો દેશ બની ગયો છે. દર કલાકે 4 સ્ટાર્ટઅપની નોંધણી થઈ રહી છે. વર્ષ 2016માં 442ની સામે આજે સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધીને એક લાખ થઈ ગઈ છે અને યુનિકોર્નની સંખ્યા વધીને 108 થઈ ગઈ છે. સ્ટાર્ટઅપ્સની આ તાકાજને મજબૂત બનાવવા માટે, G-20ની અધ્યક્ષતામાં ભારત દ્વારા સ્ટાર્ટઅપ-20ની શરૂઆત કરવામાં આવી હતી જેનું શિખર સંમેલન 4 જુલાઈના રોજ ગુરુગ્રામમાં યોજાયું હતું. ભવિષ્ય માટે લક્ષ્ય સાથે સ્ટાર્ટઅપ-20 નીતિ નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. ભારતે 2024માં અધ્યક્ષતા કરી રહેલા બ્રાઝિલને મશાલ સોંપી હતી, કારણ કે સ્ટાર્ટઅપ-20 પહેલને ચાલુ રાખવા માટે તેણે પ્રતિબદ્ધતા બતાવી છે...**

**આવિષ્કાર અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને સહાયતા આપવી એ તમામ રાષ્ટ્રોની સામૂહિક જવાબદારી છે. વૈશ્વિક પડકારને પહોંચી વળવા માટે, વિશ્વના તમામ ભાગોમાં સમાવેશી સહયોગ અને ટકાઉક્ષમ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય પ્રયત્નો કરવા જોઈએ.**

**પીયૂષ ગોયલ**
**કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી**

ભારતે G-20માં પ્રથમ વખત સ્ટાર્ટઅપ-20 પહેલ શરૂ કરી, જેની બેઠકોમાં સભ્ય દેશોએ વૈશ્વિક સ્તરે સ્ટાર્ટઅપના મહત્વ, તેને પોષવા માટે આર્થિક સમર્થનની જરૂરિયાત સહિત ભાવિ રોડમેપ વિશે મોકળાશથી ચર્ચા કરી હતી. આ દરમિયાન, પાંચ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી જેણે સ્ટાર્ટઅપ્સ-20 માટે વૈશ્વિક સ્તરે મંગાવવામાં આવેલા સૂચનોને અંતિમરૂપ આપ્યું હતું. તેમની ભલામણોને સામેલ કરીને સ્ટાર્ટઅપ-20 નીતિ નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. ભારતની G-20ની અધ્યક્ષતામાં શરૂ થયેલી આ પહેલની મુખ્ય સિદ્ધિઓમાં, 2024ની અધ્યક્ષતા દરમિયાન સ્ટાર્ટ-અપ20 પહેલ ચાલુ રાખવા અને વૈશ્વિક સ્ટાર્ટઅપ્સ માટે $ 1 ટ્રિલિયનની સહાયતા પૂરી પાડવા માટે સાઉદી અરબે કરેલી જાહેરાતને માનવામાં આવે છે. પ્રિન્સ ફહદ બિન મન્સૂરે શિખર સંમેલનમાં આની જાહેરાત કરી હતી. આ એક સસ્તી અને અદ્યતન આવિષ્કાર ઈકોસિસ્ટમને પ્રેરિત કરવા અને આર્થિક વિકાસને આગળ વધારવાની સાઉદી અરબની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

સ્ટાર્ટઅપ-20 શિખર સંમેલને આવિષ્કાર, સહયોગ, જ્ઞાનના આદાનપ્રદાન અને વૈશ્વિક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં વ્યૂહાત્મક જોડાણને પ્રોત્સાહન આપવા માટે વ્યૂહાત્મક ગઠબંધનોને પ્રોત્સાહન આપવાના એક મંચ તરીકે સેવા આપી હતી. ભારતના શેરપા અમિતાભ કાંતે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ-20 સમૂહના અથાક પ્રયાસો દ્વારા અંતિમ નીતિ નિવેદન તૈયાર કરવામાં આવ્યું છે, જે આપણા નાગરિકો માટે પરિવર્તનશીલ અને સમૃદ્ધ ભવિષ્ય માટે પાયો તૈયાર કરે છે.

સ્ટાર્ટઅપ-20ના અધ્યક્ષ ડૉ. ચિંતન વૈષ્ણવે સત્તાવાર રીતે બ્રાઝિલને મશાલ સોંપી હતી અને કહ્યું હતું કે, "બ્રાઝિલના અધ્યક્ષપદ સાથે સ્ટાર્ટઅપ-20ની નિરંતરતા સમૂહ માટે સાચી સફળતા સમાન છે."ડૉ. ચિંતને ધ્યાન દોર્યું હતું કે, સ્ટાર્ટઅપ-20 નીતિ નિવેદનમાં સ્ટાર્ટઅપ્સ માટે પરિભાષાનું માળખું તૈયાર કરવા અને અપનાવવા, સમગ્ર G-20માં સ્ટાર્ટઅપ્સ અને ઈકોસિસ્ટમ હિતધારકોને સમર્થન આપવા માટે એક નેટવર્ક સંસ્થાનું નિર્માણ કરવા, સ્ટાર્ટઅપ્સ માટે બજારના નિયમનો સરળ બનાવવા અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં નીચે ઉલ્લેખિત પ્રતિનિધિત્વ વાળા સમુદાયોની સમાવેશીતાને પ્રાથમિકતા આપવાની સાથે જ વૈશ્વિક હિતોવાળા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા સહિત અન્ય અનેક મુદ્દા સામેલ છે. તેને વાંચવા માટે, https://www.g20.org/content/dam/gtwenty/gtwenty_new/document/Startup-20-Communiqu%C3%A9.pdf લિંક પર ક્લિક કરો.

# G-20 નેતાઓને નવું અર્બન-20નું નિવેદન સોંપાયું

**ભવિષ્યની દુનિયાએ આબોહવા પરિવર્તન, ટેક્નોલોજી, પ્રશાસન, સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થા સંબંધિત અનેક પડકારોનો સામનો કરવો પડશે. આવી પરિસ્થિતિમાં, શહેરોને ભવિષ્યના પડકારો અને આગળની કાર્યવાહી તૈયાર કરવા, મુદ્દાઓ પર વૈશ્વિક સમર્થન અને રાષ્ટ્રીય હસ્તક્ષેપ અંગે સાવચેતીપૂર્વક આગળ વધવા માટે તૈયાર કરવા જરૂરી છે, આ અંગે સામૂહિક રીતે 6 પ્રાથમિકતાઓ ભારતની G-20ની અધ્યક્ષતા હેઠળ અર્બન-20માં નક્કી કરવામાં આવી હતી, જેનું નિવેદન 10 જુલાઈના રોજ અમદાવાદમાં અર્બન-20 મેયરોના શિખર સંમેલનના સમાપન પહેલાં G-20 નેતાઓને સોંપવામાં આવ્યું હતું જેથી વૈશ્વિક સમર્થન મળી શકે...**

અર્બન-20 મેયરોનું શિખર સંમેલન અમદાવાદમાં 7 થી 8 જુલાઈ દરમિયાન યોજાયું હતું. અર્બન-20 (U20) મેયરોએ શિખર સંમેલનમાં એક નિવેદનને અંતિમ સ્વરૂપ આપ્યું હતું અને G-20 નેતાઓ તે સોંપ્યું હતું. આ નિવેદનમાં શહેરોને વિશ્વની સમક્ષ રહેલા સૌથી ગંભીર પડકારોને પહોંચી વળવા આગળની કાર્યવાહી કરવા માટે સક્ષમ બનાવવા માટે U20 દ્વારા સામૂહિક રીતે નક્કી કરાયેલી પ્રાથમિકતાવાળી ભલામણોને એક કાર્ય એજન્ડા તરીકે સામેલ કરવામાં આવી છે. વૈશ્વિક સમર્થન અને રાષ્ટ્રીય હસ્તક્ષેપની વિનંતી કરવા માટે આ નિવેદનને G-20 નેતાઓના શિખર સંમેલનમાં રજૂ કરવામાં આવશે.

અર્બન-20 ભલામણોને સૌથી વધારે 105 શહેરોનું અધિકૃત સમર્થન મળ્યું છે. આ નિવેદન અમદાવાદના મેયર દ્વારા કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરી અને ભારતના શેરપા અમિતાભ કાંતને સોંપવામાં આવ્યું હતું. તેને સંપૂર્ણ વાંચવા માટે, https://www.g20.org/content/dam/gtwenty/gtwenty_new/document/Urban_20_Communique.pdf પર ક્લિક કરો. મેયરોના શિખર સંમેલનમાં આવેલા વિશ્વભરના 50થી વધુ શહેરોના મેયરોમાંથી લગભગ 20 મેયરોએ તેમના શહેરોની સારી પહેલો રજૂ કરી હતી.

ટકાઉક્ષમતા, સર્વસમાવેશીતા અને આબોહવા સંબંધિત વિવિધ વૈશ્વિક લક્ષ્યોને હાંસલ કરવા માટે શહેરો કેન્દ્રબિંદુ બનવા જઈ રહ્યા છે. આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરીએ કાર્યક્રમમાં સ્પષ્ટ કર્યું હતું કે, વૈશ્વિક વિકાસના પડકારો સામે પરિવર્તનના વાહક તરીકે ગણાતા શહેરોના માધ્યમથી લડવું પડશે. આવી સ્થિતિમાં, જે છ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે તે ભવિષ્યમાં આપણા સમાજના અસ્તિત્વ માટેનું કેન્દ્રબિંદુ બની રહેશે.

G-20 શેરપા અમિતાભ કાંતે ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્ય માટે શહેરોની ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, હાલમાં દુનિયાનો એક તૃત્યાંશ હિસ્સો ભૌગોલિક રાજકીય મુદ્દાઓ ઉપરાંત મંદી અને આબોહવા પરિવર્તન સંકટની અસરોનો સામનો કરી રહ્યો છે. આવી સ્થિતિમાં, ભવિષ્યના શહેરો માટે પર્યાપ્ત માળખાકીય સુવિધા માટે નાણાકીય જરૂરિયાત અને ઘણા શહેરી મુદ્દાઓના નિરાકરણ માટે વધુ સારા શહેરી આયોજનની જરૂર છે. ●



## અર્બન-20ની 6 પ્રાથમિકતાઓ

01 પર્યાવરણીય રીતે જવાબદાર વ્યવહારને પ્રોત્સાહન આપવું.

02 આબોહવા ફાઈનાન્સને વેગ આપવો.

03 સ્થાનિક સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવું.

04 જળ સુરક્ષા સુનિશ્ચિત કરવી.

05 ડિજિટલ શહેરી ભવિષ્યને પ્રોત્સાહન આપવું.

06 શહેરી આયોજન અને શાસન માટેના માળખાને ફરીથી તૈયાર કરવું.





# ફ્રાન્સમાં જોવા મળી ભારતની

# આન, બાન અને શાન

**ફ્રાન્સની ધરતી પર એક અદભુત નજારો જોવા મળ્યો. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં અતિથિ વિશેષ હતા અને ભારતની ત્રણેય સેનાના સૈનિકોએ અહીં યોજાયેલી બેસ્ટિલ ડે પરેડમાં ભાગ લીધો હતો. આ ક્ષણે દરેક ભારતીયને ગૌરવની અનુભૂતિ કરાવી હતી. સાથે જ, વૈશ્વિક સમુદાયે ફરી એકવાર ભારતની વધતી તાકાત જોઈ હતી. ભારત અને ફ્રાન્સ વચ્ચેની નવી ભાગીદારી વચ્ચે ફ્રાન્સમાં હિન્દુસ્તાનનો 'પાવર શો' જોવા મળ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 13 થી 15 જુલાઈ સુધીના વિદેશ પ્રવાસ દરમિયાન ફ્રાન્સ અને સંયુક્ત આરબ અમીરાત સાથે અનેક મહત્વના કરારો થયા હતા...**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે ભારતની તાકાત ઝડપી ગતિએ વધી રહી છે. આની ઝલક ફ્રાન્સની ધરતી પર ત્યારે જોવા મળી જ્યારે ફ્રાન્સના પ્રધાનમંત્રી એલિઝાબેથ બોર્ને હવાઈમથક પર પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું અને તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. પ્રધાનમંત્રી મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંના આમંત્રણ પર બેસ્ટિલ ડે પરેડમાં અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી. તે ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીની 25મી વર્ષગાંઠની ઉજવણીનું પ્રતીક પણ છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ પેરિસના એલિસી પેલેસમાં આયોજિત એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીને ફ્રાન્સના સર્વોચ્ચ પુરસ્કાર 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ લીજન ઓફ ઓનર'થી સન્માનિત કર્યા હતા.

14 જુલાઈ 2023ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચેમ્પ્સ એલિસીસ પર બેસ્ટિલ ડે પરેડમાં હાજરી આપી હતી. આ અવસરે સૈન્ય બેન્ડના નેતૃત્વમાં સૈન્યની ત્રણેય પાંખોમાંથી 241 સભ્યોની ભારતીય સશસ્ત્ર દળની ટુકડીએ પરેડમાં ભાગ લીધો હતો. ભારતીય સેનાની ટુકડીનું નેતૃત્વ પંજાબ રેજિમેન્ટે રાજપૂતાના રાઈફલ્સ રેજિમેન્ટ સાથે મળીને કર્યું હતું. હાશીમારાના 101 સ્ક્વૉડ્રનમાંથી ભારતીય વાયુસેનાના રાફેલ જેટ પરેડ દરમિયાન ફ્લાય પાસ્ટનો હિસ્સો રહ્યા હતા. 14 જુલાઈના રોજ ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન 1789માં બેસ્ટિલ જેલ પર થયેલા હુમલાની વાર્ષિક તિથિ મનાવવામાં આવે છે, જે ભારતીય અને ફ્રેન્ચ બંનેના બંધારણોની કેન્દ્રીય વિષય 'સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ'ના લોકશાહી મૂલ્યોનું પ્રતીક છે.

પ્રધાનમંત્રી મોદીએ પેરિસમાં ભારતીય સમુદાયના કાર્યક્રમમાં ભાગ લીધો હતો ત્યારે ડિજિટલ વિશ્વ હોવા છતાં પણ ફ્રાન્સમાં રહેતા ભારતીયો દૂર-દૂરથી પ્રધાનમંત્રી મોદીને સાંભળવા અને જોવા માટે સ્થળ પર પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, આપણે ભારતીયો જ્યાં પણ જઈએ છીએ ત્યાં આપણે ચોક્કસપણે મિની ઈન્ડિયા બનાવીએ છીએ.

## ભારત અને ફ્રાન્સ વચ્ચે નવી ભાગીદારી

- ફ્રાન્સમાં UPI (યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ) લોન્ચ કરવા અંગે સમજૂતી કરવામાં આવી.
- બંને દેશોની સ્ટાર્ટ-અપ અને આવિષ્કાર ઈકોસિસ્ટમને જોડવાનો નિર્ણય લેવાયો.
- આબોહવા પરિવર્તન અને પર્યાવરણની સુરક્ષાને ટોચની પ્રાથમિકતા આપવા અંગે સહમતિ સાધવામાં આવી.
- બ્લુ ઈકોનોમી અને ઓશન ગવર્નન્સના રોડમેપ પર ઝડપથી કામ કરવા અંગે સહમતિ સાધવામાં આવી.
- બંને દેશોએ સિંગલ યુઝ પ્લાસ્ટિક વિરુદ્ધ સંયુક્ત પહેલ પર આગળ વધવાનો નિર્ણય લીધો છે.
- ઈન્ડિયન ઓઈલ અને ફ્રાન્સની ટોટલ કંપની વચ્ચે LNGની નિકાસ માટે લાંબા ગાળાના કરાર કરવામાં આવ્યા.
- સંરક્ષણ ક્ષેત્રમાં નવી ટેક્નોલોજી, સબમરીન અને નૌકાદળના જહાજોના ક્ષેત્રમાં સાથે મળીને કામ કરવાનો નિર્ણય લેવાયો.
- અવકાશ એજન્સી સાથે નવા કરારો કરવામાં આવ્યા. આમાં સમુદ્ર અને ધરતીના તાપમાન અને વાતાવરણની દેખરેખ રાખવા માટે તૃષ્ણા ઉપગ્રહ બનાવવાનો સમાવેશ થાય છે.
- ફ્રાન્સના મારસે શહેરમાં એક નવું ભારતીય વાણિજ્ય દૂતાવાસ શરૂ કરવામાં આવશે.
- દિલ્હીમાં નિર્માણ પામનારા નવા રાષ્ટ્રીય સંગ્રહાલયમાં ફ્રાન્સ એક ભાગીદાર તરીકે જોડાશે.
- ભારત અને ફ્રાન્સ આતંકવાદ સામેની લડાઈમાં હંમેશા સાથે રહેશે.
- સરહદપારના આતંકવાદને ખતમ કરવા માટે નક્કર કાર્યવાહી પર સહમતિ.





## પ્રધાનમંત્રીએ ભેટ આપી

- પ્રધાનમંત્રી મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંને ચંદનના લાકડામાં કોતરેલી રોયલ વીણાની કલાકૃતિ ભેટમાં આપી. અઢી ફૂટની આ વીણા તેની કોતરણી અને તેના પર બનેલી વાર્તાઓને કારણે ખૂબ જ ખાસ છે.
- પ્રધાનમંત્રી મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોંના પત્ની બ્રિગિટ મેક્રોંને ચંદનના બોક્સમાં સિલ્કની સાડી ભેટમાં આપી. આ સાડી ભારતના તેલંગાણાના પોચમપલ્લી શહેરની પોચમપલ્લી સિલ્ક ઈકટ સાડી, ભારતની સુંદરતા, કારીગરી અને સંસ્કૃતિના સમૃદ્ધ વારસાને સમાવે છે.

## COP-28ના અધ્યક્ષ સાથે બેઠક

પ્રધાનમંત્રી મોદીએ અબુધાબીમાં COP-28ના ચૂંટાયેલા અધ્યક્ષ અને અબુધાબી નેશનલ ઓઈલ કંપનીના ગ્રુપ CEO ડૉ. સુલતાન અલ જાબેર સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન, આપદા પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઠબંધન, આંતરરાષ્ટ્રીય બરછટ અનાજ વર્ષ અને પર્યાવરણ માટે મિશન જીવનશૈલી, આબોહવા પરિવર્તન અંગે ભારતના પ્રયાસો વિશે માહિતી આપી હતી. ઊર્જા સહયોગ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, આજે દુનિયા નવી વૈશ્વિક વ્યવસ્થા તરફ આગળ વધી રહી છે. ભારતનું સામર્થ્ય અને ભારતની ભૂમિકા ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યાં છે. ભારત હાલમાં G-20નું અધ્યક્ષ છે. પ્રથમ વખત કોઈ દેશની અધ્યક્ષતા હેઠળ આવું થઈ રહ્યું છે, જ્યારે તે દેશના દરેક ખૂણામાં 200થી વધુ બેઠકો થઈ રહી હોય. સમગ્ર G-20 સમૂહ ભારતનું સામર્થ્ય જોઈ રહ્યો છે. આબોહવા પરિવર્તન હોય, વૈશ્વિક પુરવઠા શૃંખલા હોય, આતંકવાદ, કટ્ટરવાદ જેવા પડકારોનો સામનો કરવા માટે ભારતનો અનુભવ વિશ્વને મદદરૂપ સાબિત થઈ રહ્યો છે.

ભારત અને ફ્રાન્સ 21મી સદીના અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. તેથી, આ સમયે ભારત અને ફ્રાન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીનું મહત્વ વધુ વધી ગયું છે. લોકોથી લોકો જોડાય અને બંને દેશો વચ્ચે પરસ્પર વિશ્વાસ સ્થાપિત થાય તે આ ભાગીદારીનો સૌથી મજબૂત આધાર છે. ફ્રાન્સમાં નમસ્તે ફ્રાન્સ ફેસ્ટિવલ યોજવામાં આવે છે જ્યારે ભારતમાં બોનજોર ઈન્ડિયા ફેસ્ટિવલ યોજાય છે. બંને દેશોનો વારસો, ઈતિહાસ, કળા, સંસ્કૃતિ, ફેશન, ફિલ્મો, આ બધુ ભારત-ફ્રાન્સને એકબીજા સાથે જોડે છે. ભારતીય સમુદાયને સંબોધન કરતી વખતે પ્રધાનમંત્રી

## આબોહવા પરિવર્તનના ઉકેલ અંગે સહમતિ

પ્રધાનમંત્રી મોદી અને UAEના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને આબોહવા પરિવર્તન અંગે સંયુક્ત રાષ્ટ્ર ફ્રેમવર્ક કન્વેન્શન અને પેરિસ સમજૂતી હેઠળના મૂળભૂત સિદ્ધાંતો અને જવાબદારીઓ અંતર્ગત આબોહવા પરિવર્તનના વૈશ્વિક પડકારનો ઉકેલ લાવવાની તાત્કાલિક જરૂરિયાત પર સહમતિ વ્યક્ત કરી હતી. UNFCCC કોન્ફરન્સ ઓફ પાર્ટીઝના 28મા સત્રમાંથી નક્કર અને સાર્થક પરિણામ પ્રાપ્ત કરવા સાથે મળીને કામ કરવા અંગે સહમતિ સાધવામાં આવી હતી. બંને રાજનેતાઓએ પેરિસ કરારની જોગવાઈઓ અનુસાર આબોહવા પરિવર્તનની સર્વાધિક પ્રતિકૂળ અસરોને અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે નબળા સમુદાયોને સમર્થન આપવા માટે આંતરરાષ્ટ્રીય સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા

પ્રધાનમંત્રી મોદી અને સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ અને અબુધાબીના શાસક મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી. બંને રાજનેતાઓએ વેપાર અને રોકાણ, ફિનટેક, ઊર્જા, અક્ષય ઊર્જા, આબોહવા સંબંધિત કાર્યવાહી, ઉચ્ચત્તર શિક્ષણ અને લોકો-થી-લોકોના સંબંધો સહિત દ્વિપક્ષીય ભાગીદારીના વિવિધ આયામો પર વ્યાપક ચર્ચા કરી હતી. આ દરમિયાન ઘણા કરારો પર હસ્તાક્ષર પણ થયા હતા. સરહદપાર વ્યવહારો માટે સ્થાનિક ચરણના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ભારતીય રિઝર્વ બેંક અને UAE સેન્ટ્રલ બેંકે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતીય રિઝર્વ બેંક અને UAE સેન્ટ્રલ બેંક વચ્ચે ચુકવણી અને મેસેજિંગ સિસ્ટમને ઈન્ટરલિંક કરવા માટે દ્વિપક્ષીય સહયોગ માટે કરાર કરવામાં આવ્યો હતો. અબુધાબીના શિક્ષણ અને જ્ઞાન વિભાગ તેમજ IIT દિલ્હી વચ્ચે સમજૂતી કરવામાં આવી હતી.



મોદીએ કહ્યું હતું કે, "જ્યારે હું 2015માં ફ્રાન્સ આવ્યો હતો, ત્યારે હું નેવ ચાપેલ ગયો હતો. ત્યારે મેં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન શહીદ થયેલા હજારો ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી. 100 વર્ષ પહેલાં આ ભારતીય સૈનિકો ફ્રાન્સના ગૌરવનું રક્ષણ કરવા માટે પોતાની ફરજ બજાવતી વખતે ફ્રાન્સની ધરતી પર શહીદ થયા હતા. ત્યારે તે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ હતી." 100 વર્ષનું આ ભાવનાત્મક જોડાણ, અન્ય લોકોના ભલા માટે સર્વોચ્ચ બલિદાન આપવાની પરંપરા એક મહાન પ્રેરણા છે. દરેક ભારતીયને આ વાત પર ગૌરવ થશે.


ભારત છેલ્લા 10 વર્ષમાં વિશ્વમાં 10માથી 5મા ક્રમની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. આજે માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને વિશ્વાસ છે કે, ભારતને પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનવામાં વધુ સમય લાગશે નહીં. યુએનના તાજેતરના એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, 10-15 વર્ષમાં જ ભારતે 415 મિલિયન (લગભગ 42 કરોડ) દેશવાસીઓને ગરીબી રેખામાંથી બહાર લાવી દીધા છે. આ સંખ્યા સમગ્ર યુરોપની વસ્તી કરતાં પણ વધુ છે. IMFનો એક અભ્યાસ કહે છે કે, ભારતમાં અત્યંત ગરીબી હવે ખતમ થવાના આરે છે. ભારતમાં આવાં કાર્યો થઈ રહ્યા છે, ત્યારે તેનો ફાયદો માત્ર ભારતને જ નહીં પરંતુ સમગ્ર માનવજાતને પણ થઈ શકે છે.

અંતરિક્ષની જેમ જ એવા ઘણા ક્ષેત્રો છે જેમાં ભારત અને ફ્રાન્સ સાથે મળીને વિશ્વને એક નવી દિશા આપવામાં મદદ કરી રહ્યા છે. બહુ ઓછા લોકો જાણતા હશે કે, ભારત-ફ્રાન્સ સાથે મળીને પુરાતત્વીય મિશન પર ઘણા લાંબા સમયથી કામ કરી રહ્યા છે અને તેનો વિસ્તાર ચંદીગઢથી લદ્દાખ સુધી ફેલાયેલો છે. ભારત-ફ્રાન્સ ભાગીદારીને મજબૂત કરનારું અન્ય એક ક્ષેત્ર ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, જે ઈન્ડસ્ટ્રી 4.0નો મુખ્ય આધારસ્તંભ છે. આજે વિશ્વના 46 ટકા વાસ્તવિક સમયમાં થતા ડિજિટલ વ્યવહારો ભારતમાં થાય છે. પ્રધાનમંત્રી મોદીએ ભારતીય સમુદાયને સંબોધન કરતા કહ્યું હતું કે, તમે આગલી વખતે ભારત આવો ત્યારે તમારા ખિસ્સામાં એકપણ પૈસો લીધા વગર આવજો. ખાલી ખિસ્સું, માત્ર મોબાઈલ ફોન પર UPI એપ ડાઉનલોડ કરી લેજો. જો તમે આખા ભારતમાં ફરી લેશો તો પણ એક પણ પૈસાની રોકડની જરૂર નહીં પડે. પ્રધાનમંત્રી મોદીની મુલાકાત દરમિયાન ફ્રાન્સમાં ભારતના UPIના ઉપયોગ સંબંધિત એક કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં તેની શરૂઆત એફિલ ટાવરથી કરવામાં આવશે. હવે ભારતીય પ્રવાસીઓ પણ મોબાઈલ એપ દ્વારા એફિલ ટાવરમાં ડિજિટલ રૂપિયાની ચુકવણી કરી શકશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રધાનમંત્રી એલિઝાબેથ બોર્ન વચ્ચે યોજાયેલી બેઠકમાં આર્થિક અને વ્યાપારિક, ઊર્જા, પર્યાવરણ, શિક્ષણ, પરિવહન, રેલવે, ડિજિટલ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંગ્રહાલય-વિજ્ઞાન અને લોકો-થી-લોકો વચ્ચે મેળાપ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી મોદીએ પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ સાથે સંયુક્ત રીતે ભારત અને ફ્રાન્સના CEOના એક સમૂહને પણ સંબોધન કર્યું હતું. ●



**Narendra Modi**
@narendramodi

बीते 9 वर्षों से देश में आदिवासी गौरव को सहेजने और समृद्ध करने के लिए निरंतर काम हो रहे हैं। हमारे लिए आदिवासी नायकों का सम्मान करना सौभाग्य की बात है।



**Rajnath Singh**
@rajnathsingh

Blessed to begin the day by paying a visit to the Ramakrishna Mission in Kuala Lumpur. Offered my tributes to 'Global Youth Icon' Swami Vivekananda ji.

This statue, unveiled by Prime Minister Shri @narendramodi in 2015, is a testimony to the rich legacy of Indian heritage and culture in Malaysia.



**Amit Shah**
@AmitShah

No nation can tackle cyber threats in their individual capacities. We need to think beyond conventional geographic borders and build a united front for this threat.
#G20India



**Nitin Gadkari**
@nitin_gadkari

विकसित भारत के विराट संकल्प की ओर राजस्थान में विकास के नये आयाम स्थापित करते हुए आज बीकानेर में 11,125 करोड़ रुपए के लागत वाले और 502 किमी लंबाई के 6-लेन अमृतसर-जामनगर एक्सेस कंट्रोल्ड ग्रीनफील्ड इकोनॉमिक कॉरिडोर के हनुमानगढ़-जालौर खंड का माननीय प्रधानमंत्री श्री @narendramodi जी के करकमलों द्वारा लोकार्पण हुआ।



**Bhupender Yadav**
@byadavbjp

प्रगति भी प्रकृति भी!

Thank you to Hon'ble PM Shri @narendramodi ji and Union Minister Shri @nitin_gadkari ji for the elevated road in Sariska which will facilitate human movement and also ensure animals are not inconvenienced.



**Gajendra Singh S...**
@gssjodhpur

आज़ादी का अमृत महोत्सव की याद में प्रत्येक जिले में हो रहा है अमृत सरोवरों का निर्माण, जिससे जल संरक्षण के साथ ही पेयजल, मछली पालन, कृषि और बागवानी जैसे कार्यों के लिये भी जल की उपलब्धता बढ़ेगी।

# PM का पैरिस में ज़ोरदार स्वागत, गूंजा वंदे मातरम्

## आज फ्रांस के नैशनल डे प्रोग्राम में विशिष्ट अतिथि हैं मोदी



पैरिस में ओरली हवाईअड्डे पर PM मोदी का फ्रांसीसी प्रधानमंत्री एलिजाबेथ बोर्न ने स्वागत किया।

**हम ग्लोबल नॉर्थ साउथ के बीच पुल: मोदी**

## 26 राफेल-M फाइटर जेट की खरीद को मिली मंजूरी

मोदी ने यात्रा के मुख्य अंशों वाला एक वीडियो ट्विटर पर शेयर किया

# वैश्विक भलाई को आगे बढ़ाने के लिए भारत और यूएई मिलकर काम करते रहेंगेः पीएम

*पीएम मोदी ने ट्वीट किया, एक उपयोगी यूएई यात्रा का समापन। हमारे देश, हमारे ग्रह को बेहतर बनाने के उद्देश्य से कई मुद्दों पर एक साथ काम कर रहे हैं।*

**खास बातें**

**अबू धाबी के क्राउन प्रिंस ने पीएम का स्वागत किया**



**यात्रा छोटी लेकिन बहुत महत्वपूर्ण**

**यह यात्रा दोनों देशों के लिए नए रास्ते खोलेगी**

**गगनचुंबी इमारत ने उनकी तस्वीर भी प्रदर्शित**



# अब UAE में भी UPI से लेन-देन

पीएम मोदी ने पूर्वांचल को दी 12 हजार करोड़ की सौगात

# रेल व सड़क यातायात के साथ गंगा स्नान होगा सुगम, 'आयुष्मान' का लाभ भी दिया

**अपने संसदीय क्षेत्र में पीएम ने लाभार्थियों को दी आवास की चाबी**



**शताब्दी वर्ष समापन समारोह** संतों की सदाशयता से ही भारत आज सफल राष्ट्र

# गीता प्रेस एक संस्था नहीं, एक जीवंत आस्था

पंजाब केसरी/गोरखपुर

प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि गीता प्रेस विश्व का एकलौता प्रिंटिंग प्रेस है, जो एक संस्था नहीं है, जीवन आस्था है। गीता प्रेस किसी भी मंदिर से कम नहीं है। इसके नाम में भी गीता है, इसके काम में भी गीता है।



RNI
DELGUJ/2020/78810
1-15 August, 2023

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

RNI Registered No. DELGUJ/2020/78810, Delhi Postal License No. DL(S)-01/3554/2023-25, WPP No. U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 26-30 advance Fortnightly (Publishing Date- 21 July, 2023, Pages-64)

# અમૃતકાળના પંચ પ્રાણ

### વિકસિત ભારતનું લક્ષ્ય

દેશ હવે મોટો સંકલ્પ લઈને જ ચાલશે. એ મોટો સંકલ્પ વિકસિત ભારતનો છે. હવે તેનાથી ઓછું કંઈ ન જોઈએ.

### ગુલામીના દરેક અંશથી મુક્તિ

આપણી આદત અને મનના કોઈપણ ખૂણામાં ગુલામીનો એકપણ અંશ હોય તો તેનાથી હવે મુક્તિ મેળવવાની છે.

### નાગરિકોમાં કર્તવ્યની ભાવના

નાગરિકોમાં કર્તવ્યની ભાવના હોવી જોઈએ, જેથી ભારતના નાગરિક હોવાના સંબંધે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી પણ બાકાત નથી રહેતા.

1 2 3 4 5

75

## 2047નું ભારત

### આપણા વારસાનું ગૌરવ

આ વારસાએ જ ભારતને સ્વર્ણિમકાળ આપ્યો હતો. તેથી જ આ વારસા પ્રત્યે આપણને ગૌરવ હોવું જોઈએ.

### એકતા અને એકજૂથતા

દેશવાસીઓમાં એકતાની ભાવના હોવી જોઈએ, કોઈ આપણું નથી, કોઈ પારકું નથી અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું સપનું હોવું જોઈએ.

"આઝાદીનાં 75 વર્ષ પૂર્ણ થવા પર દેશે પોતાના માટે 'પંચ પ્રાણ'નું વિઝન નક્કી કર્યું છે. આ પંચ પ્રાણમાં વિકાસના મોટા લક્ષ્યોનો સંકલ્પ અને કર્તવ્યોની પ્રેરણા છે. આમાં ગુલામીની માનસિકતાનો ત્યાગ કરવાનું આહ્વાન છે, આપણા વારસા પ્રત્યે ગૌરવની ભાવના છે. આજે ભારતના આદર્શ, પરિમાણ, સંકલ્પ, લક્ષ્ય, પથ અને પ્રતીક આપણાં પોતાનાં છે. આવનારા 25 વર્ષ માટે આપણે તે 'પંચ પ્રાણ' પર આપણી શક્તિ, સંકલ્પ અને સામર્થ્યને કેન્દ્રિત કરવા પડશે. - **નરેન્દ્ર મોદી,** પ્રધાનમંત્રી



**Editor in Chief**
**Rajesh Malhotra,**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai,** Principal Director General, on behalf of **Central Bureau Of Communication**

**Published from:**
Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

**Printed at**
Infinity Advertising services Pvt.Ltd.
FBD-One Corporate Park, 10th floor,
New Delhi-Faridabad border,
NH-1,Faridabad-121003